દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 194 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 August 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧૭ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બંગાળના માજી ડેપ્યુટી સ્પીકરે ફાંસો ખાધો

## મમતાના સાથી અને પાંચ વખતના વિધાનસભ્યનો મૃતદેહ તૃણમૂલની ઑફિસમાંથી મળ્યો

કોલકાત્તાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર અને પાંચ વખત તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના ધારાસભ્ય રહી ચૂકેલા આશિષ બેનરજીનો મૃતદેહ રવિવારે સવારે બીરભૂમ જિલ્લાના રામપુરહાટમાં તેમના નિવાસસ્થાનની બાજુમાં આવેલી ટીએમસીની ઓફિસની અંદર ફાંસીએ લટકેલો મળી આવ્યો હતો. આશિષ બેનરજીને મમતા બેનરજીના નજીકના સાથી માનવામાં આવતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, તેમનો મૃતદેહ ફાંસીએ લટકતો મળી આવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. આશિષ બેનરજી મમતા બેનરજી સરકારમાં ડેપ્યુટી સ્પીકર અને શિક્ષણ અને કૃષિ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા હતા. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં તેમને ભાજપના ધ્રુબા સાહા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. બીરભૂમ પોલીસે જણાવ્યું હતું કે આશિષ બેનરજીનો મૃતદેહ પાર્ટી કાર્યાલયમાંથી મળી આવ્યો હતો. ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને લાશને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધી હતી. ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ પણ મળી આવી હતી. જોકે, સુસાઇડ નોટમાં શું છે તે અંગે શરૂઆતમાં કોઈ માહિતી જાહેર કરવામાં આવી નહોતી. આશિષ બેનરજી તૃણમૂલ કોંગ્રેસના અગ્રણી ચહેરાઓમાંના એક હતા. તેઓ પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાની રામપુરહાટ બેઠક પરથી તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય હતા. તેમણે આ બેઠક પરથી પાંચ વખત ૨૦૦૧, ૨૦૦૬, ૨૦૧૧, ૨૦૧૬ અને ૨૦૨૧માં જીત મેળવી હતી. ઘણા વર્ષો પહેલા મમતા બેનરજી પહેલી વાર સત્તામાં આવ્યા ત્યારથી આશિષ બેનરજી બંગાળના શિક્ષણ અને કૃષિ મંત્રી તરીકે સેવા આપી રહ્યા હતા. આશિષને મમતા બેનરજીના નજીકના સાથી માનવામાં આવતા હતા. તેઓ પાર્ટીના સૌથી જૂના અને અનુભવી નેતાઓમાંના એક હતા. બે દાયકા સુધી તેઓ પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક અગ્રણી વ્યક્તિ હતા. થોડા મહિના પહેલા, તેમણે ટીએમસીની બીરભૂમ જિલ્લા કોર કમિટીના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું, અને કહ્યું હતું કે તેઓ એક સામાન્ય કાર્યકર તરીકે પાર્ટી માટે કામ કરવાનું ચાલુ રાખશે. ■



## ‘રાજકારણમાં આવવું મારી સૌથી મોટી ભૂલ’, સુસાઈડ નોટમાં ખુલાસો

કોલકાતા : પશ્ચિમ બંગાળ વિધાનસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર અને પાંચ વખત ટીએમસીના ધારાસભ્ય રહી ચૂકેલા આશિષ બેનરજીનો મૃતદેહ ફાંસીના ફંદા પર લટકતો મળી આવ્યો હતો. આશિષ બેનરજીના મૃતદેહ રવિવારે સવારે તેમના નિવાસસ્થાન નજીક પાર્ટી કાર્યાલયમાં શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. ૨૦૦૧થી ૨૦૦૬ સુધી રામપુરહાટનું પ્રતિનિધિત્વ કરનારા ૭૫ વર્ષીય બેનરજી તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ધ્રુવ સાહા સામે હારી ગયા હતા.

પોલીસને મૃતદેહ પાસે એક પાનાની સુસાઇડ નોટ મળી આવી હતી. જેનાથી રાજ્યના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

(જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈમાં નૌસૈનિક સહિત પરિવારના ચાર સભ્યની લાશ મળતા ખળભળાટ

મુંબઈઃ મુંબઈના નેવી નગર વિસ્તારમાં એક નૌસૈનિક સહિત પરિવારના ચાર સભ્યોના મૃતદોહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મળતી જાણકારી અનુસાર, એક નૌસૈનિક, તેમના પત્ની અને તેના બે બાળકો (બે મહિના અને ત્રણ વર્ષ) મૃતદેહ મળી આવ્યા હતા, જેના કારણે પોલીસે વિગતવાર તપાસ શરૂ કરી હતી. આ ઘટના હાઈ સિક્યોરિટી ધરાવતા નેવી નગર વિસ્તારમાં બની હતી, જે કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવે છે, જે નૌકાદળ દ્વારા પણ સંચાલિત છે.

પોલીસે જણાવ્યું હતું કે નૌસૈનિક અને તેમના પત્ની અને બે બાળકોના મૃતદેહો મળ્યા છે. પ્રારંભિક તપાસમાં પોલીસને શંકા છે કે નૌસૈનિકે ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી જ્યારે તેના પત્ની અને બે બાળકોનું મોત ઝેર પીધું હોવાના કારણે થયું છે. ચોંકાવનારી વાત એ છે કે બાળકોમાંથી એક માત્ર બે મહિનાનો અને બીજો ત્રણ વર્ષનો હતો.

વધુમાં પોલીસે કહ્યું હતું કે નૌસૈનિકે ફાંસી લગાવીને આત્મહત્યા કરી હોવાની શંકા છે. બંને બાળકોના મૃતદેહ પણ ઘરની અંદરથી મળી આવ્યા હતા. પોલીસને શંકા છે કે બાળકોને ઝેર આપવામાં આવ્યું હોઈ શકે છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ રિપોર્ટ મળ્યા બાદ જાણવા મળશે.

પોલીસે ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને આ કાર્યવાહી પાછળનું સાચું કારણ જાણવા માટે સંપૂર્ણ તપાસ હાથ ધરી છે. નૌકાદળના એક કર્મચારી અને તેના

(જુઓ પાનું ૨) ▶▶

## વારાણસી ઍરપોર્ટ પર મુસાફરની પિસ્તોલમાંથી ગોળી છૂટતા બે ઘાયલ

વારાણસીઃ વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી એરપોર્ટ પર રવિવારે હથિયારની તપાસ દરમિયાન મુંબઇ જઇ રહેલા આઝમગઢના એક મુસાફરની પિસ્તોલમાંથી અચાનક ગોળી છૂટી જતાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનામાં ઍરપોર્ટ પર તહેનાત એએઆઇસીએલ-એએસ સ્ક્રીનર્સ ઘાયલ થયા હતા. બંનેને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વારાણસી ઍરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર આ ઘટના સવારે ૯-૩૦ વાગ્યાની આસપાસ બની હતી. આઝમગઢનો રહેવાસી એક મુસાફર તેની પત્ની સાથે એર ઇન્ડિયાની ફ્લાઇટ દ્વારા મુંબઇ જઇ રહ્યો હતો. સુરક્ષા પ્રક્રિયાના ભાગરૂપે મુસાફરે અગાઉ જ અધિકારીઓને તેની સાથે રહેલી પિસ્તોલ અને મેગેઝિનની જાણ કરી દીધી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર હથિયારની તપાસ દરમિયાન મુસાફરથી અચાનક એક રાઉન્ડ ફાયરિંગ થઇ ગયું હતું. આ ગોળીબારમાં બે એએઆઇસી-એલએએસ સ્ક્રીનર ઘાયલ થયા હતા. બંનેને

(જુઓ પાનું ૨) ▶▶

## યુક્રેનનો રશિયા પર ડ્રોન હુમલો : ૭ મોત

મોસ્કોઃ યુક્રેને યુદ્ધના એક મોટા હવાઈહુમલામાં રશિયા પર સેંકડો ડ્રોનથી આક્રમણ કરતાં છ જણનાં મોત થયાં હતાં.

આ વર્ષે કિવે રશિયા પરના હુમલા તીવ્ર બનાવ્યા છે. રશિયાના લશ્કરી, ઔદ્યોગિક અને ઊર્જાની સુવિધા પર યુક્રેને મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો છે. યુક્રેને વિશાળ વાઈલ્ડબેરી ડેપોને ઉડાવી દેતા રશિયાની ઓનલાઈન કંપનીને અબજો ડૉલરનું નુકાસન થયું હતુ. આને લીધે મોસ્કોએ સાડા ચાર વર્ષ પહેલાં યુક્રેન પર કરેલા આક્રમણ પછી પહેલી વાર રશિયના લોકો ભયભીત થયા છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે શનિવારે રાત્રે અમે યુક્રેનના ૮૨૨ ડ્રોન તોડી પાડ્યાં હતાં. આ ડ્રોન મોસ્કો તરફ જઈ રહ્યાં હતાં. યુક્રેને મોસ્કોમાં એક ખાનગી ઘરમાં હુમલો કરતા ૮૩ વર્ષના એક વૃદ્ધનું મરણ થયું હતું. મોસ્કોએ એ વાતને સમર્થન આપ્યું હતું કે પોદોલસ્કમાં વાઈલ્ડબેરી વેરહાઉસમાં યુક્રેનના હુમલાથી આગ લાગી હતી. ■

## સોનિયા ગાંધી વિરુદ્ધ ભાજપે નોંધાવી ફરિયાદ

મેંગલૂરઃ કર્ણાટકના મેંગલૂરુમાં ભાજપના નેતાઓએ કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી વિરુદ્ધ ઉર્વા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. સ્વતંત્રતા દિવસે નવી દિલ્હીમાં કોંગ્રેસ મુખ્યાલયમાં રાષ્ટ્રીય ગાન ‘‘વંદે માતરમ્’’ ગાતા સમયે સોનિયા ગાંધીના હાવભાવને લગતા વિવાદને પગલે આ ફરિયાદ નોંધાઈ છે.

મેંગલૂરુમાં ભાજપના નેતા વિકાસ પુટ્ટુરે કહ્યું હતું કે, ‘‘ગઈકાલે કોંગ્રેસ પાર્ટીની હરકતો આખા ભારતે જોઈ હતી. કોંગ્રેસ પાર્ટી લાંબા સમયથી ‘વંદે માતરમ’નો વિરોધ કરી રહી છે. ગઈકાલે કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય કાર્યાલયમાં ધ્વજવંદન સમારોહ ચાલી રહ્યો હતો. તે દરમિયાન ‘વંદે માતરમ્’ વગાડવામાં આવ્યું હતું. ત્યારબાદ સોનિયા ગાંધીએ સમારોહને અટકાવ્યો હતો. અમે અને સમગ્ર દેશે જોયું કે તે તેમના પક્ષના કાર્યકરોને વંદે માતરમ્ ગાવાનું બંધ કરવાનું કહી રહ્યા છે અને તેમને નિર્દેશ આપી રહ્યા હતા. વિકાસે વધુમાં કહ્યું હતું કે, ‘‘તેના પર

(જુઓ પાનું ૨) ▶▶

## કોંગ્રેસ માફી માગેઃ અમિત શાહ

જયપુરઃ કોંગ્રેસ પર સ્વતંત્રતા દિવસે ‘વંદે માતરમ્’નું અપમાન કરવાનો આરોપ લગાવતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે માગ કરી હતી કે કોંગ્રેસે આ માટે દેશની જનતા અને ગીતના રચયિતા બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર આત્માની માફી માંગે. કેન્દ્રીય પ્રધાન અમિત શાહે રવિવાર, ૧૬ ઓગસ્ટના રોજ રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક રેલીમાં જણાવ્યું હતું હતું કે ‘‘કોંગ્રેસ વોટ બેન્કની લાલચમાં ‘વંદે માતરમ્’ ભૂલી ગઈ છે. અમિત શાહ ‘અટલ ગૌરવ સ્મૃતિ સમારોહ’ ખાતે એક જાહેર સભાને સંબોધિત રહ્યા હતા.

શનિવારે દિલ્હીના લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણીનો ઉલ્લેખ કરતા

(જુઓ પાનું ૨) ▶▶

## ઠાસરામાં ચિતલાવ-સરદારપુરા વચ્ચેનો બ્રિજ ધરાશાયીઃ જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એક પુલ પડવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલો પુલ બે ટુકડા થાય તે રીતે વચ્ચેથી પડી ગયો હતો. સદનસીબે તે સમયે પુલ પરથી કોઈ પસાર ન થતું હોવાથી જાનહાનિ ટળી હતી.

આ પુલ સરદારપુરાથી ચિતલાવ ગામને જોડતો મહત્ત્વનો બ્રિજ હતો. બન્ને ગામને એકસાથે જોડતો પુલ રવિવારે સવારે ૧૦ વાગ્યા આસપાસ પડી ગયો હતો. આમ થવાથી બન્ને ગામ વચ્ચે સંપર્ક રહ્યો ન હતો. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ બ્રિજ મહી કેનાલમાંથી વધારાના પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી કાંસ પર આવેલો હતો. ઘણા સમયથી કાંસમાં પાણી ભરાતા હોવાથી તેના પાયા નબળા પડી ગયા હોઈ શકે અને તેથી બ્રિજ ધરાશાયી થયો હોવાનુ માનવામાં આવે છે. જોકે બ્રિજ જૂનો હોવાનું પણ જાણવા મળ્યું હતું. બ્રિજનો ભાગ પડી જવાથી અવરજવરની મોટી સમસ્યા સ્થાનિકો, વિદ્યાર્થીઓ માટે સર્જાઈ હોવાનું લોકો જણાવી રહ્યા છે. સ્થાનિકોએ તંત્ર પાસે વહેલી તકે વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા કરવા અને નવો બ્રિજ બનાવવાની માગ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## અમેરિકામાં બે સ્થાને ગોળીબાર : છનાં મોત

વોશિંગ્ટન : અમેરિકામાં એક સાથે ફાયરિંગની બે ઘટનાઓથી ચકચાર મચી ગઈ હતી. વર્જિનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં ગોળીબારમાં એક વિદ્યાર્થી સહિત પાંચ લોકો ઘાયલ થયા છે. બીજી અન્ય એક ઘટનામાં મિશિગનમાં અલગ-અલગ ફાયરિંગમાં એક કિશોર સહિત પાંચ લોકો અને શંકાસ્પદ હુમલાખોરનું મોત થયું હતું.

વર્જિનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં થયેલા ફાયરિંગમાં ઓછામાં ઓછા એક વિદ્યાર્થી સહિત પાંચ લોકો ઘાયલ થયા છે. દરમિયાન, મિશિગનમાં ફાયરિંગની અલગ અલગ ઘટનાઓમાં ૧૬ વર્ષના છોકરા સહિત પાંચ લોકો માર્યા ગયા હતા, જ્યારે પોલીસે શંકાસ્પદ હુમલાખોરને મૃત જાહેર કર્યો હતો. બંને ઘટનાઓની તપાસ ચાલુ છે. વર્જિનિયા સ્ટેટ યુનિવર્સિટીના ક્વાડ એનેક્સ નજીક ગોળીબાર થયો હતો.

કેમ્પસ પોલીસ અને ચેસ્ટરફિલ્ડ કાઉન્ટીના અધિકારીઓને ડોર્મિટરીની બહાર ફાયરિંગથી પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘાયલોને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. યુનિવર્સિટીએ પુષ્ટી કરી હતી કે ઘાયલોમાં એક વિદ્યાર્થી હતો અને તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ન્યૂઝ એજન્સી એપી રિપોર્ટ અનુસાર, પોલીસે આ ઘટના મામલે ૧૯ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. આ ઘટના બાદ યુનિવર્સિટીમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મિશિગનના મિસૌકી કાઉન્ટીમાં ફાયરિંગની અલગ અલગ ઘટનામાં પોલીસને એક ઘરમાંથી ૧૬ વર્ષનો છોકરો, ૪૫ વર્ષનો પુરુષ અને ૪૦ વર્ષીય મહિલાના મૃતદેહ મળ્યા હતા. ૧૩ વર્ષની છોકરી પણ ગંભીર હાલતમાં મળી આવી હતી પરંતુ તેનો જીવ બચ્યો હતો. બાદમાં પોલીસને અન્ય સ્થળેથી ૫૩ વર્ષીય પુરુષનો મૃતદેહ મળ્યો હતો. ■

## મોદીની અનોખી જીવદયા

### લાલ કિલ્લા પર જતાં પહેલાં મોરને દાણા ખવડાવ્યા, ગાયને ચારો આપ્યો હતો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પર પોતાના દિનચર્યાનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેઓ ગાયને ચારો આપતા અને મોરને દાણા ખવડાવતા જોવા મળી રહ્યા છે. પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર એક પોસ્ટમાં વડા પ્રધાને લખ્યું હતું કે ‘‘દરરોજ સવારે મારા મિત્રોને ખવડાવવું એ મારો દિનચર્યાનો ભાગ છે. ગઈકાલે સવારે તેમને કોઈક રીતે ખબર પડી કે હું વહેલો જઈ રહ્યો છું. તેથી તેઓ મને મળવા આવ્યા કારણ કે હું લાલ કિલ્લા તરફ જઈ રહ્યો હતો.’’ વડા પ્રધાન મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા



દિવસે લાલ કિલ્લાના પ્રાચીર પરથી તિરંગો ફરકાવ્યો હતો. આ વીડિયો ૧૫ ઓગસ્ટની સવારનો છે, સ્વતંત્રતા દિવસના ધ્વજવંદન સમારોહ માટે લાલ કિલ્લા તરફ જતા અગાઉનો મોદીનો આ નવો વીડિયો ઇન્સ્ટાગ્રામ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન ૭ લોક કલ્યાણ માર્ગનો છે. વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે કે પીએમ મોદી નિવાસસ્થાનમાંથી બહાર આવે છે કે તરત જ ગાયો અને મોર તેમની પાસે આવે છે. પછી વડા પ્રધાન પોતાના

(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલમાં ભારે વરસાદઃ ૧૧૮ રસ્તા બંધ થયા

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં મુશળધાર વરસાદને લીધે રાજ્યના ૧૧૮ રસ્તા બંધ થઈ ગયા છે. હવામાન ખાતાએ ચિંતા વધારનારી આગાહી કરી છે. હવામાન ખાતાએ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ખાતના જણાવ્યા પ્રમાણે સોમવારે અને મંગળવરે પાંચ જિલ્લામાં છૂટાછવાયા સ્થળો પર ભારેથી અતિ ભારે વરસાદ પડશે. કાંગરા જિલ્લામાં શનિવાર સાંજથી મધ્યમથી ભારે વરસાદ પડી રહ્યો છે. ધરમશાળામાં ૯૨.૨ મિલીમીટર, પાલમપુરમાં પંચાવન મિલીમીટર અને કાંગરામાં ૩૪.૬ મિલીમીટર વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન્સ સેન્ટરના જણાવ્યા અનુસાર મંડીમાં ૪૮, કુલુમાં ૩૨, ચંબામાં ૧૧, શિરમૌરમાં આઠ,

(જુઓ પાનું ૨) ▶▶

## કપડવંજ જીઆઈડીસી ફાટક પર મોટા ખાડા, વાહનચાલકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રસ્તાઓ પરના ખાડા લગભગ દરેક ગામ અને શહેરની સમસ્યા છે. વાહનચાલકો માટે ખાડા માત્ર અસુવિધાજનક જ નહીં પણ જીવલેણ પણ સાબિત થયા છે. આવી જ સ્થિતિ કપડવંજની પણ હોવાની ફરિયાદો થઈ રહી છે. ખાસ કરીને અહીંના રેલવે ફાટક આસપાસ મોટા ખાડા જોવા મળી રહ્યા છે. મહત્ત્વની વાત તો એ છે કે રેલવે ફાટક આસપાસના સમારકામ માટે બે દિવસ વાહનવ્યવહાર બંધ રાખવામાં આવ્યો હતો, પરંતુ બે દિવસ બાદ ફરી વાહન વ્યવહાર શરૂ થયો ત્યારે ખાડાનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. તંત્રની કામગીરીથી લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી અને ખાડા પૂરવાની માગણી કરવામાં આવી હતી.

શહેરમાં ૭ અને ૮મી ઑગસ્ટના રોજ કપડવંજ-મોડાસા રોડ પર રેલવે ફાટક નંબર ૫૭ના સમારકામને લીધે વાહનવ્યવહાર બંધ રાખવામાં આવ્યો હતો.

બે દિવસ તો લોકોએ હાલાકી ભોગવી, પરંતુ હજુ પણ ખાડાને લીધે મુશ્કેલીઓ આવી રહી છે. ઠેર ઠેર ખાડાને કારણે વાહન ચલાવવું અઘરું બની ગયું છે અને જોખમી પણ સાબિત થઈ શકે છે.

વરસાદી માહોલમાં સ્થિતિ વધારે વણસે છે. આથી હવે આ રસ્તાનું સમારકામ થાય તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે. ■

પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ




## રાજસ્થાનમાં બસની બ્રેક ફેઈલ થતા ચાર લોકોને કચડ્યા

ઝાલાવાડ : રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લાના સારોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પાટલા પીર દરગાહ પાસે એક ભયાનક રોડ અકસ્માત થયો છે. દરગાહ આવેલા લોકોને એક ખાનગી બસે ટક્કર મારી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બસની બ્રેક અચાનક ફેઈલ થઈ હતી ત્યારબાદ તે બેકાબૂ થઈ ગઈ હતી અને રસ્તા કિનારે ઉભેલા લોકોને ટક્કર મારી હતી જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં જ્યારે નવ લોકોને ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં અફરાતફરી મચી ગઈ હતી. નજીકમાં હાજર ગ્રામજનો અને પોલીસ અધિકારીઓએ ઘાયલોને

(જુઓ પાનું ૨) ▶▶

## હંગેરીમાં બસ અકસ્માતઃ ૧૨નાં મોત, ૧૦ ઘાયલ

બુદાપેસ્ટઃ હંગેરીમાં એક પેસેનજર બસ રોડ પરથી સરકીને ખાડામાં પડતાં ઊંધી વળી હતી. આ અકસ્માતમાં બાર જણ મરણ પામ્યાં હતાં અને બીજા ૧૦ને ઈજા પહોંચી હતી. આ બસમાં પોલૅન્ડના સહેલાણીઓ હતા.

બસ રાતના એક વાગ્યે હંગેરીની રાજધાનીથી ૧૪૦ કિલોમીટર દૂર મેઝોકેરેસઝત્સર નગર નજીક ઊંધી વળી હતી. પોલીસે એક નિવેદનમાં કહ્યું હતું કે ડ્રાઈવરને ઝોકું આવતા આ અકસ્માત થયો હતો. ડ્રાઈવરની ધરપકડ કરાઈ છે.

હંગેરીના નેશનલ ડિરેક્ટરેટ ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટે કહ્યું હતું કે બસમાં ૫૭ પેસેન્જર અને બે ડ્રાઈવર હતા. અનેક ઉતારુઓ ઊંધા વળેલા વાહન વચ્ચે સપડાઈ ગયા હતા. (એજન્સી)■

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘વંદે માતરમ્’ પર જોર પણ સંસ્કૃત ભાષા પર કેમ નહીં?

આખા દેશે પૂરા જોશ અને પરંપરા સાથે એંસીમા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી નાખી. સ્વાતંત્ર્ય દિને આપણા વડા પ્રધાન લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરે એ પરંપરા જળવાઈ ને દેશભરમાં લોકોએ પણ ઉત્સાહથી ઉજવણી કરી. આ વખતની ઉજવણીમાં એક નવી વાત ‘વંદે માતરમ્’નું આખું ગાન છે. લાલ કિલ્લા ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો પ્રારંભ જ ‘વંદે માતરમ્’ના ગાન સાથે થયો. અત્યાર લગી દેશમાં ‘વંદે માતરમ્’ના શરૂઆતના બે અંતરા ગવાતા હતા. તેના બદલે આખું ‘વંદે માતરમ્’ ગવાયું અને આઝાદી દિનની ઉજવણીમાં એક નવી ગૌરવપૂર્ણ પરંપરા શરૂ થઈ.

બંકિમચંદ્ર ચેટરજીએ ૧૮૭૦ના દાયકામાં રચેલું ‘વંદે માતરમ્’ સંસ્કૃત અને સંસ્કૃતમય બંગાળી ભાષામાં રચાયેલું છે. ૧૮૮૨માં બંકિમચંદ્રની અમર બંગાળી નવલકથા ‘આનંદમઠ’માં પ્રકાશિત કરાયેલા ગીતના પહેલા બે અંતરા સંપૂર્ણપણે સંસ્કૃતમાં છે. એ પછી ક્યાંક ક્યાંક બંગાળી શબ્દો છે પણ ગીતનું વ્યાકરણ સંસ્કૃતમાં છે તેથી ગીત સંસ્કૃત ભાષાનું જ છે. અંગ્રેજો સામેની લડતમાં ‘વંદે માતરમ્’નું યોગદાન બહુ મોટું છે. માતૃભૂમિને માતા ગણાવતું આ ગીત ભારતીયતામાં તરબોળ કરી દેનારું છે.

‘વંદે માતરમ્’ ભારતની આઝાદીની લડતનું એક ગૌરવશાળી પ્રકરણ છે તેથી આ ગીત આખું ગાવું જ જોઈએ પણ સવાલ એ છે કે, આપણે જે ગાઈ રહ્યા છીએ તેનો અર્થ શો થાય છે તેની કેટલાં લોકોને ખબર પડતી હશે ? સામાન્ય લોકોની વાત છોડો પણ આપણી સરકારમાં બેઠેલા લોકોમાંથી પણ કેટલાંને ‘વંદે માતરમ્’ આખા ગીતનો અર્થ ખબર હશે ? મોદી સરકારમાં તો કદાચ બે-ચાર વિદ્વાન લોકો નીકળી પણ આવે પણ ગુજરાત સરકારમાં તો ‘વંદે માતરમ’નો શબ્દશઃ અનુવાદ કરી બતાવે ને લોકોને સમજાવી શકે એવો કોઈ વિરલો દેખાતો નથી.

આપણી સંસદમાં આખું ‘વંદે માતરમ્’ ગીત ગવાયું પણ ત્યાં પણ આ જ હાલત છે. આખી સંસદમાંથી માંડ ૫ ટકા સાંસદ એવા હશે કે જેમને ‘વંદે માતરમ્’ નો અર્થ ખબર હશે, બાકીના ૯૫ ટકા તો હઈસો હઈસોમાં જોડાઈ ગયેલા જ છે. મોટા ભાગના સાંસદોને તો વરસોથી ગવાતા બે અંતરા ગાતાં પણ જીભે ગોટા વળી જાય છે ત્યારે આખું ગીત ગાય એવી આશા તો રખાય જ નહીં. ‘વંદે માતરમ્’ ગવાતું હતું ત્યારે ખાલી ખાલી હોઠ ફફડાવીને દેખાડો કરી લીધો પણ અલગ-અલગ બોલાવીને ગવડાવો તો ભાજપના ૨૪૦ સાંસદોમાંથી જ માંડ પાંચ-દસ એવા નીકળે કે જે આખું ‘વંદે માતરમ્’ ગાઈ શકે.

આ વાત કોઈને નીચા દેખાડવા માટે નથી કરી પણ ભારતમાં શું વાસ્તવિકતા છે તેનો અહેસાસ કરાવવા કરી છે. ભારતમાં ૯૯ ટકા લોકોને આખું ‘વંદે માતરમ્’ નથી આવડતું કે આખા ગીતનો અર્થ ખબર નથી તેમાં તેમનો વાંક નથી. આ દેશમાં શિક્ષણની વ્યવસ્થા છે તેમાં ‘વંદે માતરમ્’ની મૂળ ભાષા સંસ્કૃતને કોઈ સ્થાન જ નથી તેથી લોકોને ક્યાંથી ’વંદે માતરમ’ આવડે કે તેનો અર્થ ખબર હોય ?

સંસ્કૃત હિંદુઓની ભાષા ગણાય છે. કૉંગ્રેસ પર તો હિંદુ વિરોધી હોવાનું લેબલ લાગેલુ છે તેથી કૉંગ્રેસ તો સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપે એવી આશા ના જ રખાય પણ હિંદુવાદી ભાજપે પણ સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપ્યું છે ખરું? બિલકુલ નથી આપ્યું. શિક્ષણ રાજ્ય સરકારનો વિષય છે તેથી ભાજપ શાસિત રાજ્યોમાં તો સંસ્કૃતનું શિક્ષણ ફરજિયાત કરી જ શકાય પણ ગુજરાત સહિતનાં ભાજપ શાસિત રાજ્યોમાં સંસ્કૃત ફરજિયાત નથી તેના પરથી જ ભાજપ માટે હિંદુત્વની મૂળભૂત બાબતો કેટલી મહત્ત્વની છે તેની ખબર પડી જાય.

આદિત્યનાથ હિંદુત્વના ઝંડાધારી છે પણ ઉત્તર પ્રદેશમાં પણ સંસ્કૃતનું શિક્ષણ ફરજિયાત નથી. બીજાં બધાંની વાત છોડો પણ મોદી સરકારે નવી શિક્ષણ નીતિ બનાવી તેમાં પણ સંસ્કૃત તો ક્યાંય છે જ નહીં. ભાજપ સરકારે હિંદી થોપવા માટે છેક પૂંછડા લગીનું જોર લગાવી દીધું પણ સંસ્કૃતનું શિક્ષણ ફરજિયાત કરવાની તો કોઈ વાત જ નથી.

ભાજપને ‘વંદે માતરમ્’ પર હેત ઉભરાય છે કેમ કે મુસ્લિમોનો એક મૂરખ વર્ગ ‘વંદે માતરમ્’નો વિરોધ કરે છે. ‘વંદે માતરમ્’નું ગાન ઈસ્લામ વિરોધી હોવાનો બકવાસ કરનારા બડફાઓના કારણે ભાજપને ‘વંદે માતરમ્’નો ઉપયોગ મુસ્લિમ વિરોધી પ્રચાર કરવાની તક મળે છે. જાવેદ અખ્તર જેવા કેટલાક શાણા મુસ્લિમો કહી કહીને થાકી ગયા કે, ‘વંદે માતરમ્’માં કશું ઈસ્લામ વિરોધી નથી પણ મુસલમાનોમાં પણ ધર્મના નામે લોકોને ગેરમાર્ગે દોરીને પોતાની દુકાન ચલાવનારા નમૂના છે જ તેથી એ લોકો ‘વંદે માતરમ્’ ઈસ્લામ વિરોધી હોવાનું હંકે રાખ્યે છે તેથી ભાજપ ‘વંદે માતરમ્’ મુદ્દે મુસ્લિમોને ધોયા કરે છે.

ભાજપના મુસ્લિમોના વિરોધ પર કેન્દ્રિત હિંદુત્વના ચાહકો ઝૂમી ઊઠે છે તેથી ભાજપ ‘વંદે માતરમ્’ના પ્રચારમાં અતિ ઉત્સાહ બતાવે છે પણ એટલો જ ઉત્સાહ ‘વંદે માતરમ્’ની મૂળ ભાષા સંસ્કૃતને જીવંત કરવા માટે નથી બતાવતો. ગુજરાતમાં તો છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે પણ રાજ્યમાં સંસ્કૃત ભાષાનું શિક્ષણ ફરજિયાત નથી.

ભાજપ તો રાજકીય પક્ષ છે તેથી રાજકીય ફાયદા વિશે જ વિચારે પણ હિંદુઓને પોતાને પણ પોતાનાં મૂળિયાંને જાળવવામાં રસ નથી. સંસ્કૃત પહેલાં પણ સામાન્ય લોકોની બોલચાલની ભાષા નહોતી તેથી લોકો સંસ્કૃતમાં વાતચીત કરે એવી અપેક્ષા નથી પણ દેશમાં દરેક વ્યક્તિ સંસ્કૃત સમજી શકે એટલું જ્ઞાન તો હોવું જ જોઈએ. ખાસ કરીને હિંદુઓને તો આ જ્ઞાન હોવું જ જોઈએ કેમ કે હિંદુ સંસ્કૃતિનાં તમામ પુસ્તકો સંસ્કૃતમાં છે. આયુર્વેદ અને યોગ સહિતનું આજના સમયમાં અત્યંત ઉપયોગી જ્ઞાન પણ સંસ્કૃતમાં છે ને દુનિયાની કોઈ ભાષામાં ના લખાયું હોય એવું મહાનતમ સાહિત્ય પણ સંસ્કૃતમાં છે. સંસ્કૃતનો ખજાનો કદી ખૂટે નહીં એટલો વિશાળ છે પણ હિંદુઓને તેની જ પડી નથી.

દુનિયાનું એક સનાતન સત્ય એ છે કે, જે પ્રજા પોતાનાં મૂળિયાં જે ભાષામાં હોય તેને તરછોડી દે એટલે પોતાની મૂળ ઓળખ ગુમાવી બેસે છે. ધર્મ, સંસ્કૃતિ, પરંપરાઓ સહિતની બાબતો પર પણ બની બેઠેલા ઠેકેદારોના આશ્રિત થઈ જાય છે. એ લોકો મનફાવતું અર્થઘટન કરે તેને ઘેટાંના ટોળાની જેમ અનુસરવું પડે. મુસ્લિમોમાં એવું થયું જ છે. પવિત્ર કુરાને શરીફ સહિતનાં મુસ્લિમોનાં ધાર્મિક પુસ્તકો અરબીમાં છે. ભારત સહિતના કરોડોની મુસ્લિમ વસતી ધરાવતા દેશોમાં સામાન્ય લોકોને અરબી આવડતી જ નથી તેથી મુલ્લા-મૌલવીઓ જે અર્થઘટન કરે તેને માનવું પડે. તેના કારણે મુસ્લિમ સ્ત્રીઓને સાવ નીચલી પાયરીએ ઉતારી દેતાં ઘણાં દૂષણો મુસ્લિમ સમાજમાં ઘૂસી ગયાં. પયગંબર સાહેબે કહ્યું કે કર્યું નહોતું કે કુરાનમાં લખાયું નથી એવાં ઘણાં તૂત ઈસ્લામમાં ઘૂસી ગયાં. હિંદુઓ સંસ્કૃતને નહીં જાણે તો તેમની હાલત પણ આવી જ થશે ને અત્યારે તેની શરૂઆત થઈ જ ગઈ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૧૭-૮-૨૦૨૬, નાગપંચમી, શિવપૂજન, શિવમુષ્ટિ (ચોખા)**

- ભારતીય દિનાંક ૨૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૫
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૮ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૬-૧૮ સુધી, પછી તુલામાં,
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : -દ્વ
- ભરતી : બપોરે ક. ૧૪-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૫ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૮-૩૭, રાત્રે ક. ૨૧-૧૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – પંચમી. નાગપંચમી, શિવપૂજન, શિવમુષ્ટિ (ચોખા), રક્ષા પંચમી (ઓરિસ્સા), જાગૃત ગૌરી પંચમી (ઓરિસ્સા), માનસપૂજા સમાપ્ત. સૂર્ય મઘામાં સવારે ક. ૦૭-૫૭. વાહન મોર (સંયોગિયું નથી). નિરયન સૂર્ય સિંહ રાશિમાં ૦૭-૫૭, મું. ૩૦. સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ-સૂર્યોદયથી સવારે ક. ૦૭-૫૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- શ્રાવણ મહિમાઃ શ્રાવણ મહિનામાં દરરોજ અથવા ખાસ કરીને દર સોમવારે શિવલિંગ પર વિશિષ્ટ અનાજ ચઢાવવીની શ્રદ્ધાવાનોમાં પરંપરા છે. જેને “શિવા મૂઠ” અથવા શિવમુષ્ટિ કહેવામાં આવે છે. આજ રોજ ચોખાનો અભિષેક કરવાથી મનને શાંતિ મળે છે. કુંડળીમાં ચંદ્રના દોષો દૂર થાય છે અને ધનધાન્યની વૃદ્ધિ થાય છે. આજ રોજ નાગપૂજાનો મહિમા છે. ભગવાન શિવજીએ નાગદેવતાને આભૂષણરૂપે ગળે વિંટાળેલ છે. જીવ અને શિવના સાયુજ્યનું ઉત્તમ ઉદાહરણ છે. શિવપરિવારમાં અન્ય જીવો પણ સામેલ છે. આજના નાગપંચમીના પવિત્ર પર્વનો જીવસૃષ્ટિની રક્ષાનો સંદેશ પણ જણાય છે.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, પરગામ પ્રયાણ મધ્યમ, ચોખાના અભિષેકથી શિવપૂજાનો મહિમા, નાગદેવતાના પૂજનનો મહિમા, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થમાં સ્નાન, દાન, જપ તપ, તર્પણ, શ્રાદ્ધનો મહિમા, શ્રી વિષ્ણુ-સૂર્ય-પિતૃ તર્પણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, નવાં વસ્રો, આભૂષણ, ચંત્રારંભ, માલ લેવો, દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ભરવું. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ મંગળ-નેપ્ચ્યૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા, બુધ-શનિ ત્રિકોણ ગંભીર સ્વભાવ
- ખગોળ જ્યોતિષઃ મંગળ-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, બુધ-શનિ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક/સિંહ મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.■

# ઈન્દોરમાંથી ₹ ૪.૭૨ કરોડનું સોનું પકડાયું

ઈન્દોરઃ ડિરેક્ટરેટ ઑફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ ૪.૭૨ કરોડ રૂપિયાનું વિદેશથી દાણચોરી કરીને લવાયેલું સોનું ધરાવતા ત્રણ ઈસમની ધરપકડ કરી હતી. જોકે એ પહેલાં ઈન્દોરમાં દાણચોરો અને અધિકારીઓ વચ્ચે હિંસક અથડામણ થતા બે અધિકારીઓ ઘાયલ થયા હતા. ડીઆરઆઈના અધિકારીઓએ મળેલી ખાસ બાતમીના આધારે કાર્યવાહી કરતા મહારાષ્ટ્રના અકોલામાંથી કારમાં આવેલા બે ઈસમને આંતરી લીધા હતા. આ દાણચોરો ઈંદોરમાં સોનાની ડિલિવરી આપવા માગતા હતા. ડીઆરઆઈના અધિકારીઓએ તેમને અટકાવતા દાણચોરોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દાણચોરોએ અધિકારીઓ ઉપરથી ગાડી ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. એમાંના એકે મોટો પથ્થર લઈને અધિકારીને માર્યો હતો. ઘાયલ અધિકારીઓને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ટીમને વાહનમાંથી ત્રણ કિલોનું વિદેશી સોનું મળ્યું હતું. (એજન્સી)■

# વાજપેયીને પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અપાઇ

નવી દિલ્હીઃ દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની આઠમી પુણ્યતિથિ નિમિત્તે દેશવાસીઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દિલ્હીમાં તેમના સમાધિ સ્થળ ’સદૈવ અટલ’ ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને વડા પ્રધાન મોદીએ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

વડા પ્રધાન મોદીએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું કે અટલજીને તેમની પુણ્યતિથિ નિમિત્તે યાદ કરી રહ્યો છું. તેમણે ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને યાદ કરતાં જણાવ્યું કે અદ્ભત દૂરદર્શીપણું ધરાવતા એક અસાધારણ રાજનેતા તરીકે તેમણે પોતાનું જીવન રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું. તેમના વિચારો અને પ્રયત્નોએ ઘણી પેઢીઓને પ્રેરણા પૂરી પાડી છે. તેમના નેતૃત્વએ આપણા રાષ્ટ્રને મજબૂન બનાવ્યું છે. સુશાસન અને જન-કલ્યાણ પર તેમનો ભાર હંમેશા આપણને માર્ગદર્શન આપતા રહેશે.

દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ નિમિત્તે તેમના સ્મારક સદૈવ અટલ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને પણ વાજપેયીને તેમની પુણ્યતિથિ નિમિત્તે તેમના સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ■

# ઈરાન અને ઓમાન હોર્મુઝ ખાડીના શિપિંગ રૂટ મેપ મુદ્દે સંમત થયા

નવી દિલ્હીઃ હોર્મુઝ સામુદ્રધુની માટે શિપિંગ રૂટ મેપને લઇને ઈરાન અને ઓમાન વચ્ચે છેલ્લા કેટલાક અઠવાડિયાની ટેક્નિકલ વાટાઘાટો બાદ આખરે બંને વચ્ચે સંમતિ સધાઇ છે. જો કે હજુ આ કરારને અંતિમ સ્વરૂપ આપવાનું બાકી છે. આ જાણકારી ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાઘાઈએ આપી હતી.

ઇસ્માઇલ બાઘાઇના જણાવ્યા અનુસાર અમેરિકાની ખલેલ છતાં છેલ્લા ત્રણ અઠવાડિયામાં વાટાઘાટોમાં સકારાત્મક પ્રગતિ થઇ છે. બંને પક્ષો હવે બાકીના મુદ્દાઓ પર ચર્ચા કરી રહ્યા છે, જેમાં તેહરાન અને મસ્કત દ્વારા જાહેર કરાયેલ સંયુક્ત નિવેદનનો પણ સમાવેશ થાય છે. બાઘાઇએ કહ્યું કે અમેરિકાની ખલેલ છતાં છેલ્લા ત્રણ અઠવાડિયામાં વાટાઘાટોમાં સરકારાત્મક પ્રગતિ થઇ છે અને શિપિંગ રૂટ મેપ પર સંમતિ સધાઇ છે.

બાઘાઇએ ભારપૂર્વક જણાવ્યું કે આ વ્યવસ્થા બંને દેશો વચ્ચેનો એક સ્વતંત્ર કરાર છે. જેનો ઉદ્દેશ્ય તેમના સાર્વભૌમત્વને જાળવી રાખીને સામુદ્રધુનીમાંથી સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી વાટાઘાટો ચાલુ રહેશે. બંને દેશો વચ્ચે રૂટ મેપ મુદ્દે થયેલા કરાર વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સામુદ્રધુની દ્વારા ટ્રાફિકને નિયંત્રિત કરવા માટેના વ્યાપક કરારનો એક ભાગ છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકાનો પ્રદેશ જાહેર કરી શકે છે. વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ આ જળ માર્ગને લઇને તેમણે તેમના નિવેદનો વધુ તીવ્ર બનાવી દીધા છે. ■

# મુંબઈના સીએસએમટીનું પાણી પીવા માટે અયોગ્ય

નવી દિલ્હીઃ કન્ટ્રોલર ઍન્ડ ઑડિટર (કૅગ)ના અહેવાલ મુજબ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સહિત મહારાષ્ટ્રના ભીવંડી રોડ, કલ્યાણ, લોનાવાલા રેલવે સ્ટેશનના પાણીના કુલરમાં ઈ કોલાઈ બેક્ટેરિયા મોટા પ્રમાણમાં હોવાથી તેઓનું પાણી પીવાલાયક નથી. કૅગે વધુમાં કહ્યું હતું કે રેલવે વૉશરૂમ પણ અસ્વચ્છ માલૂમ પડ્યા હતા.

કૅગે બધા ઝોનના ૫૧૨ નોન સબરબન ગ્રેડના સ્ટેશનની પેસન્જર સેવાની ચકાસણી કરી હતી. કૅગે કહ્યું હતું કે સેન્ટ્રલ રેલવેના ચાર સ્ટેશન છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, ભીવંડી રોડ, કલ્યાણ અને લોનાવાલા રેલવે સ્ટેશનના વોટર કુલરના પાણીમાં ઈ. કોલાઈ બેક્ટેરિયા મળી આવ્યા હતા. તે જ પ્રમાણે દક્ષિણ રેલવેના બે સ્ટેશન કોઈમ્બતુર અને પલક્કડના વોટર કૂલરનું પાણી પીવાને લાયક ન હોવાનું સિદ્ધ થયું હુતં. પૂર્વ રેલવેના એક સ્ટેશન માધુપુરના વોટર કૂલરના પાણીમાં પણ જીવાણુ મળી આવ્યા હતા.

અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૨૨-૨૩માં આઠ ઝોનના ૪૯ સ્ટેશનના પ્લેટફોર્મના અને ૨૦૨૩-૨૪માં નવ ઝોનના ૫૬ સ્ટેશનના નળના પાણીના નમૂનામાં ઈ-કોલાઈ સહિતના બેક્ટેરિયા હોવાનું સિદ્ધ થયું હતું. ઈ-કોલાઈ બેક્ટેરિયાને લીધે ખોરાકી ઝેર, ઝાડા અને કિડની ખરાબ થવાનો ભય હોય છે.

૨૦૨૨-૨૩માં ચાર ઝોનના આઠ સ્ટેશન અને ૨૦૨૩-૨૪માં પાંચ ઝોનના ૧૧ સ્ટેશનના ઓડિટમાં બેકટેરિયાની ટેસ્ટનું પરિણામ અસંતોષકારક હતું.

અહેવાલ પ્રમાણે નોન સબરબન ગ્રુપમાં કુલ ૫,૯૦૮ રેલવે સ્ટેશન છે. રેલવે ૭,૪૨૪ પેસેન્જર ટ્રેન ચલાવે છે અને ૨૦૨૩-૨૪માં ૨૯૨.૪ કરોડ નોનસબરબન પેસેન્જર નોંધાયા હતા. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### રાજકારણમાં આવવું મારી

પોતાની સુસાઈડ નોટમાં ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકરે લખ્યું કે તેમના મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી. પરંતુ આજે તેમને ખ્યાલ આવે છે કે રાજકારણમાં પ્રવેશ કરવો એ તેમના જીવનની સૌથી મોટી ભૂલ હતી. પોલીસનું કહેવું છે કે મૃત્યુનું કારણ હાલમાં અજ્ઞાત છે. આશિષ બેનર્જીને મમતા બેનરજીના ખૂબ જ નજીકના માનવામાં આવતા હતા. તેમની સુસાઇડ નોટમાં તેમણે તેમના મૃત્યુ માટે કોઈને જવાબદાર ઠેરવ્યા નથી.

સુસાઈડ નોટમાં આશિષ બેનરજીએ લખ્યું હતું કે તેમને સાડા ત્રણ વર્ષથી ટીઆરડીએ (તારાપીઠ રામપુરહાટ ડેવલપમેન્ટ ઓથોરિટી) માં કોઈ ફાઇલો આપવામાં આવી ન હતી. તેઓ ન તો ટેન્ડર સમિતિમાં હતા અને ન તો ચેક પર સહી કરવાનો અધિકાર ધરાવતા હતા. તેમણે લખ્યું છે કે તેમણે યોજનાને મંજૂરી આપી નથી અને કોઈ ‘નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ’ (એનઓસી) જાહેર કર્યું હતું. તેથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવી ન હતી. કોઈએ ક્યારેય તેમની સાથે આ બાબતો પર ચર્ચા કરી ન હતી. આ કાર્યોમાં તેમની કોઈ ભૂમિકા નહોતી.

ટીએમસી નેતાએ લખ્યું હતું કે તેમણે ક્યારેય કોઈ ભ્રષ્ટાચાર કર્યો નથી. યુનિવર્સિટી કારકિર્દીથી લઈને રાજકીય કારકિર્દી સુધી તેમણે ક્યારેય કોઈ ગેરકાયદેસર કમાણી કરી નથી, ક્યારેય કોઈ પાસેથી એક પણ પૈસો લીધો નથી. તેમણે વિદ્યાર્થીઓને મફત શિક્ષણ પણ આપ્યું છે, ક્યારેય તેમની પાસેથી મીઠાઈ સ્વીકારી નથી અને ક્યારેય કોઈ કૌભાંડમાં સામેલ થયા નથી.

આ સમય દરમિયાન કેટલાક લોકોએ તેમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમની સુસાઇડ નોટમાં તેમણે રાજકારણમાં તેમના પ્રવેશને ભૂલ ગણાવી હતી અને તેમની ભાવિ પેઢીઓને રાજકારણમાં ન આવવાની સલાહ આપી હતી. ■

### મુંબઈમાં નૌસૈનિક

સમગ્ર પરિવારના મૃતદેહ નેવી નગર વિસ્તારમાં તેમના નિવાસસ્થાનમાંથી મળી આવ્યા હતા. મૃતકોમાં નૌકાદળના કર્મચારી, તેની પત્ની અને તેમના બે નાના બાળકોનો સમાવેશ થાય છે. પોલીસની પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે નૌકાદળના કર્મચારીએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. જોકે, તેની પત્ની અને બે બાળકોના મૃત્યુનું કારણ ઝેર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલમાં પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે પરિવારના દુઃખદ અંત પાછળ પારિવારિક કારણ છે કે માનસિક સમસ્યાઓ કારણ રહી છે. ભારતીય નૌસેનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે “કોલાબાના નેવી નગર ખાતે એક દુઃખદ ઘટનામાં, ભારતીય નૌકાદળના એક નૌસૈનિક, તેમની પત્ની અને બે બાળકો તેમના ઘરે મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને ભારતીય નૌકાદળ તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે. ■

### વારાણસી ઍરપોર્ટ

તાત્કાલિક સારવાર માટે ન્યૂ લક્ષ્મી ટ્રોમા સેન્ટર લઇ જવામાં આવ્યા હતા. એરપોર્ટ સત્તાવાળાઓએ હજુ સુધી તેમની સ્થિતિ અંગે કોઇ વિગતો જાહેર કરી નથી.

વારાણસી એરપોર્ટના ડિરેક્ટર પુનીત ગુપ્તાના જણાવ્યા મુજબ હથિયાર અને તેના કાગળોની તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે પિસ્તોલમાંથી ગોળી છૂટી હતી. આ તપાસ દરમિયાન હથિયારના માલિક અને સ્ટાફ બંને ત્યાં હાજર હતા. સ્ટાફના જે મહિલા અને પુરુષ કર્મચારીને ગોળી વાગી છે તેમની હાલત સામાન્ય છે અને તેમની સારવાર ચાલી રહી છે.

આ ઘટના અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. તેમજ હથિયારમાંથી ગોળી ક્યા સંજોગોમાં ચાલી અને સુરક્ષા પ્રક્રિયા દરમિયાન ક્યા નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. એરપોર્ટ ઓથોરિટીના નિવેદન અનુસાર આ મામલે તપાસ પૂર્ણ થયા પછી વધુ વિગતો સામે આવી શકે છે. ■

### કૉંગ્રેસ માફી માગે

શાહે કહ્યું હતું કે આ વર્ષના ઉજવણીમાં એક મોટો ફેરફાર એ હતો કે સ્વતંત્રતાના ૮૦ વર્ષ પછી લાલ કિલ્લાની પ્રાચીર પર અને દેશભરમાં ધ્વજવંદન સમારોહમાં પ્રથમ વખત ‘વંદે માતરમ્’ ગાવામાં આવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે, “કૉંગ્રેસ વંદે માતરમ્ને ભૂલી ગઈ છે.”

તેમણે કહ્યું હતું કે, “ બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયની તે અમર કૃતિ, એક ગીતના બે શબ્દો, ‘વંદે માતરમ્’... ભારત માતાની હું વંદના કરું છું. આ બોલતા બોલતા હજારો લોકો ફાંસીના ફંદા પર ચઢી ગયા હતા, ગોળીઓ ખાધી હતી, લાકડીઓથી માર ખાધો હતો, અનેક વર્ષો જેલમાં રહ્યા હતા. અમિત શાહે કહ્યું કે વોટ બેન્કની લાલચમાં કૉંગ્રેસ વંદે માતરમ્ ભૂલી ગઈ હતી.”

તેમણે કહ્યું કે આ ‘વંદે માતરમ્’ની રચનાનું ૧૫૦મું વર્ષ છે. લાલ કિલ્લાના પ્રાચીર પરથી વડા પ્રધાન મોદીએ ‘વંદે માતરમ્’ને એક નવું જીવન આપ્યું છે. નોંધનીય છે કે શનિવારે કૉંગ્રેસ મુખ્યાલયમાં આયોજિત એક કાર્યક્રમમાં કૉંગ્રેસ પર રાષ્ટ્રીય ગાનનું અપમાન કરવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું હતું કે, “અને તેમની બેશરમી જુઓ! કૉંગ્રેસ પાર્ટી મુખ્યાલયમાં ‘વંદે માતરમ્’ ગાવામાં આવી રહ્યું હતું. કૉંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ કૉંગ્રેસના અધ્યક્ષને ગીત ગાતા અટકાવ્યા હતા. આપણે બધાએ ટીવી પર જોયું છે. સોનિયા ગાંધી ૧.૪ અબજ લોકો તમને જોઈ રહ્યા છે. આ દેશના લોકો તમારા આ પાપને ક્યારેય માફ નહીં કરે. કૉંગ્રેસીઓને શરમ આવવી જોઈએ અને જો શરમ બચી હોય તો બંકિમ બાબુના અમર આત્મા અને દેશના લોકોની માફી માગવી જોઈએ. ■

### રાજસ્થાનમાં બસની બ્રેક ફેઈલ

તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડ્યા હતા.

ઘાયલોને ઝાલાવાડ અને ખાનપુર હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ચાર મૃતકો કોટા જિલ્લાના રામગંજ મંડીમાં ગરીબ નવાઝ કોલોનીના રહેવાસી હતા. તેમાં રેહાન, અબ્દુલ હમીદ, અલ્ફેઝ અને તાલીમનો સમાવેશ થાય છે. એક વ્યક્તિને ખાનપુર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. અકસ્માતની માહિતી મળતાં સારોલા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ બુદ્ધા રામ ચૌધરી પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટના અંગે માહિતી એકઠી કરી હતી. પ્રાથમિક અહેવાલો અનુસાર અકસ્માત બસની ટક્કરને કારણે થયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. આ ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી છે. પીડિતો પાટલા પીર દરગાહની મુલાકાત લેવા આવ્યા હતા. જ્યારે તેઓ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા હતા. આ દરમિયાન કોટા જિલ્લાના કૈથુન વિસ્તારમાંથી યાત્રાળુઓને લઈ જઈ રહેલી એક ખાનગી બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું અને રસ્તાની બાજુમાં ઉભેલા લોકોને કચડ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બસે આશરે ૧૦ લોકોને ટક્કર મારી હતી. અકસ્માતમાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતમાં ઘાયલોને ઝાલાવાડ જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર રીતે ઘાયલ થયેલા ઘણા લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે અકસ્માત બાદ સારોલા પોલીસ સ્ટેશને ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું અને મામલાની તપાસ શરૂ કરી હતી. ઘાયલોના પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, તેઓ દરગાહ ગયા હતા અને પરત ફરતી વખતે અકસ્માત થયો હતો. ■

### સોનિયા ગાંધી વિરુદ્ધ ફરિયાદ

કાયદેસર કાર્યવાહી થઈ શકે છે . આજે વંદે માતરમ્ને આપણા રાષ્ટ્રગીત, ‘જન ગણ મન’ ની સમકક્ષ ગણવામાં આવે છે. જે કોઈ પણ વ્યક્તિ, તેમના પદ કે શક્તિને ધ્યાનમાં લીધા વિના તેનું અપમાન કરે છે, તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.” વિકાસે કહ્યું કે, “આ કારણોસર મેં ઉર્વા પોલીસ સ્ટેશનમાં સોનિયા ગાંધી વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. મેં પોલીસને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને એફઆઈઆર નોંધવાની માગ કરી છે. જો રાજ્ય કૉંગ્રેસ સરકાર અને પોલીસ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય તો હું કર્ણાટક હાઈ કોર્ટમાં પીસીઆર દાખલ કરીશ. મને ન્યાય વ્યવસ્થામાં સંપૂર્ણ વિશ્વાસ છે.” ■

### મોદીની અનોખી જીવદયા

હાથે મોરને દાણા ખવડાવે છે અને ગાયોને ચારો આપે છે. પીએમ મોદી પાસે પુંગનુર જાતિની ગાય છે. નોંધનીય છે કે ૭ લોક કલ્યાણ માર્ગ પર સ્થિત વડા પ્રધાનના નિવાસસ્થાનમાં અસંખ્ય મોરનું ઘર છે. અહીંના મોટા, લીલાછમ વૃક્ષો તેમનું ઘર છે. દિવસભર નિવાસસ્થાનના લોનમાં ફરતા રહે છે. ૧૨ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા આ નિવાસસ્થાનમાં મોટા ઘાસના મેદાનો પણ છે, જે પક્ષીઓને આકર્ષે છે. વધુમાં વડા પ્રધાન નિવાસસ્થાનની અંદરના વૃક્ષોની આસપાસ પક્ષીઓ માટે ખાસ માળાની વ્યવસ્થા કરવામાં આવી છે. ■

### હિમાચલમાં ભારે વરસાદ

શિમલામાં સાત, કાંગરામાં છ, ઉનામાં ચાર અને લાહૌલ અને સ્પેતિમાં બે રોડ બંધ થયા હતા.

વરસાદને લીધે ૨૧૬ વોટર સપ્લાઈ સિસ્ટમ અને ૧૯ પાવર ટ્રાન્સફોર્મરને નુકસાન પહોંચ્યું હતું. રાજ્યમાં ૩૦ જૂને ચોમાસુ બેસ્યા બાદ વરસાદ સબંધિત બનાવમાં અત્યાર સુધી ૭૯ લોકો મરણ પામ્યાં છે. રાજ્યને ૯૭૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. (એજન્સી)■

# જામનગરના શ્રાવણી લોકમેળાના બાકી પ્લોટ માટે બુધવારે ફરી હરાજી કરાશે

## કેટલાક પ્લોટ માટે કોઈ ભાવ ન મળ્યો હોવાનું જાણવા મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે તા. ૧ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન શ્રાવણી લોકમેળા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. મેળાના આયોજન અંતર્ગત અગાઉ બંધ કવર તથા ઓનલાઈન ટેન્ડર મારફતે વિવિધ પ્લોટ માટે ભાવ મંગાવવામાં આવ્યા હતા. જેમાં કેટલાક પ્લોટ માટે સિંગલ ટેન્ડર મળ્યા હોવાનું તેમજ કેટલાક પ્લોટ માટે કોઈ ભાવ ન મળ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત જે પ્લોટ માટે એકથી વધુ ટેન્ડર આવેલ હોય, પરંતુ કોઈ ટેન્ડર ટેકનિકલી ડીસ્કોલીફાઈ થવાથી સિંગલ ટેન્ડર થતા હોય તેની પણ જાહેર હરાજી થશે.

મેળાના રાઇડ સંચાલકો તેમજ અન્ય ધંધાર્થીઓને બાકી રહેલા પ્લોટની ફાળવણી ઝડપથી થઈ શકે અને તેઓ પોતાના વ્યવસાયનું આયોજન સમયસર કરી શકે તે હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા હવે બાકી રહેલા પ્લોટની જાહેર હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરાત મુજબ મશીન મનોરંજન, ચિલ્ડ્રન રાઇડ્સ, ખાણી-પીણીના સ્ટોલ, પોપકોર્ન સહિતના બાકી રહેલા પ્લોટ માટે જાહેર હરાજી યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક રાઇડ સંચાલકો તથા મેળાના અન્ય ધંધાર્થીઓ મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાનો સંપર્ક કરી શકે છે.

દરેક પ્લોટની અપસેટ પ્રાઇઝ, હરાજીની સામાન્ય શરતો તેમજ અન્ય જરૂરી વિગતો માટે મનપાની એસ્ટેટ શાખામાં ઓફિસ સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. મનપા દ્વારા હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્લોટ ફાળવણીની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવશે, જેથી મેળાના ધંધાર્થીઓને પોતાના રાઇડ તથા સ્ટોલની તૈયારીઓ માટે પૂરતો સમય મળી રહે. ■

# રાજકોટના ફલકું ડેમમાં ત્રણ બાળક સહિત યુવાનનું ડૂબી જવાથી કરૂણ મોત, જન્મદિનની ખુશી માતમમાં ફેરવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ શહેરની ભાગોળે આવેલા બેડી ગામથી હડમતીયા તરફ વીડીવાળા પીરની દરગાહ નજીક આવેલા ઘૂનામાં ડૂબી જવાથી ચાર લોકોના કરૂણ મોતની ઘટના બની હતી. આ ઘટનામાં ૫ વર્ષીય બાળક ડૂબવા લાગતાં તેને બચાવવા ગયેલા અન્ય ત્રણ પણ પાણીમાં ડૂબી ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીમાં ડૂબેલા બાળકો તથા યુવાન સહિત ચારેય લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

બાદમાં પોલીસ અને અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તમામ મૃતદેહોને




જરૂરી કાર્યવાહી માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, પરિવારના લોકો વીડીવાળા પીરની દરગાહે ગયા હતા. દર્શન કર્યા બાદ કેટલાક લોકો નજીક આવેલા ઘૂનામાં નહાવા પડ્યા હતા.

આ દરમિયાન સેફુ શોરા, ઉંમર ૫ વર્ષ પાણીમાં ડૂબવા લાગ્યો હતો. તેને બચાવવા માટે અન્ય લોકો પાણીમાં ઉતર્યા હતા. જોકે, સેફુને બચાવવાનો પ્રયાસ કરનાર અન્ય ત્રણ લોકો પણ પાણીમાં ડૂબી ગયા હતા. આ કરૂણ ઘટનામાં સોહન શોરા, ઉંમર ૧૦ વર્ષ, સેફુ શોરા, ઉંમર ૫ વર્ષ, અલીફા શોરા, ઉંમર ૧૦ વર્ષ અને સાહિલ શોરા, ઉંમર ૧૮ વર્ષના મોત થયા હતા.

મૃતકો પૈકી સોહન અને સેફુ સગા ભાઈ હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અન્ય બે મૃતકો પણ પરિવાર સાથે સંકળાયેલા છે.

આ ઘટનાની સૌથી કરૂણ બાબત એ છે કે મૃતક સોહનનો ૧૬ ઓગસ્ટના રોજ જન્મદિવસ હતો. જન્મદિવસની ખુશીનો દિવસ પરિવાર માટે જોતજોતામાં માતમમાં ફેરવાઈ ગયો હતો.

એક સાથે ચાર લોકોના મોતથી પરિવાર પર તો આભ તૂટી પડ્યું છે. આ સમગ્ર બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે અને ચારેય લોકો કયા સંજોગોમાં ઘૂનામાં ડૂબ્યા હતા તે અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. ■

# જેતપુરમાં બે જુગારધામો પર પોલીસના દરોડા, ₹ ૩.૨૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ''ઝીરો ટોલરન્સ'' ની નીતિ અન્વયે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. જેના પગલે જેતપુર તાલુકા પોલીસ અને જેતપુર ઉદ્યોગનગર પોલીસે અલગ-અલગ સ્થળોએ સફળ દરોડા પાડીને જુગાર રમતા કુલ ૧૨ શખ્સોને કુલ ૩.૨૮ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે જેતપુર તાલુકાના ડેડરવા ગામની સીમમાં રેઇડ કરી હતી. પોલીસે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં (૧) મયુરભાઇ પોપટભાઇ મુળીયા (ઉં.વ. ૪૬), (૨) સંજયભાઇ ગોવિંદભાઇ મકવાણા (ઉં.વ. ૪૫), (૩) રાજેશભાઇ ગોકળભાઇ




કાંડોલીયા (ઉં.વ. ૪૬), અને (૪) અશોકભાઇ વશરામભાઇ મુળીયા (ઉં.વ. ૫૫) નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ ડેડરવા ગામના જ રહેવાસી છે. પોલીસે સ્થળ પરથી ભારતીય ચલણની જુદા જુદા દરની નોટો મળી કુલ રૂપિયા ૨૨,૮૧૦/- ની રોકડ રકમ તેમજ ગંજીપાનાના ૫૨ પત્તા કબ્જે કરી જુગારધારા અધિનિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં પીઆઈ એમ. એલ. આહિર, એએસઆઈ ભુરાભાઈ માલીવાડ, એએસઆઈ વિપુલભાઈ મારુ, યુએચસી નીશાંતભાઈ પરમાર, પીસી પ્રદ્યુમનસિંહ વાઘેલા અને પીસી ઝવેરભાઈ સારલા જોડાયા હતા.

તે જ પ્રકારે જેતપુરમાં જાહેરમાં લાઈટના અજવાળે કેટલાક ઇસમો તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળતા જ ઉદ્યોગનગર પોલીસ સ્ટાફે તત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે ગંજીપત્તા અને પૈસા વડે હારજીતનો જુગાર રમતા કુલ ૮ ઇસમોને ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં જયેશભાઇ મોહનભાઇ બાવિયા, રણછોડભાઇ હીરાભાઇ બારૈયા, ફીરોઝભાઇ મામદભાઇ ખેભર, જયેશભાઇ ભીમાભાઇ ઠાકોર, રમેશભાઇ ઉર્ફે ભપો કિશોરભાઇ પંચાસરા, રાહુલગીરી પ્રફુલગીરી મેઘનાથી, હુસૈન ઉર્ફે ઘઘો હાજીભાઇ ખેભર, અને બ્રીજેશભાઇ પરબતભાઇ કુવારદા (તમામ રહે. બળદેવધાર, નવાગઢ જેતપુર) નો સમાવેશ થાય છે.પોલીસે આ દરોડા દરમિયાન સ્થળ પરથી કુલ રોકડ રૂપિયા ૭૫,૩૦૦/-, ગંજીપત્તાના ૫૨ પાના તેમજ રૂપિયા ૨,૩૦,૦૦૦/- ની કિંમતના ૫ મોટરસાયકલ મળીને કુલ રૂપિયા ૩,૦૫,૩૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ■

# ભાવનગર સ્વામિનારાયણ ગુરુકુળના કે.પી. સ્વામીને બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપી પાંચ કરોડ મંગાયા: ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર શહેરના સરદારનગર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળના કે.પી. સ્વામીને દુષ્કર્મના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ. ૫ કરોડની તોડબાજી કરવાનો સનસનાટીભર્યો મામલો બહાર આવ્યો છે. ઘોઘારોડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને મહિલા, તેના ડોક્ટર પતિ તથા સાળા સહિત ત્રણ લોકોની ધરપકડ કરી લેતા પંથકમાં ખળભળાટ મચી ગયો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભાવનગર સ્વામિનારાયણ ગુરુકુળના કેશવપ્રકાશ ગુરૂ પુરાણી સ્વામિનારાયણ પ્રિયદાસજી (કે.પી. સ્વામી) એ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મહિલા સાથે કોઈ પણ જાતના અનૈતિક સંબંધ ન હોવા



છતાં, મહિલા શિવાનીબેન પ્રવિણ ભાલિયા, તેનો તેના ડોક્ટર પતિ પ્રવીણ ભાલિયા અને પ્રવીણનો સાળો હિરેન ખેરાળાએ કાવતરું ઘડી તેમની પાસે મોટી રકમ પડાવવાનું આયોજન કર્યું હતું.

ગત ૨૨ જુલાઈના રોજ આરોપીઓએ સ્વામીને રૂબરૂ મળી, જો પૈસા નહીં આપે તો સોસાયટીના માણસોને ભેગા કરી બળાત્કારના ખોટા કેસમાં બદનામ કરવાની ધમકી આપી હતી અને તે સમયે રૂ. ૨ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ ૯ ઓગસ્ટે ત્રણેય આરોપીઓએ કોન્ફરન્સ કોલ મારફત મહિલા પાસે ફોન કરાવી ફરીથી અનૈતિક સંબંધોના ઝૂઠા આક્ષેપો મૂકી રૂ. ૫ કરોડની માગણી કરી હતી. રકમ નહીં ચૂકવે તો જેલના સળિયા પાછળ ધકેલી દેવાની અને બનાવટી પુરાવા ઉભા કરી જિંદગી બરબાદ કરવાની ધમકી આપી હતી.

આ અંગે સ્વામીની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ મહિલા, ડોક્ટર પતિ અને સાળાની ધરપકડ કરી આગળની કાનૂની તપાસ તેજ કરી છે. આ ફરિયાદ થી ભાવનગરમાં ભારે ચકચાર મચી ગઈ છે. ■

# અમરેલીના ચાંદગઢમાં સિંહણનો ટ્રેકર પર હુમલો, વન વિભાગની ટીમની હાજરીમાં ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામ નજીક શેત્રુંજી નદી કાંઠે વન્યપ્રાણી સંરક્ષણની રૂટિન કામગીરી દરમિયાન સિંહણ દ્વારા વનવિભાગના ટ્રેકર પર હુમલો થતાં ચકચાર મચી ગઈ હતી. ઘટનામાં ગોહાભાઈ નામના ટ્રેકરને સિંહણે હુમલો કરતાં ઇજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ, શેત્રુંજી નદી વિસ્તારમાં એક સિંહણ નદી ક્રોસ કરીને અભિમન્યુ વિસ્તાર તરફ આવી હતી. સિંહણની હિલચાલને ધ્યાનમાં રાખીને વનવિભાગની ટીમ દ્વારા સ્કેનિંગ અને ટ્રેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વનવિભાગની ટીમ સ્થળ પર હાજર રહી સિંહણ ઉપર સતત વોચ રાખી રહી હતી. આ દરમિયાન અચાનક સિંહણે ટ્રેકર ગોહાભાઈ ઉપર હુમલો




કર્યો હતો.

અચાનક બનેલી ઘટનાથી વનવિભાગની ટીમમાં પણ દોડધામ મચી ગઈ હતી. ઇજાગ્રસ્ત ટ્રેકરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં અમરેલીના વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર બનાવ અંગે તપાસ હાથ ધરી હતી.

વનવિભાગ દ્વારા સિંહણના હુમલા પાછળના કારણો તેમજ ઘટનાક્રમ અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. સિંહણની હાલની હિલચાલ ઉપર પણ વનવિભાગ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, ચાંદગઢ અને શેત્રુંજી નદી આસપાસનો વિસ્તાર સિંહોના કાયમી વસવાટ માટે જાણીતો છે. આ વિસ્તારમાં અવારનવાર સિંહો અને સિંહણની અવરજવર જોવા મળે છે.

જેના કારણે વનવિભાગની ટીમ દ્વારા વન્યપ્રાણીઓની હિલચાલ ઉપર સતત મોનિટરિંગ કરવામાં આવે છે. તેમ છતાં રૂટિન કામગીરી દરમિયાન જ ટ્રેકર ઉપર હુમલો થતાં વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી સાથે જોડાયેલા કર્મચારીઓની સુરક્ષાને લઈને પણ સવાલો ઊભા થયા છે.

છેલ્લા કેટલાક સમયથી અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સિંહ અને અન્ય વન્યપ્રાણીઓ દ્વારા માનવ વસાહત નજીક આવવાની તેમજ હુમલાની ઘટનાઓ બહાર આવી રહી છે. ચાંદગઢની આ ઘટનાને પગલે વનવિભાગ ફરી એકવાર સાવચેતીના પગલાં વધારવા અને વન્યપ્રાણીઓની હિલચાલ ઉપર વધુ કડક નજર રાખવા મજબૂર બન્યું છે. ■

# જેતપુરમાં બેંકમાંથી સોનું છોડાવવાના બહાને રાજકોટના સોની વેપારી સાથે ₹ ૬.૫૦ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં બેંકમાંથી ગીરવે મૂકેલું સોનું છોડાવી આપવાના વ્યવસાય સાથે સંકળાયેલા રાજકોટના એક સોની વેપારી સાથે રૂ. ૬.૫૦ લાખથી વધુની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ચકચારી ઘટના બની હતી. સોનામાં ચાંદીની ભેળસેળ હોવાનું ખૂલતાં વેપારીએ સોનું ખરીદવાની ના પાડી નાણાં પરત માંગ્યા હતા. આથી આરોપી જેતપુરમાં સોનું ફરી ગીરવે મૂકી પૈસા પાછા આપવાના બહાને સોનાનું આખું બોક્સ લઈને પલાયન થઈ ગયો હતો. આ અંગે જેતપુર સિટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટના લક્ષ્મીવાડી મેઈન રોડ પર રહેતા અને પેલેસ રોડ પર 'ધર્મનંદન જ્વેલર્સ' નામે સોના-ચાંદીના લે-વેચ તથા બેંકમાંથી ગીરવે રાખેલું ગોલ્ડ છોડાવવાનો વ્યવસાય કરતા દર્શનભાઈ રાજેશભાઈ થડેશ્વર (ઉં.વ. ૨૪) એ ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જેતપુરના ઉદયભાઈ ખોખર નામના શખ્સે સોની વેપારીને ઓનલાઈન જાહેરાત જોઈને ફોન કર્યો હતો અને જણાવ્યું હતું કે તેના સોનાના દાગીના બેંકમાં ગીરવે પડેલા છે જે છોડાવવા છે.

વિશ્વાસમાં આવીને વેપારીના માણસો જેતપુર ગયા હતા. ત્યાં આરોપી ઉદયભાઈના કહેવાથી અલગ-અલગ બેંકો અને ફાઈનાન્સ કંપનીઓમાં નાણાં ચૂકવવામાં આવ્યા હતા. જેમાં આઈઆઈએફએલ ફાયનાન્સ માટે રૂ. ૨,૨૮,૦૦૦, મુથુટ ફાઈનાન્સમાં રૂ. ૯૧,૦૦૦, એલ.એન્ડ ટી. ફાઈનાન્સમાં ઉદયભાઈના લોન પેટે રૂ. ૨,૪૩,૦૦૦ તેમજ તેના મિત્ર કિશનભાઈ ધડુકના લોન પેટે રૂ. ૮૮,૭૦૦ મળી કુલ રૂ. ૬,૫૦,૭૦૦ ભરીને સોનાના દાગીના મુક્ત કરાવ્યા હતા.

આ સોનું છોડાવ્યા બાદ રાજકોટના 'દ્રિતી ટચ સેન્ટર' ખાતે ઉદયભાઈની હાજરીમાં સોનાની શુદ્ધતાની તપાસ કરાવવામાં આવી હતી.

ટેસ્ટમાં સોનાની અંદર મોટા પ્રમાણમાં ચાંદીની ભેળસેળ હોવાનું અને ઓછા કેરેટનું સોનું હોવાનું બહાર આવ્યું હતું.

આથી ચૂકવેલી રકમ કરતાં સોનાની કિંમત ખૂબ ઓછી થતી હોવાથી ઝવેરી દર્શનભાઈએ આ સોનું ખરીદવાનો ઇનકાર કર્યો હતો અને ઉદયભાઈ પાસે પોતાના પૈસા પરત માંગ્યા હતા.

પૈસા પરત આપવા માટે ઉદયભાઈએ જણાવ્યું હતું કે, 'જેતપુરની બેંકમાં આ સોનું ફરી ગીરવે મૂકીને તમારા પૈસા પાછા આપી દઈશ'. આથી ઝવેરી દર્શનભાઈ અને તેમના સાથીદાર કારમાં સોનાનું પ્લાસ્ટિકનું બોક્સ લઈને ઉદયભાઈ સાથે જેતપુર આવ્યા હતા.

ગત તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૨૦૦ વાગ્યે જેતપુરમાં એલ.એન્ડ ટી. ફાઈનાન્સની ઓફિસ પાસે ગાડી ઊભી રહી હતી.

ત્યાં ગાડીમાંથી નીચે ઉતરતી વખતે ઉદયભાઈએ કપટપૂર્વક અને બદદાનતથી વેપારી પાસે રહેલું સોનાનું બોક્સ માંગ્યું હતું. વેપારીએ વિશ્વાસ રાખીને બોક્સ આપતાં જ આરોપી ઉદયભાઈ ખોખર સોનાનું આખું બોક્સ લઈને ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતાં વેપારી દર્શનભાઈ થડેશ્વરે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી ઉદયભાઈ ખોખર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ઉના નજીક વાડી વિસ્તારમાં બે સિંહોના આંટાફેરા, સ્થાનિક લોકોમાં ભયનો માહોલ



(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ ગીર જંગલને અડીને આવેલા ઉના-ગીરગઢડા પંથકમાં સિંહોની અવરજવર સતત જોવા મળી રહી છે. ઉના શહેરથી આશરે ૬ કિલોમીટર દૂર તપોવન આશ્રમ નજીકના વાડી વિસ્તારમાં એકસાથે બે નર સિંહો લટાર મારતા નજરે પડ્યા હતા. તપોવન આશ્રમ નજીક સીમ વિસ્તારમાં સિંહોની હાજરીથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. આ દરમિયાન એક સિંહપ્રેમીએ બંને સિંહોના વાડી વિસ્તારમાં વિચરણ કરતા દૃશ્યો મોબાઈલ કેમેરામાં કેદ કર્યા હતા.

ગીર સરહદી વિસ્તારોમાં સિંહોની વસાહત વિસ્તરતા હવે ગ્રામ્ય અને વાડી વિસ્તારોમાં તેમની અવરજવર સામાન્ય બની રહી છે. જોકે, સિંહોની હાજરીને પગલે ખેડૂતો અને ગ્રામજનોએ સાવચેતી રાખવી જરૂરી બની છે.

તપોવન આશ્રમ તેમજ આસપાસના સીમ વિસ્તારોમાં સિંહોની અવરજવર વધતી હોવાના પગલે વન વિભાગ દ્વારા નિયમિત અને સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે તેમજ સ્થાનિકોને સલામતી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠી છે. ■

# જામનગરમાં ફ્લાયઓવરની નીચે પાર્કિંગની સાથે સ્પોર્ટ્સ એક્ટિવિટીની સુવિધા ઊભી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરમાં સાત રસ્તાથી સુભાષ બ્રિજ સુધીના ફોર-લેન એલિવેટેડ ફ્લાયઓવર બ્રિજની નીચેના વિશાળ વિસ્તારનો મહત્તમ ઉપયોગ થાય તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ફ્લાયઓવરના નીચેના ગાળાઓમાં પાર્કિંગની સુવિધા ઉપરાંત વિવિધ પ્રકારની સ્પોર્ટ્સ એક્ટિવિટી માટેના બ્લોક વિકસાવવામાં આવનાર છે. આ માટે કુલ ૧૨ ગાળાઓને ચાર અલગ-અલગ ભાગમાં વહેંચી વિવિધ રમતગમતની સુવિધાઓ ઊભી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ફ્લાયઓવરની નીચેના ગાળાઓમાં પાર્કિંગ સહિત ફૂડ ઝોન, ટોયલેટ બ્લોક, વેઇટિંગ અને સિટિંગ જેવી નાગરિક સુવિધાઓ વિકસાવવાની કામગીરી અંગે આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાના આયોજન મુજબ ભાગ-૧માં વાલ્કેશ્વરી એરિયા નજીકના ત્રણ ગાળાઓ, એટલે કે પી-૦૫થી પી-૦૬, પી-૦૬થી પી-૦૭ અને પી-૦૭થી પી-૦૮માં સ્પોર્ટ્સ એક્ટિવિટી બ્લોક વિકસાવાશે. તે જ રીતે ભાગ-૨માં ગુરુદ્વારા સર્કલ નજીકના બે ગાળાઓ, પી-૨૧થી પી-૨૨ અને પી-૨૨થી પી-૨૩નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભાગ-૩માં અંબર સર્કલ નજીકના પાંચ ગાળાઓ પી-૪૧થી પી-૪૨, પી-૪૨થી પી-૪૩, પી-૪૩થી પી-૪૪, પી-૪૪થી પી-૪૫ અને પી-૪૫થી પી-૪૬માં વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે બ્લોક બનાવવાનું આયોજન છે. જ્યારે ભાગ-૪માં ફોરેસ્ટ ઓફિસ નજીકના બે ગાળાઓ, પી-૭૪થી પી-૭૫ અને પી-૭૫થી પી-૭૬નો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ચારેય સ્થળોએ બોક્સ ક્રિકેટ, પિકલબોલ, બેડમિન્ટન, ઓપન જિમ સહિતની વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવાની દિશામાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ સુવિધાઓ કાર્યરત થયા બાદ શહેરના યુવાનો, બાળકો તેમજ રમતપ્રેમીઓને શહેરના મધ્ય વિસ્તારમાં જ વિવિધ રમતો માટે નવી જગ્યા ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત ફ્લાયઓવરની નીચે અલગ-અલગ ચાર સ્થળોએ ટોયલેટ બ્લોક બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જ્યારે બે સ્થળોએ ફૂડ કોર્ટ વિકસાવવાની કામગીરી પણ આયોજન હેઠળ છે.

આમ, ફ્લાયઓવરની નીચેનો વિસ્તાર માત્ર વાહન પાર્કિંગ પૂરતો મર્યાદિત ન રહે પરંતુ રમતગમત, મનોરંજન અને ખાણીપીણી સહિતની વિવિધ નાગરિક સુવિધાઓથી ધમધમતો બને તે દિશામાં મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે.

જામનગરમાં નિર્માણ પામેલો આ એલિવેટેડ ફ્લાયઓવર શહેરના મહત્વના ટ્રાફિક જંક્શનોને જોડે છે અને તેની નીચેના વિસ્તારોને પણ નાગરિકલક્ષી ઉપયોગમાં લેવાના આ આયોજનથી ફ્લાયઓવર માત્ર ટ્રાફિક વ્યવસ્થાના ઉકેલ પૂરતો નહીં રહે, પરંતુ શહેરના નાગરિકોને નવી સુવિધાઓ આપતું સ્થળ પણ બનશે.

આગામી સમયમાં કામગીરી પૂર્ણ થયા બાદ જામનગરવાસીઓને ફ્લાયઓવરની નીચે જ વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓ માટે આધુનિક અને સુવિધાયુક્ત સ્થળો ઉપલબ્ધ થવાની સંભાવના છે. ■

# ચોટીલાના ડેપ્યુટી કલેક્ટર એચ. ટી. મકવાણાની મહીસાગરમાં બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણાની મહીસાગર જિલ્લામાં બદલી કરી દેવામાં આવી છે. ચોટીલા, થાન અને મુળી મૂળી સબ-ડિવિઝનના પ્રાંત અધિકારી/ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા મકવાણાએ કરોડો રૂપિયાની ખનીજ સંપત્તિના ગેરકાયદે ખનન સામે કાર્યવાહી કરી હતી. ભૂમાફિયાઓ સામે કડક પગલા લેનારા અધિકારીની બદલી થતાં જિલ્લા વહીવટી તંત્રમાં આશ્ચર્ય સર્જાયું હતું. તેમની જગ્યાએ વડોદરાથી શૈલેષ કલસરીયાને ચોટીલા ડેપ્યુટી કલેક્ટરની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત મુલ્કી સેવા ના અધિકારી એચ.ટી. મકવાણાએ હોદ્દો સંભાળ્યા બાદ સમગ્ર વિસ્તારમાં પારદર્શક, કડક અને પ્રજાભિમુખ વહીવટની નવી દિશા આપી હતી.

તેમણે થાનગઢ, મૂળી અને ચોટીલા વિસ્તારમાં સક્રિય ખનિજ માફિયાઓ તેમજ ગેરકાયદેસર ખનન અને વહન પ્રવૃત્તિઓ સામે સતત કડક ઝુંબેશ ચલાવી હતી. આકસ્મિક તપાસ અને દરોડા પાડીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસી વહીવટી તંત્રની ધાક બેસાડી હતી. તે ઉપરાંત તેમણે ભૂ-માફિયાઓ દ્વારા થતા દબાણો અને ગેરકાયદે કબજાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરીને તેમણે સરકારી જમીનો મુક્ત કરાવી હતી. ■

# કચ્છમાં જ્ઞાનસહાયકો ગેરહાજર રહેતાં વિદ્યાર્થીઓનું ભાવિ ધૂંધળું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકાએ રાજીનામું આપતાં શિક્ષણકાર્ય પર માઠી અસર પડી છે. ખાસ કરીને એક શિક્ષકવાળી શાળાઓમાં અભ્યાસ ઠપ થયો છે. કરાર આધારિત આ ભરતીમાં અનુકૂળતા ન જણાતાં અથવા અન્ય કારણોસર શિક્ષકો નોકરી છોડી રહ્યા હોવાથી શિક્ષણ વિભાગ સામે આહ્વાન ઊભું થયું છે. આગામી અઠવાડિયાથી કચ્છમાં ટેટ-ટાટ સિવાયના બી. એડ. થયેલા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. ■

# એકનાથ શિંદેનું ફિટનેસ સિક્રેટ: રોજ ૬૦ મિનિટના વર્કઆઉટ રૂટિનમાં શું કરે છે ખાસ કસરત?

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે રાજકારણમાં વ્યસ્ત કાર્યક્રમો, સતત પ્રવાસ અને જાહેર કાર્યક્રમો વચ્ચે પણ પોતાની ફિટનેસને મહત્વ આપે છે. ૨૦૧૯માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં પણ શિંદેએ જણાવ્યું હતું કે તેઓ સમય નક્કી કરીને નહીં, પરંતુ દિવસમાં ઓછામાં ઓછી ૬૦ મિનિટ કસરત પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. તેમના આ જૂના નિવેદનને લઈને તેમનું ફિટનેસ રૂટિન ફરી એક વાર ચર્ચામાં આવ્યું છે.

શિંદેના જણાવ્યા મુજબ, તેમની કસરત માટે દિવસનો કોઈ ચોક્કસ સમય નક્કી નથી. વહેલી સવારે સમય મળે તો ત્યારે અને વ્યસ્ત દિવસ હોય તો રાત્રે પણ તેઓ વર્કઆઉટ પૂર્ણ કરે છે. તેમનો મુખ્ય ઉદ્દેશ દરરોજ ૬૦ મિનિટ શારીરિક કસરત કરવાનો રહે છે. તેમના માટે કસરતના ચોક્કસ સમય કરતાં તેની નિયમિતતા વધુ મહત્ત્વની છે.

રાજકીય જીવનમાં સતત પ્રવાસ, બેઠકો અને જાહેર કાર્યક્રમોના કારણે નિયમિત કસરત માટે સમય કાઢવો પડકારરૂપ બનતો હોય છે. શિંદેએ અગાઉ જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન તેમનો શારીરિક અને માનસિક તણાવ વધી જાય છે અને સતત દોડધામના કારણે તેમનું વજન પણ ઘટી જાય છે. ચૂંટણીના સમયગાળામાં સતત પ્રવાસ અને જાહેર સંપર્કના કારણે તેમની દૈનિક શારીરિક પ્રવૃત્તિમાં પણ વધારો થતો હોવાની માહિતી પણ તેમણે આપી હતી.

એકનાથ શિંદેના તે સમયના ટ્રેનર અને ફિટનેસ કન્સલ્ટન્ટ રવિશ દોબાનીએ તેમની વર્કઆઉટ રૂટિન અંગે માહિતી આપી હતી. તેમના જણાવ્યા મુજબ શિંદેની કસરત માત્ર ભારે વજન ઉઠાવવા પર આધારિત નહોતી. તેમના ૬૦ મિનિટના વર્કઆઉટમાં કાર્ડિયો અને ફંક્શનલ એક્સરસાઇઝનું સંયોજન કરવામાં આવતું હતું.

વર્કઆઉટની શરૂઆત થોડા સમયના ટ્રેડમિલ સેશનથી કરવામાં આવતી હતી. ત્યારબાદ બોડી-વેઇટ એક્સરસાઈઝ કરવામાં આવતી હતી. શિંદેનું ફોકસ હેવી વેઈટલિફ્ટિંગ કરતાં શરીરની એકંદર તાકાત અને ફિટનેસ જાળવવા પર હતું.

રાજકીય કામકાજ વખતે લાંબા સમય સુધી બેસવું પડતું હોવાથી તેમની રૂટિનમાં લોઅર બેકને મજબૂત બનાવતી કસરતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કોર સ્ટેબિલિટી, ફ્લેક્સિબિલિટી અને ફંક્શનલ મૂવમેન્ટ પર પણ ધ્યાન આપ્યું હતું. આ વર્કઆઉટનો ઉદ્દેશ માત્ર મસલ્સ બનાવવાનો નહીં, પરંતુ શરીરની શક્તિ અને મૂવમેન્ટ જાળવી રાખવાનો હતો.■

# ફ્લાઈટના બોર્ડિંગ વખતે પ્રવાસીની એક ટિપ્પણીથી ‘અફડાતફડી’

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટી-૨ ટર્મિનલ પર એક મુસાફરની એક ટિપ્પણી કે, મારી બેગમાં ‘બૉમ્બ’’ છે, ને કારણે કલાકો સુધી એરપોર્ટ પરિસરમાં તંત્ર દોડતું થઈ ગયું હતું. દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઇટના બોર્ડિંગ ગેટ પર સુરક્ષા તપાસ દરમિયાન ૫૫ વર્ષીય મુસાફર અનુજ જયરામ સુવર્ણાએ પોતાના બેગમાં બૉમ્બ હોવાનો દાવો કર્યો હતો. મુસાફરના આ નિવેદન બાદ એરપોર્ટની સુરક્ષાવ્યવસ્થા તાત્કાલિક સક્રિય કરવામાં આવી હતી અને સમગ્ર વિમાનની તપાસ હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, મુંબઈથી દિલ્હી જવા માટે ઈન્ડિગોની ફ્લાઇટ ઉડાન ભરવાની તૈયારીમાં હતી. એ જ વખતે બોર્ડિંગ ગેટ પર એરલાઇનના સિસ્ટમ સિક્યોરિટી મેનેજર ઓમપ્રકાશ રાજભર અને સુરક્ષા અધિકારી રવિન્દ્ર રોકડ મુસાફરોના હેન્ડ બેગની નિયમિત તપાસ કરી રહ્યા હતા. સુરક્ષા તપાસ દરમિયાન અધિકારીઓએ અનુજ સુવર્ણા નામની પ્રવાસીને તેની બેગમાં માચિસ, લાઇટર, કોઈ પ્રવાહી અથવા અન્ય પ્રતિબંધિત વસ્તુ છે કે કેમ તે અંગે સામાન્ય પૂછપરછ કરી હતી.

આ દરમિયાન સુવર્ણાએ કથિત રીતે બેફિકરાઈથી પોતાના બેગમાં બૉમ્બ હોવાનું જણાવ્યું હતું. મુસાફરના મોઢેથી ‘બૉમ્બ’ શબ્દ સાંભળતા જ એરલાઈનના કર્મચારીઓએ મામલાની ગંભીરતા સમજીને પોતાના વરિષ્ઠ અધિકારીઓ તેમ જ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ )ને જાણ કરી હતી.

સીઆઈએસએફના જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરીને મુસાફરને ફ્લાઇટમાંથી નીચે ઉતારીને કસ્ટડીમાં લીધો હતો. જોકે, બાદમાં તેણે કહ્યું કે તેણે માત્ર મજાકમાં આવી વાત કહી દીધી હતી, પણ હસવામાંથી ખસવું થઇ ગયું હતું.

સિક્યોરિટી પ્રોટોકોલ મુજબ સમગ્ર વિમાનને ખાલી કરાવવામાં આવ્યું હતું. તમામ મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારી દેવાયા બાદ સુરક્ષા એજન્સીઓએ સઘન તપાસ શરૂ કરી હતી. સીઆઈએસએફ અને બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉડે વિમાનના અંદરના ભાગો ઉપરાંત કાર્ગો સહિત મુસાફરોના સામાન અને અન્ય સંબંધિત સ્થળોની પણ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

લાંબી તપાસ બાદ કોઈ પણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી આવી નહોતી. તપાસમાં કોઈ જોખમી વસ્તુઓ નહીં મળતાં સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો અને ત્યારબાદ ફ્લાઈટને દિલ્હી જવા માટે રવાના કરવામાં આવી હતી.

સીઆઈએસએફએ અનુજ સુવર્ણાને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સહાર પોલીસને સોંપ્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન મુસાફરે કથિત રીતે જણાવ્યું હતું કે તેણે બેગમાં બૉમ્બ હોવાની વાત માત્ર મજાકમાં કરી હતી.

સુરક્ષા અધિકારીની ફરિયાદના આધારે સહાર પોલીસે કેસ નોંધ્યો અને મુસાફરની ધરપકડ કરી હતી. જોકે, બાદમાં તેને વોર્નિંગ નોટિસ આપીને છોડી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

એરપોર્ટ જેવા અત્યંત સંવેદનશીલ સ્થળે બૉમ્બ અંગેની એક ટિપ્પણીને સુરક્ષા એજન્સીઓ હળવાશથી લઈ શકે નહીં. મુસાફરના નિવેદન બાદ નિયમિત પ્રક્રિયાના ભાગરૂપે સમગ્ર વિમાન અને સામાનની તપાસ કરવી પડી હતી. તેના કારણે ફ્લાઇટના સંચાલનમાં પણ વિલંબ થયો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ આ પ્રકારની બેદરકારીભરી ટિપ્પણીથી અન્ય મુસાફરોમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું અને એરલાઈન તથા સુરક્ષા એજન્સીના સંસાધનોનો પણ મોટો ઉપયોગ કરવો પડ્યો હતો. હાલમાં પોલીસ સમગ્ર મામલાની વધુ તપાસ કરી રહી છે.

# પેટ્રોલ બાદ હવે વીજળીનું બિલ પણ વધશે

મુંબઈ: ઇંધણના ભાવવધારા પછી હવે મહારાષ્ટ્રના લોકોને વીજળી માટે પણ વધુ પૈસા ચૂકવવાની નોબત આવી શકે. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઈડીસીએલ) એ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ (એફએસી)માં વધારો કર્યો છે. આ વધારા બાદ મુલુંડ, થાણે, નવી મુંબઈ, કલ્યાણ-ડોંબિવલી સહિત મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ઘરેલુ તેમ જ અન્ય ગ્રાહકોના વીજળીના બિલમાં વધારો થશે.

નવા વધારેલા ચાર્જ પ્રમાણે હવે ગ્રાહકોને વીજ વપરાશ અને કેટેગરી પ્રમાણે પ્રતિ યુનિટ આશરે ૨૦થી ૫૫ પૈસા સુધીનો વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. એમએસઈડીસીએલના અધિકારીઓના જણાવ્યા મુજબ કંપનીને અપેક્ષા કરતાં વધુ ખર્ચે વીજળી ખરીદવી પડી હતી. વીજ ખરીદીના ખર્ચમાં થયેલા વધારાને કારણે વધારાનો ખર્ચ ગ્રાહકો પાસેથી એફએસી મારફતે વસૂલવામાં આવી રહ્યો છે. એમઈઆરસીના નિયમો મુજબ વીજળી ખરીદવાનો ખર્ચ વધે ત્યારે વીજ વિતરણ કંપનીઓને ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસૂલવાની મંજૂરી આપવામાં આવે છે.

આ ચાર્જનો હેતુ વીજ ખરીદીના વધેલા ખર્ચની ભરપાઈ કરવાનો છે. હાલ એમએસઈડીસીએલ સરેરાશ આશરે ૩૦ પૈસા પ્રતિ યુનિટના દરે એફએસી વસૂલી રહી હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી. નવા વધારા બાદ ૩૦૦ યુનિટ જેટલી વીજળીનો વપરાશ કરતા ઘરેલુ ગ્રાહકોના માસિક બિલમાં આશરે રૂ. ૧૦૫નો વધારો થઈ શકે છે. જ્યારે ૫૦૦ યુનિટ વીજળીનો વપરાશ કરનારા ગ્રાહકોને આશરે રૂ. ૨૫૦ જેટલો વધારાનો બોજ સહન કરવો પડી શકે છે. ■

# વિદ્યાર્થિનીઓના વાઈરલ વીડિયો બાદ તાત્કાલિક રસ્તાનું સમારકામ થયું

મુંબઈ : મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ત્રણ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ શાળાએ જવાના રસ્તા પરના ખાડાઓ પર એક વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો વાઇરલ થતા તેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો જેની તેમણે કલ્પના પણ કરી નહોતી.

આ વીડિયોમાં એક શાળાની વિદ્યાર્થિની બંધ છત્રીનો માઈક તરીકે ઉપયોગ કરીને ‘રિપોર્ટર’ની ભૂમિકા ભજવતા કર્જત તાલુકાના ખાંડપે-કોંડિવડે રોડની ખરાબ હાલત વિશે પોતાની સહેલીનો ઈન્ટરવ્યૂ લઈ રહી છે, જ્યારે ત્રીજી વિદ્યાર્થિની કેમેરાપર્સન બનીને પોતાના મોબાઈલ ફોનમાં આ વાતચીતનું રેકોર્ડિંગ કરી રહી છે.રસ્તાની વચ્ચે ઊભેલી ત્રણ વિદ્યાર્થિનીઓમાંથી એક વિદ્યાર્થીની વીડિયોમાં પૂછે છે, “શું રસ્તા પર ખાડા છે, કે ખાડાઓમાં રસ્તો છે?“ વીડિયોના અંતે એક વિદ્યાર્થિની કહે છે, “આ છે રિપોર્ટર નેહા ઘારે અને તેમની સાથે છે કેમેરાપર્સન માનસી પવાર.’’

ખાડાવાળા રસ્તા અંગે શાળાની વિદ્યાર્થિનીઓના અનોખા અભિગમે ટૂંક સમયમાં જ લોકોનું ધ્યાન ખેંચ્યું, જેના પરિણામે સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્ર થોરવેએ રાતોરાત ખાડા પૂરીને કામચલાઉ પગલાં લીધાં હતાં. ■

# જૈન મરણ

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. અમૃતલાલ ગુલાબચંદ દોશીના સુપુત્ર સ્વ. રમણીકલાલ અમૃતલલા દોશીના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૭) રવિવાર, તા. ૧૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મલકેશ, જાગૃતિ, કેતના, નિલેશ અને નુતનના માતા. જીજ્ઞા, પંકજકુમાર, ભાવેશકુમાર, ક્રિના અને રાજેન્દ્રકુમારના સાસુ. પિયર પક્ષે ચત્રભુજ કરસનદાસ મહેતા (સાવરકુંડલા)ના પુત્રી. દલસુખભાઇ અને ચંદ્રકાંતભાઇના બેન. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

વિંછીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતિલાલ નાનચંદ અજમેરાના પૌત્ર મોનિક (ઉં. વ. ૪૯) ઉમેશભાઇ તથા નીલાબેન અજમેરાના સુપુત્ર. પાયલબેનના પતિ. આદિના પિતાશ્રી. અંકિતા દીપેશભાઇ કામદારના ભાઇ. અનિલાબેન તથા અશ્વિનભાઇ માટલિયાના જમાઇ શનિવાર, તા. ૧૫-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૮-૮-૨૬ના બપોર ૩.૩૦થી ૫.૩૦. ઠે. મહારાજા અગ્રસેન ભવન, સ્વામિનારાયણ મંદિરની ઉપર, ૩જે માળે ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), ચક્ષુદાન કરેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નાની ખાખરના ધનલક્ષ્મી (બચુબેન) છેડા (ઉં. વ. ૯૨) તા. ૧૪-૮-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ગંગાબાઈ લાલજી ગણપત છેડાના દીકરી. નાના ભાડિયાના સ્વ. ચંચળબેન જયંત દામજી રાંભિયા, સ્વ. આણંદજી, સ્વ. ભવાનજી, કાંતિભાઈ સ્વ. મગનના બહેન, તુંબડીના સ્વ. ભચીમા કેશવજી વીરાના દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. ફોન-મેસેજ સ્વીકાર્ય. સરનામું- નીના શાહ, એ-૫/૧૧૦૨, વિકાસ કોમ્પ્લેક્સ, કેંસલ મિલ કમ્પાઉન્ડ, થાણે વેસ્ટ ૪૦૦૬૦૧.

દેવપુરના મંજુલા વેલજી ગાલા (ઉં. વ. ૭૫) તા.૧૪/૮/૨૬ના અવસાન પામેલ છે. વેલજીના પત્ની. વિપુલ, ચેતન, પ્રીતિના માતુશ્રી. પત્રીના જખીબેન/સાકરબેન રામજી ઉકેડાના પુત્રી. તલકસી, કાંતિલાલ, લક્ષ્મીચંદ, રતિલાલ, લાખાપરના મણીબેન ખીમજી, ભુજપુરના વેલબાઇ જવેરીલાલ, ટુંડાના સુશીલા શાંતિલાલ, દીવાળીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : મંજુલા ગાલા, સાવંત પાર્ક, બિલ્ડિંગ નંબર ૫, અંબરનાથ-૪૩૧૫૦૧.

હાલાપરના પ્રેમજી લાલજી ગોસર (ઉં. વ. ૮૧) ૧૪/૮/૨૬ના અવસાન પામ્યા છે. મેઘબાઈ લાલજી નેણશીના સુપુત્ર. હેમલતાના પતિ. સંજય, સંદીપ, જીજ્ઞા, જ્યોતિકાના પિતા. વિશનજી, ટોકરશી, મુલચંદ, નાનજી, લક્ષ્મીબેન, રંજનના ભાઈ. ડુમરા કેસરબાઈ હીરજી કુંવરજી કારાણીના જમાઇ. પ્રાર્થના : ૩ થી ૪.૩૦ શુભમંગલ હોલ, ૨જે માળે, એવરેસ્ટ શોપિંગ, ભાજી માર્કેટ, સ્ટેશનની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ). ઠે. સંજય ગોસર, એ-૨૦૫, રાખી એપાર્ટમેન્ટ, ટિળક રોડ, ડોંબીવલી (ઈ) ૪૨૧૨૦૧.

ગુંદાલાના પિયુષ ગડા (ઉં. વ. ૫૧) તા. ૧૫/૮/૨૬ના અવસાન પામ્યા છે. માતુશ્રી ઝવેરબેન કાનજીના સુપુત્ર. રશ્મિના પતિ. સ્વ. ભરત, રાજેશ, પરેશ, હેતલના ભાઈ. રતનબેન લક્ષ્મીચંદ ગાલાના જમાઈ. પ્રા.: તા.૧૭/૮/૨૬ સોમવાર ના ૨થી ૩.૩૦ શ્રી વ.સ્થા. જૈન શ્રા. સ. સં. કરસન લધુ નિસર હોલ.

બિદડા (ગેલાણી ફરીયો)ના અ.સૌ. લક્ષ્મીબેન નાનજી છેડા (ઉં. વ. ૮૩) તા. ૧૫-૮-૨૦૨૬ ના અવસાન પામ્યા છે. મઠાંબાઈ ભીમશી વેરશીના પુત્રવધૂ. નાનજી ભીમશીના ધર્મપત્ની. તલવાણાના પાનબાઈ જેઠાલાલ ટોકરશી પોલડીયાના સુપુત્રી. હરિલાલ, પ્રવિણ, ચંદ્રકાંત, ભાનુમતી, જવેરબેનના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

મોટી ખાખરના કેશવજી કરમશી દેઢીયા (ઉં. વ. ૮૬) તા. ૧૪-૮નાં કચ્છ મધ્યે અરિહંત શરણ પામેલ છે. પનઇબાઇ કરમશીના પુત્ર. કુસુમના પતિ. મયુરના પિતા. વલમજી અને કોરશીના ભાઇ. મેરાઉ વેલબાઇ લાલજીના જમાઇ. પ્રાર્થના : ૧૭-૦૮-૨૦૨૬નાં મોટી ખાખર મધ્યે બપોરે ૩.૦૦ થી ૪.૦૦ રાખેલ છે. ઠે. કુસુમ કેશવજી દેઢીયા, ૩/૪૯, બી, જૈન વાસ, મોટી ખાખર, તા. મુંદ્રા, કચ્છ-૩૭૦૪૩૫.

### વાગડ વિ. ઓ. જૈન

ગામ સુવઇના રત્નકુક્ષી, અનૂશનવ્રતધારી જવેરબેન ભાણજી માલશીગાલા (ઉં. વ. ૮૨) ગુરૂવાર, તા.૧૩.૦૮.૨૦૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. પુરીબેન માલસીગુણશી ગાલાના પુત્રવધૂ. સ્વ.ભાણજીના ધર્મપત્ની. સંસારપક્ષે રૂજુતાજી મહાસતીજી, ચંદ્રીકા, ધીરજના માતુશ્રી. મધુબેન, વિસનજીના સાસુ. મયુરી, રાજ, રિધ્ધીના દાદી. નૈનેશ,ઝીલ, મીતના દાદીજી સાસુ. સુવઇના કામલબેન પાંચાલાલ મેકણસતરાના દિકરી. ગુણાનુવાદ સભા :સોમવાર, તા. ૧૭.૦૮.૨૦૨૬, સમય : ૪. થી ૫. ૩ ૦, સ્થળ: યોગી સભાગૃહ દાદર (ઈ).

### વાગડ વિ. ઓ. જૈન

ગામ આધોઈના સ્વ.કામલબેન નાંયા કરમણ ગાલાના પૌત્ર સ્વ.લક્ષ્મીબેન કુંવરજી નાંયાના પુત્ર હરીલાલ (ઉં. વ. ૫૮) તા. ૧૪.૦૮.૨૦૨૬ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. પ્રભાના પતિ, ધવલ, સલોનીના પિતાશ્રી, દર્શના, હર્ષના સસરા, ડિયારાના દાદા. સામખીયારીના ગં.સ્વ. મુરઈબેન નેણશી ગડાના જમાઈ. પ્રાર્થના સભા સોમવાર તા. ૧૭.૦૮.૨૬, સમય ૩ થી ૪.૩૦ સ્થળ. એમ.એમ. પીપલ્સ સ્કુલ, એસ.વી.રોડ, ખાર(વેસ્ટ).

### વાગડ વિ.ઓ.જૈન

ગામ કકરવાના સ્વ. પુષ્પાબેન ઈશ્વરલાલ મુરજી નંદુ (ઉં. વ. ૬૨) શુક્રવાર તા. ૧૪.૦૮.૨૬ના મુંબઈમાં અવસાન પામેલ છે. સ્વ. માનુબેન મુરજીના પુત્રવધૂ, ઇશ્વરલાલના ધર્મપત્ની, વિશાલ, નિકિતા,હર્ષ, નિકના મોટીમાં, સમીર ગાલા, ખુશ્બુના મોટા સાસુ, સૌર્ય, ક્રિશાના દાદી. મનફરાના સ્વ.ગોમાબેન, સ્વ.રાજીબેન આશદીર હિરજી સાવલાના દીકરી. પ્રાર્થના સભા. સોમવાર તા.૧૭.૦૮.૨૦૨૬ સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. કરશન લધુ હોલ દાદર વેસ્ટ, મુંબઈ.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ગોંડલ નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. રંજનબેન પ્રતાપભાઈ લાઠીયા (ઉં. વ. ૮૦) તા. ૧૫/ ૮ /૨૬ ના રોજ અરિહંત શરણ પામ્યા છે. જે પ્રતાપભાઈ રૂગનાથ લાઠીયાના ધર્મપત્ની, તે ચેતન તથા તથા મનીષા રાજેશકુમાર સંઘવી, જયશ્રી ભરતકુમાર કામાણી, દીપ્તિ પંકજકુમાર દામાણીના માતૃશ્રી, તે રિયાબેનના સાસુ. પ્રવીણભાઈ રૂગનાથ લાઠીયાના ભાભી, સ્વર્ગસ્થ દિલીપભાઈ તથા કિરીટભાઈ ગિરધરલાલ સરવૈયાના બેન, ધીંતીના દાદી, કેવલ, સુમિત, અમિત, ખુશ્બુ, સિદ્ધિ, શુભમ, પ્રીતિના નાનીની પ્રાર્થના સભા તા. ૧૭/ ૮ / ૨૬ ના રોજ શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝ ની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ) સમય સાંજે ૩ થી ૫ રાખવામાં આવેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કપડવંજ વિશા નીમા જૈન

કપડવંજ નિવાસી (હાલ કાંદિવલી ઇસ્ટ) ઇન્દિરાબેન રતિલાલ પારેખ (ઉં. વ. ૯૧) તે સ્વ. રમીલાબેન, સ્વ. પંકજભાઈ, સ્વ. અભયભાઈ, પ્રતિભાબેન અશ્વિનભાઈ શાહના બેન, તથા નંદાબેન, દક્ષાબેનના ભાભી તથા હિમાદ્રીબેન ઉરેશભાઈ ગાંધી, સુકેશીબેન અમરભાઈ દોશી, યુવાનકાબેન નિકુંજભાઇ પટવા, નીપાબેન ચિત્રાંગભાઇ શેઠના માસી તે શનિવાર તા. ૧૫-૦૮-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.લૌકિક વ્યવહાર રાખેલ નથી. ચિત્રાંગ દિનેશચંદ્ર શેઠ અ-૧૦૨/ ૧૦૩, પાવાપુરી, અશોક નગર, કાંદિવલી પૂર્વ, મુંબઈ ૪૦૦૧૦૧

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

પન્નાબેન (ઉં. વ. ૮૨) તે સ્વ. ગુલાબરાય ગોવરધનદાસ બદીયાણીના પત્ની. સ્વ. ગંગાબેન ગોવરધનદાસના પુત્રવધૂ. મિતેષ, વૃંદાવન ભાઇના (કલીકટ) કાકી. સ્વ. ચંપાબેન દાવડા, હંસાબેન ઉનડકટના ભાભી. સ્વ. ઇંદુમતી હેમરાજ કાપડીયાના પુત્રી. રમેશભાઇ, દેવીદાસભાઇ, સુરેશભાઇ, સ્વ. જશવંતીબેન, હીરાબેનના બહેન તા. ૧૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### હાલાઇ લોહાણા

પાજોદના હાલ કાંદિવલી અનિલભાઈ કાનાણી (ઉં. વ. ૭૭) શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હીરાબહેન કેશવજી કાનાણીના પુત્ર. ભારતીબહેનના પતિ. તેજસ, જીગરના પિતા. દિનાબહેન વિનોદ કાનાબાર, ભારતીબહેન દિલીપભાઈ દત્તાણી, જયેન્દ્રભાઈના ભાઈ. ભૈરવી, હીરના સસરા. સિયા, જીઆનાના દાદા. ભૂપતભાઈ કાનજીભાઈ મશરુના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૮ ઑગસ્ટ, મંગળવારે ૫ થી ૭. એવરસાઇન ક્લબ, ઠાકુર વિલેજ, કાંદિવલી ઈસ્ટ, મુંબઈ ખાતે રાખેલ છે.

### હાલાઈ લોહાણા

રેખા મધુસૂદન કોટક, (ઉં. વ. ૭૨) બેલા (આમરણ) ગામ નિવાસી, હાલ વસઈ તે પારસના માતોશ્રી વિધિના સાસુ તે સ્વ. અનંત મહાદેવ દેવરૂખકરના દીકરી. તે પ્રિતી રમેશ કોટકના દેરાણી, સ્વ. મેના બેન , સ્વ. દમયંતીબેન, ગં.સ્વ. ભાનુબેનના ભાભી અને જસવંતરાય મહેતાના વેવાણ, તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬નાં શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા . ૧૭-૮-૨૬ સોમવાર સાંજના ૪ થી ૬મા રાખેલ છે. સરનામું - ઠઠાઈ ભાટિયા શેવા ફંડહોલ નં. ૩, પહેલો માળ, શંકર લેન અને એસ.વી. રોડનો ખૂણો, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૬૭ લૌકિક પ્રથા બંધ છે.

### હાલાઇ લોહાણા

મૂળ ગામ વાસજારીયા (પોરબંદર) હાલ મલાડના રહેવાસી અનિલભાઈ સ્વ.વલ્લભદાસ રાજાણી (ઉં. વ. ૬૮), તે જ્યોતિબેનના પતિ. પ્રણાલી હાર્દિકકુમાર હરસોરા તથા મનાલી દર્શનકુમાર ઠક્કર અને પ્રીતના પિતા. તે રાજવી પ્રીત રાજાણીના સસરા. તે સ્વ.રમણીકલાલ વેલજી કારિયાના જમાઈ. તે ગોપાલભાઈ, રાજુભાઈ, નિર્મળાબેન ધનસુખલાલ ઠક્કર, ચંદ્રિકાબેન વિનોદકુમાર તન્ના, ઉષાબેન રાજેશકુમાર મોદીના ભાઈ. તા. ૧૫-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થના સભા સોમવાર, ૧૭-૮-૨૬ના સાંજે ૪.૩૦થી ૬, સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી સંઘ, એસ.વી.રોડ, શંકરના મંદિરની સામે, કાંદિવલી (પશ્ચિમ)માં રાખવામાં આવેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે)

### કચ્છી બ્રહ્મક્ષત્રિય

મોટા ધાવડા હાલે થાણા ઘોડબંદર રોડ રમણીકલાલ નરશી છાટબાર (ઉં. વ. ૮૦) તા.૧૫/૮/૨૬ના રામ શરણ થયેલ છે. તે કુંવરબાઈ નરશીના પુત્ર. સ્વ.ચંદ્રાવલીબેનના પતિ. બચુબાઈ મીઠુભાઈ નિર્મળના જમાઈ. સ્વ.મણિલાલ, સ્વ.કાંતિલાલ, સ્વ.પ્રતાપભાઈ, ગ.સ્વ.સરસ્વતી વાલજી વીંછીના ભાઈ. સંજય, પરેશ, મનીષા કોકિલ ધાંધાના પિતાશ્રી. જીગના, નોમિતાના સસરા. પ્રાર્થના સભા ૧૭/૮/૨૬ ને સોમવારના રોજ સાંજે ૪.૦૦ થી ૫.૦૦ પાંજી વાડી, કાંજુર માર્ગ ખાતે રાખેલ છે. દશાવ પ્રથા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ છે).

### કપોળ

મહુવાવાળા હાલ કાંદિવલી હંસાબેન નગીનદાસ શેઠના પુત્ર. જીતેન્દ્રભાઈ (ઉં. વ. ૭૨ ) કલ્પનાબેનના પતિ. તે રૂષિકેશ, કપિલના પિતાશ્રી. કૃતિ અને રિયાના સસરા. પ્રકાશભાઈ તથા ડોલર દિનેશ વોરાના ભાઈ. ધરમદાસ ત્રિભોવનદાસ સંઘવીના જમાઈ. શુક્રવાર તા. ૧૪/૦૮/૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તેમની સર્વ પક્ષીય પ્રાર્થનાસભા ૧૭/૦૮/૨૦૨૬ ના ૪ થી ૬ શ્રી વર્ધમાન સ્થાનક વાસી જૈન હોલ , એસ. વી . રોડ , કાંદિવલી (વેસ્ટ) રાખેલ છે.સર્વ લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

### ઘોઘારી મોઢ વણિક

રાણપુરવાળા હાલ કાંદિવલી અ.સૌ. પ્રફુલ્લાબેન (ઉં. વ. ૭૬) તે ચંદ્રકાન્ત ભોગીલાલ પારેખના ધર્મપત્ની. નિયતિ, આકાશના માતુશ્રી. રાજેશકુમાર, રાશિના સાસુ. મનહરભાઈ, મીનાબેનના ભાભી. વાગવડવાળા સ્વ. નારાયણદાસ લક્ષ્મીચંદ શાહના દીકરી શનિવારના રોજ તા.૧૫/૦૮/૨૬ ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૭/૦૮/૨૦૨૬ ના સાંજના ૫ થી ૭ કલાકે રાખેલ છે. સ્થળ: હાલાઇ લોહાણા બાલાશ્રમ, અતુલ ટાવર પાસે , મથુરાદાસ રોડ,કાંદિવલી (વેસ્ટ ) મુંબઈ-૪૦૦૦૬૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઇ લોહાણા

અ. સૌ ગીતાબેન (ઉં. વ. ૭૯) તે પ્રભુદાસ પરસોત્તમભાઈ દેવાણીના ધર્મપત્ની, સમીર, હિતેન્દ્ર તથા પ્રજ્ઞા મુકેશકુમાર ઠકરાર તથા નિશા રસિકલાલ હિંડોચાના માતુશ્રી, દિવાળીબેન હેમરાજભાઈ રૂપારેલના દીકરી, સ્વ. વલ્લભભાઈ, સ્વ. વ્રજલાલભાઈ, સ્વ. ભાનુબેન માખેચા, સ્વ. કંચનબેન ગઢીયાના બહેન. પાર્થના દાદી. તા. ૧૫/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી ભાટીયા

અજીત પુરુષોતમ આશર (ઉં. વ. ૭૯) તે રૂપાના પતિ. તે પુષ્પા અને પુરુષોતમ (કાકુભાઇ-તિરૂપુર) આશરના પુત્ર. તે જયસિંહભાઇ અને કસ્તુરબેન અંજારીયાના જમાઇ. તે નરેશ અને મહેશના પિતાશ્રી. તે પુષ્પા તથા રીંકુના સસરા. તે નેહા, જય, પાર્થ અને આર્નવના દાદા. તે અરુણા જયકુમાર નેગાંધીના ભાઇ. તા. ૧૩-૮-૨૬ ગુરુવારના તિરૂપુર મુકામે શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### મોઢ વણિક

મોરબી નિવાસી હાલ વસઇ દિપક મગનલાલ ગાંધીના પત્ની અ. સૌ. શૈલા દિપક ગાંધી તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દિશા અને શ્રેણીકના માતુશ્રી. સ્વ. ધીરજલાલ ઉજમશી મહેતા અને જયુબેન ધીરજલાલ મહેતા (રાણપુર) હાલ મુલુંડના દીકરી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

### કપોળ

જાફરાબાદવાળા સ્વ. મંજુલાબેન નાગરદાસ છગનલાલ મહેતાના સુપુત્ર મનસુખલાલ (ઉં. વ. ૮૦) તા. ૧૫-૮-૨૬ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કોકીલાબેનના પતિ. નેહા, જયકુમાર ગોકાણી તથા હેતાના પિતાશ્રી. તથા કવીરના નાનાશ્રી. તે બિપીનભાઇ, પદ્માબેન, અનસુયાબેન અને પલ્લવીબેનના ભાઇ. તે શ્વસુર પક્ષે સ્વ. ધીરજલાલ નરોતમદાસ ગોરડીયાના જમાઇ.

### મોઢ વણિક

સાંતાક્રુઝ નિવાસી રસીલાબેન નવીનભાઇ પટેલ (ઉં. વ. ૯૩) તા. ૧૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નવીન પ્રીતમલાલ પટેલના પત્ની. શમીક અની બીનાના માતા. બીમલભાઇ અને ભકતીના સાસુ. વિનીત, મીરલ, યશ્વી, શિલ્પા અને કુશના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

# ઉલ્હાસનગરમાં ઘરનો સ્લેબ તૂટી પડતા રહેવાસી જખમી

મુંબઈ: પાલિકાની ઉદાસિનતાને કારણે ઉલ્હાસનગર શહેરમાં જોખમી અને જૂની બિલ્ડિંગ સમસ્યા વર્ષોથી રહી છે, જેમાં શહેરના કેમ્પ નંબર ત્રણમાં સાઈબાબા નગર પરિસરમાં રહેલી લગભગ પચીસ વર્ષ જૂની ઈમારતમાં બપોરના એક ફ્લેટની છતનો સ્બેલ તૂટી પડતા રહેવાસી જખમી થયો હતો.

ઉલ્હાસનગરપાલિકાના અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને બિલ્ડિંગની હાલતને જોઈને તાત્કાલિક તેને ખાલી કરાવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કુમાઉ અપાર્ટમેન્ટમાં રવિવારે બપોરના ફ્લેટનો સ્લેબ અચાનક તૂટી પડતા ફ્લેટમાં રહેતા વિનોદ કચરે ગંભીર રીતે જખમી થયા હતા.

સ્લેબ તૂટી પડવાને કારણે થયેલા અવાજને પગલે આજુબાજુના રહેવાસીઓ દોડી આવ્યા હતા અને તેને કાટમાળ હેઠળથી બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો.

આ દરમ્યાન ફ્લેટનો સ્લેબ તૂટયો હોવાની જાણ થતા ઉલ્હાસનગર મહાપાલિકા અધિકારી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બિલ્ડિંગની હાલત અને સ્લેબ તૂટયો હોવાની બિલ્ડિંગની જોખમી હાલત જણાઈ આવતા પાલિકાએ તાત્કાલિક કુમાઉ આપાર્ટમેન્ટને ખાલી કરવા માટે રહેવાસીઓને આદેશ આપ્યો હતો.■

# ગણેશ ચતુર્થી માટે મુંબઈવાસીઓને રેલવેની ખાસ ભેટ, સ્પેશિયલ ટ્રેનો વધારાની ટ્રીપ ચલાવશે

મુંબઈ: પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા માટે અને ગણેશ ચતુર્થી તહેવાર દરમિયાન વધારાના ધસારાને પહોંચી વળવા માટે વિવિધ ગણેશ ચતુર્થી સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ ચલાવશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પશ્ચિમ રેલ્વે પહેલાથી જ ગણેશ ચતુર્થી સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત કરી ચૂકી છે. હવે મુસાફરોની માગને ધ્યાનમાં રાખીને, હવે આ ગણેશ ચતુર્થી સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૧. ટ્રેન નં. ૦૯૦૧૩ મુંબઈ સેન્ટ્રલ - ઠોકુર સ્પેશિયલ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વધારાની ટ્રીપ ચલાવશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૧૪ ઠોકુર - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વધારાની ટ્રીપ ચલાવશે.

૨. ટ્રેન નં. ૦૯૦૧૯ મુંબઈ સેન્ટ્રલ - સાવંતવાડી રોડ સ્પેશિયલ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વધારાની ટ્રીપ ચલાવશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૨૦ સાવંતવાડી રોડ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલની વધારાની ટ્રીપ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.

૩. ટ્રેન નં. ૦૯૦૩૫ બાંદ્રા ટર્મિનસ - રત્નાગિરી અનરિઝર્વ્ડ સ્પેશિયલની વધારાની ટ્રીપ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૩૬ રત્નાગિરી - બાંદ્રા ટર્મિનસ અનરિઝર્વ્ડ સ્પેશિયલની વધારાની ટ્રીપ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.

૪. ટ્રેન નં. ૦૯૦૩૦ વલસાડ-રત્નાગિરી સ્પેશિયલ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૨૯ રત્નાગિરી-વલસાડ સ્પેશિયલની વધારાની ટ્રિપ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.

૫. ટ્રેન નં. ૦૯૦૨૨ ઉધના-રત્નાગિરી સ્પેશિયલ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વધારાની ટ્રિપ ચલાવશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૨૧ રત્નાગિરી-ઉધના સ્પેશિયલ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વધારાની ટ્રિપ ચલાવશે.

૬. ટ્રેન નં. ૦૯૧૧૪ વડોદરા-રત્નાગિરી સ્પેશિયલ ૮ સપ્ટેમ્બર અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વધારાની ટ્રિપ ચલાવશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૧૩ રત્નાગિરી-વડોદરા સ્પેશિયલ ૯ સપ્ટેમ્બર અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વધારાની ટ્રિપ ચલાવશે.

૭. ટ્રેન નં. ૦૯૧૧૦ વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલ વધારાની ટ્રિપ ચલાવશે. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૦૯ રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલની વધારાની ટ્રીપ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દોડશે.

૮. ટ્રેન નંબર ૦૯૧૨૪ વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલની વધારાની ટ્રીપ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૨૩ રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલની વધારાની ટ્રીપ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.

ટ્રેન નંબર ૦૯૦૧૩, ૦૯૦૧૯, ૦૯૦૩૦, ૦૯૦૨૨, ૦૯૧૧૪, ૦૯૧૧૦ અને ૦૯૧૨૪ની વધારાની ટ્રીપ માટે બુકિંગ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઇઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને કોચની રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો ભારતીય રેલ્વેની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

દરમિયાન, આ સ્વતંત્રતા દિવસે, ગરીબ અને વંચિત બાળકોની વેલફેર સંસ્થા સલામ બોમ્બે ફાઉન્ડેશન સાથે મળીને શહેરી પરિવહન બસ સેવા સિટીફ્લોએ ફાઉન્ડેશનના ૧૫ વિદ્યાર્થીઓના જૂથને સમગ્ર મુંબઈમાં એક શૈક્ષણિક પ્રવાસ પર લઈ ગયા, જેમાં શહેરના ઇતિહાસ, વારસો, સંસ્કૃતિ અને સમકાલીન ઓળખને એક જ સફરમાં એકસાથે લાવવામાં આવી. વિદ્યાર્થીઓએ ગેટવે ઓફ ઈન્ડિયા, મણિ ભવન અને ઓગસ્ટ ક્રાંતિ મેદાન અને સર જેજે સ્કૂલ ઓફ આર્ટ ગેલેરીની સાથે બાલ ગંગાધર તિલકના સ્મારક, પેરાડોક્સ મ્યુઝિયમની મુલાકાત પણ શામેલ હતી. ■

# મુંબઈ પોલીસે ૧૦૦ કિલોના લોગરહેડ કાચબાને બચાવ્યો

મુંબઈ : મુંબઈ પોલીસના કર્મચારીઓએ ૧૦૦ કિલો વજન ધરાવતા લોગરહેડ દરિયાઈ કાચબાને બચાવ્યો છે. આ કાચબો અરબી સમુદ્રની સપાટી પર તરવામાં મુશ્કેલી અનુભવી રહેલો જણાતાં પોસીસે તેને રેસક્યુ કર્યો હોવાનું એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

કાચબાને પેટ્રોલિંગ બોટમાં કિનારે લાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેને સારવાર અને પુનર્વસન માટે આરએડબલ્યુડબલ્યુ (રેસ્કિંક એસોસિએશન ફોર વાઇલ્ડલાઇફ વેલ્ફેર)ને સોંપવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

યલો ગેટ પોલીસ સ્ટેશનની એક ટીમે પ્રાદેશિક પાણીમાં પેટ્રોલિંગ કરતી વખતે કાચબાને મુશ્કેલીમાં મૂકાઇ ગયેલો જોયો અને ત્વરીત નિર્ણય લઇને તેને બચાવી લીધો હતો. કાચબાની તપાસ અને સારવાર બાદ તેને નિરિક્ષણ હેઠળ રાખીને યોદ્ય ઉપચાર કરવામાં આવ્યા હતા.

મેન્ગ્રોવ સેલની સૂચના પર, તેને વન વિભાગના અધિકારીઓ અને આરએડબલ્યુડબલ્યુ સભ્યોની ટીમ દ્વારા ડબલ્યુસીએડબલ્યુએ (વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન એન્ડ એનિમલ વેલ્ફેર એસોસિએશન) દ્વારા સંચાલિત દહાણુમાં આવેલા સી ટર્ટલ ટ્રાન્ઝિટ ટ્રીટમેન્ટ સેન્ટરમાં ખસેડવામાં આવી રહ્યો છે. મુંબઈમાં દરિયાઈ કાચબાની સારવાર માટે કોઈ સમર્પિત સુવિધા નથી, એમ અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

# એર ઈન્ડિયા ભવન પર સંયુક્ત મહારાષ્ટ્રના શહીદ હુતાત્માઓના નામ કાયમી ધોરણે પ્રદર્શિત કરાશે

મુંબઈ: સંયુક્ત મહારાષ્ટ્રની રચના માટેના ઐતિહાસિક આંદોલનમાં શહીદ થયેલા ૧૦૬ હુતાત્માઓને હવે દક્ષિણ મુંબઈના એર ઈન્ડિયા ભવનમાં કાયમી સન્માન આપવામાં આવશે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા હસ્તગત કરવામાં આવેલા એર ઈન્ડિયાના નવા વહીવટી ભવન પર આ ૧૦૬ શહીદોના નામ કાયમી ધોરણે પ્રદર્શિત કરાશે, એમ રાજ્યના સાંસ્કૃતિક પ્રધાને જણાવ્યું હતું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૧૦૬ હુતાત્માના નામ ભવન પર પ્રદર્શિત કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે ફડણવીસે રાજ્યના મુખ્ય સચિવને જરૂરી કાર્યવાહી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો હોવાની માહિતી રવિવારે આશિષ શેલારે આપી હતી. સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલન દરમિયાન અલગ મહારાષ્ટ્ર રાજ્યની રચનાની માગ સાથે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતર્યા હતા. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પ્રજાનો બોજ વધારે નહીં પણ હળવો કરે તે રાજા ઉત્તમ...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

મારાં ભાઈ-બહેનો, હું કોઈ ગ્રંથમાં એક વાત વાંચતો હતો જે મને સારી લાગી કે રાજા કોણ? રાજા કેવો હોવો જોઈએ? નૃપનીતિ કેવી હોવી જોઈએ? ભગવાન રામે ભરતજીને રાજનીતિ શીખવીને એક વૈશ્વિક વિચાર આપ્યો હતો. જેણે પણ રાજ્ય ચલાવવું હોય તે સૌએ વિચારવું જોઈએ કે રાજા કેવો હોવો જોઈએ.

अपुत्रस्य नृपः पुत्री निर्धनस्य धनं नृपः।
अमातुर्जननी राजा ह्यातस्य पिता नृपः ।।
अनाथस्य नृपो नाथो हाभर्तुः पार्थिवः पति।।

રાજા કેવો હોય? રાજ્યનું સંચાલન કરનાર કેવો હોય? રાજ્યમાં કોઈને પુત્ર ન હોય તો રાજા તેનો પુત્ર બની જાય. કોઈ વૃદ્ધ પરિવાર હોય કે જે અપુત્ર હોય તો રાજાનું કર્તવ્ય છે કે તેવા પરિવારનો પુત્ર તે સ્વયં બને. જેની પાસે ધન નથી તેનું ધન રાજા સ્વયં બને. બહુ અદ્ભુત વાત છે. આ કઠિન વાત છે, પરંતુ ક્યારેક ને ક્યારેક તો કોઈએ તો આવું કરવું પડશે. ત્યારે રામરાજ્ય આવશે બાકી તો રામરાજ્યના કેવળ નારા જ લાગતા રહેશે.

જેની મા નથી તો રાજા તેની મા બની જાય ! જેને પિતા નથી તેનો પિતા રાજા બને. બેટા, તું ચિંતા ન કર, હવેથી હું તારો પિતા છું ! જે અનાથ છે તેનો નાથ રાજા બને. એનો રક્ષક બને. સેવકનો સ્વામી બને. જે વ્યક્તિના ઘરમાં સેવક ન હોય તો રાજા તેવા પરિવારનો સેવક બને, નોકર બને. કોઈ સમજદાર વ્યક્તિ રાજાને નોકરીએ નહીં રાખે પણ કમસેકમ એવો ભાવ તો બને !

પહેલાનાં સમયમાં એવું થતું કે રાજા પોતાનો વેશ બદલી પોતાના રાજ્યની સ્થિતિ જોતા રહેતા. એક નગરમાં સવારના સમયમાં એક રાજા પોતાનો વેશ બદલી નગરમાં નીકળ્યો છે. જે વિસ્તારમાં ગરીબો રહેતા હતા તે તરફ જાય છે. એક બૂઢી માતાજી એક ટોપલામાં છાણ ભેગું કરી ઊભી હતી. ટોપલો એટલો ભારે હતો કે તે એકલી તેને માથે ચઢાવી શકે તેમ નહોતી. એટલામાં આ રાજા નીકળ્યો એટલે માતાએ કહ્યું કે 'બેટા, અહીં આવ, મને જરા મદદ કરને.' રાજાએ પૂછ્યું 'શું કામ છે?' બૂઢી માએ કહ્યું કે 'ભગવાન તને દીર્ઘાયુ કરે, સારું થયું કે તું અહીંથી નીકળ્યો. આ છાણનો ટોપલો મારા માથે ચઢાવી દે ને !' રાજાએ તે વૃદ્ધ માને મદદ કરી ને છાણનો ટોપલો તેના માથા પર ચઢાવી દીધો. રાજા મનોમન ખુશ થયો કે આજે મેં



એક સારું કાર્ય કર્યું. મેં સેવા કરી. જેણે કોઈ ભાઈ કે સહારો નથી એની નોકરી મેં કરી, તેનો ભાઈ કે પુત્ર બન્યો !

રોજિંદા ક્રમ અનુસાર સવારમાં દસ વાગ્યે રાજ્યનો દરબાર ભરાયો છે. બધા દરબારીઓ હાજર છે. તે સમયે રાજાને થયું કે મેં આજે જે કામ કર્યું છે તેની સૌને જાણ કરું. મારા સચિવો, દરબારીઓ સૌની સામે તે વાત મૂકું તો કદાચ મારા દરબારીઓને તેમાંથી સેવાની પ્રેરણા મળે. રાજાએ કહ્યું કે 'સૌ સાંભળો, આજે સવારે હું વેશપલટો કરી રાજ્યની સ્થિતિ જોવા ગયો હતો ત્યારે એક વૃદ્ધ મા પોતાનો છાણનો ટોપલો લઈ બેઠી હતી. તેના એકલીથી તે ટોપલો માથા પર ચઢી શકે તેમ નહોતું. તેણે કહ્યું કે બેટા, જરા આ ટોપલો માથા પર ચઢાવવામાં મદદ કર ને ! તેથી સમ્રાટ હોવા છતાં તેનો ગોબરનો ટોપલો તેનાં માથે ચઢાવવામાં મેં મદદ કરી.' આ સાંભળી બધા દરબારીઓ ખૂબ ખુશ થયા અને તાળીઓના ગડગડાટથી એ વાતને વધાવી લીધી, પરંતુ એટલામાં તો એક સચિવ ઊભા થયા. પોતાનો રાજીનામું આપતો પત્ર રાજાને આપ્યો! સહુ અવાચક બની આ જોઈ રહ્યા. રાજાએ પણ કહ્યું કે માફ કરજો, આપ મારા રાજ્યના જૂનાં અને મહત્ત્વના વિશેષ મંત્રી છો, કેમ રાજીમાનું આપો છો? ત્યારે એ મંત્રીએ કહ્યું કે રાજન, સારા રાજામાં ચાર બાબતો હોવી જરૂર છે.

એક, રાજામાં અન્વેષણાત્મક બુદ્ધિ હોવી જોઈએ. બીજું તેની પાસે વાર્તાશક્તિ હોવી જોઈએ. તેની પાસે ત્રયીવિદ્યા હોવી જોઈએ અને તેની પાસે દંડ હોવો જોઈએ. જે રાજમાં આ ન હોય ત્યાં રહેવું અશક્ય છે, મને માફ કરો અને મને મુક્ત કરો. અન્વેષણાત્મક વિદ્યા એટલે રાજાએ કોઈ એવા મહાપુરુષ પાસે શીખવું જોઈએ કે રાજકાજમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ આત્મ અને પરમાત્મતત્ત્વ શું છે તે સમજાયું હોવું જોઈએ. કારણ કે રાજ્યના ગયા પછી કોઈ વધુ મહાન પદ તરફ ગતિ કરવાની હોય છે. ત્રયી વિદ્યાનો અર્થ છે ધર્મ શું છે અને અધર્મ શું છે તેની સમજણ. સત્તા હોય કે ન હોય, સ્વાર્થને એક તરફ રાખી જે સતત ધર્મની અને અધર્મની ખોજ કરે તે રાજા ઉત્તમ કહેવાય. વાર્તાવિદ્યાનો અર્થ છે નીતિ અને અનીતિ શું છે એનું રાજાને જ્ઞાન હોવું જોઈએ. અને છેલ્લે દંડવિદ્યા, જેને લીધે વિવેક અને અવિવેકનું રાજાને જ્ઞાન આવે છે.

રાજા સમજદાર હતો. તેણે મંત્રીને પૂછ્યું કે 'મેં તો આજે સારું કામ કર્યું છે. આમાં કશું બૂરું તો નથી કર્યું. ઊલટું માતાજીને કોઈ મદદ કરનારું નહોતું તો મેં તેના સેવકની જેમ તેને મદદ કરી છે, તમે કેમ ત્યાગપત્ર આપો છો?' મંત્રીએ કહ્યું કે 'રાજન, તમે વૃદ્ધ માના માથે ટોપલો ચઢાવ્યો એને બદલે તેનો બોજ ઉતારવો એ તમારી ફરજ છે. તમે તો ગૌરવ લો છો કે મેં વૃદ્ધ માના માથા પર ટોપલો ચઢાવ્યો. નહીં, રાજાનું કર્તવ્ય છે કે આવા અનાથ અને વિધવા મા હોય તેમના શિર પર બોજ ન રહેવો જોઈએ. જો તમે તે માના ઘરે જઈ ટોપલો મૂકી આવ્યા હોત તો હું રાજીનામું ન આપત. પ્રજાનો બોજ વધારે નહીં પણ હળવો કરે તે ઉત્તમ રાજા. રાજા માટે જરૂરી છે કે તે પ્રજાનો ભાર ઓછો કરે અને તેના પર બોજ ન નાખે. તેથી મને મુક્ત કરો.'

(સંકલનઃ જયદેવ માંકડ)■

# ત્રણે લોકને વશમાં કરવાનું અદ્ભુત સામર્થ્ય તમારામાં હશે, યોગ્ય લાગે ત્યાં નિવાસ કરો

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



અરુણાસુરના પ્રાણ પંખેરુ ઊડી જતાં બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરી વિષ્ણુ, દેવર્ષિ નારદ, દેવગુરુ બૃહસ્પતિ, દેવરાજ ઇન્દ્ર, તમામ દેવગણો સહિત કૈલાસ ખાતેથી શિવગણો આવી પહોંચે છે. તમામ શિવગણો અને દેવગણો માતા પાર્વતી, ભગવાન શિવ, બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરી વિષ્ણુનો જયજયકાર બોલાવે છે. દેવર્ષિ નારદ કહે છે, 'માતા તમારા આ ભ્રામરી રૂપનો સાક્ષાત્કાર સમસ્ત સંસાર માટે કલ્યાણકારી સાબિત થશે. માતા ભ્રામરી યુગો યુગો સુધી પૃથ્વી પર બિરાજમાન રહેશે, કલિયુગમાં જે માનવી માતા ભ્રામરીના ગુણગાન ગાશે એનાથી અસુરી શક્તિઓ દૂર રહેશે.' ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન શ્રીહરિ વિષ્ણુના આશિર્વાદ લઈ દેવગણો પોત પોતાના લોક ચાલ્યાં ગયાં. માતા પાર્વતી, ભગવાન શિવ અને કુમાર કાર્તિકેય ફરી તેમની સાથે કૈલાસ પધારતાં શિવગણો આનંદ અનુભવે છે. કુમાર કાર્તિકેય માફી માગતા કહે છે, 'પિતાશ્રી મને માફ કરો તમે મને પહેલાજ ચેતવ્યો હતો કે યુદ્ધભૂમિમાં લાગણીશીલ ન થતાં તમે એક યોદ્ધા તરીકે યુદ્ધભૂમિમાં ઊતરજો, હું એક સેનાપતિ તરીકે જવાબદારી નિભાવવામાં અસફળ રહ્યો અને યુદ્ધમાં ભાવુક થઈ એક ખોટું વચન આપી બેઠો, મેં તમારી સમક્ષ અયોગ્ય વર્તણૂક કરી તમારી નારાજગી વ્હોરી, મને માફ કરો.' સમજાવતાં માતા પાર્વતી કહે છે, 'પુત્ર તમારી વર્તણૂકથી અમને દુઃખ નથી થયું પણ અન્ય દેવતાઓ અવશ્ય દુઃખી થયા છે. તમારે વચન આપવું પડશે કે આવનારા સમયમાં કોઈપણ અસુરની માયાજાળમાં નહીં ફસાઉં.' કુમાર કાર્તિકેય કહે છે, 'માતા તમારા અને પિતાજીના આશીર્વાદથી હું દેવગણો પર આવનારા સંકટને હંમેશાં દૂર કરીશ.' વાતાવરણ પ્રફુલ્લિત થતાં જ ભગવાન શિવ કહે છે, 'કુમાર તમે કૃત્તિકા લોકથી ક્રોધિત અવસ્થામાં ક્ષીરસાગર ગયા હતા. તમારી કૃત્તિકા માતાઓ (સીવા, સંભુતી, પ્રિતી, સન્નતી, અનાસુયા અને ક્ષમા) ખૂબ પીડા અનુભવી રહી છે, તમારે ત્યાં જઈ જવું પડશે, કૃત્તિકા માતાઓના સ્નેહનું પાન કરવું પડશે.' વસ્તુસ્થિતિનું ભાન થતાં જ કુમાર કાર્તિકેય તુરંત કૃત્તિકા લોક તરફ પ્રયાણ કરે છે. કૃત્તિકા લોક પહોંચતાં જ માતાએ કુમારને ઘેરી વળે છે.

કુમાર કાર્તિકેય માતા સીવા, માતા સંભુતી, માતા પ્રિતી, માતા સન્નતી, માતા અનાસુયા અને માતા ક્ષમાના આશીર્વાદ લે છે. હાસ્યની છોળ ઉડાડતાં માતા સંભુતિ કહે છે, કુમાર તમે ક્રોધિત અવસ્થામાં ખૂબ કદરૂપા લાગતા હતા. પણ આજે તમે ખૂબ પ્રેમાળ લાગી રહ્યા છો.' ઘણા સમયથી માતાઓના ભોજનરૂપી સ્નેહથી દૂર રહેલા કુમારની માગણી થતાં જ કૃત્તિકા માતાઓ ભોજન બનાવવામાં વ્યસ્ત થઇ જાય છે.

* * *

માતા સન્નતીઃ 'કુમાર ભોજન તૈયાર છે.'

કુમાર કાર્તિકેયઃ 'માતા હું સ્વહસ્તે તો ભોજન દરરોજ કરું છું પણ માતાઓ તમારા હાથે આરોગેલા ભોજનનો સ્વાદ કંઈ અલગ જ હોય છે.'

માતા સીવા, માતા સંભુતી, માતા પ્રિતી, માતા સન્નતી, માતા અનાસુયા અને માતા ક્ષમાના હાથે કુમાર કાર્તિકેય ભોજન આરોગે છે.

કુમાર કાર્તિકેયઃ 'માતા તમે હંમેશાં મને તમારા હાથે ભોજન કરાવ્યું છે, પણ આજે હું મારા હાથે તમને પણ ભોજન કરાવીશ.'

કુમાર કાર્તિકેયના હાથે માતાઓ ભોજન કરી જીવનમાં સંતુષ્ટી અનુભવે છે. પોતાના આગમનથી માતાઓને થઈ રહેલા આનંદને જોઈ કુમાર કાર્તિકેય થોડો સમય કૃત્તિકા લોક નિવાસ કરે છે.

* * *

બીજી તરફ બ્રહ્મલોક ખાતે બ્રહ્માજી ધ્યાન મગ્ન હોય છે. ધ્યાન દરમિયાન તેમને બગાસું આવે છે. એ બગાસામાંથી એક સિંદૂરી શરીર ધરાવતા યુવાનની ઉત્પત્તિ થાય છે. યુવાન જમીન પર પગ મૂકતાં જ બ્રહ્મલોક ભૂકંપ જેવી કંપારી અનુભવે છે.

યુવાનઃ 'તમારામાંથી મારી ઉત્પત્તિ થઈ હોવાથી આપ મારા પિતા છો, મને જણાવવાની કૃપા કરો કે તમે કોણ છો.'

બ્રહ્માજીઃ 'મારા મુખમાંથી આવેલા બગાશાથી આપનો જન્મ થયો છે. અવશ્ય હું તમારો પિતા છું, હું સૃષ્ટિનો સર્જક બ્રહ્માજી છું અને આ તમારી માતા સરસ્વતી છે.'

યુવાનઃ 'તમે મારા પિતાશ્રી છો મને મારું નામ અને ક્યાં નિવાસ કરું તેની જાણકારી આપો.'

બ્રહ્માજીઃ 'પુત્ર તમારું શરીર સિંદૂરી છે, એટલે હું તમારું નામ સિંધુર રાખું છું.

સિંધુરઃ 'પિતાશ્રી તમે મારું નામકરણ તો કરી દીધું હવે મને એ જણાવવાની કૃપા કરશો જેથી હું ત્યાં નિવાસ કરી શકું.'

બ્રહ્માજીઃ 'પુત્ર તમારામાં ત્રણે લોકોને વશમાં કરવાનું અદ્ભુત સામર્થ્ય હશે. જાઓ ત્રણે લોકમાંથી તમને યોગ્ય લાગે ત્યાં નિવાસ કરો.'

પુત્ર સિંધુર પિતા બ્રહ્માજીના આશીર્વાદ લઈ પૃથ્વી લોક તરફ નીકળી પડે છે. પૃથ્વી લોક પહોંચી એક ગામમાં ત્યાંના માનવોને હાનિ પહોંચાડવાની શરૂઆત કરે છે. એ ગામમાં ત્રાહિમામ થઇ ગયેલા માનવો એકઠા થઈ સિંધુરને કેમ સબક શિખડાવવો એની ચર્ચા કરે છે. ગામના યુવાનો એકઠા થઈ એકસાથે સિંધુર પર તૂટી પડે છે. સિંધુર ત્યાંથી પલાયન થઈ જાય છે અને બીજા ગામ પહોંચે છે. ત્યાં પણ એનું આસુરી મગજ ગામવાસીઓને ત્રાસ આપવાનું શરૂ કરે છે. ત્યાંના ગામવાસીઓ પણ એકત્ર થઈ સિંધુર પર તૂટી પડે છે. સિંધુર પાસે પલાયન થવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. ત્યાંથી પલાયન થઈ એક નદી કિનારે પહોંચે છે. એક સાધુ મહાત્મા ધ્યાન મગ્ન હોય છે.

સિંધુરઃ 'એ માનવ! તું કોણ છે આવી મોટી મોટી દાઢી રાખીને તું શું કરી રહ્યો છે.'

સાધુ મહાત્માઃ 'હું સાધુ છું, ભગવાન શિવની આરાધના કરી રહ્યો છું.'

સિંધુરઃ 'ભગવાન શિવની આરાધના કરવાથી શું મળશે.'

સાધુ મહાત્માઃ 'શું મળશે? તમને નથી ખબર?'

સિંધુરઃ 'ના.'

સાધુ મહાત્માઃ 'ભગવાનની આરાધના કરવાથી ભગવાન પ્રસન્ન થાય અને તમે જે મનવાંછિત વરદાન માગો એ આપે.'

સિંધુર વિચાર કરે છે કે પિતાશ્રીએ કહ્યું હતું કે પુત્ર તમને પંચભૂતો, દેવતાઓ, દાનવો, યક્ષો અને મનુષ્યથી કોઈ ભય ન રહે. ઇન્દ્ર કે યોગપાલ પણ તારું કંઇ બગાડી નહીં શકે. પુત્ર તમને દિવસ હોય કે રાત્રી, સજીવ કે નિર્જીવ વસ્તુથી ભય નહીં રહે. જો તું તારી ભુજાઓમાં કોઈને જકડી લેશે તો વિરોધીના શરીરના સેંકડો ટુકડા થઈ જશે. તારે ત્રણે લોકમાં જ્યાં રહેવું હોય ત્યાં રહી શકે તને કોઈ રોકી નહીં શકે. હવે મને સમજણ પડી રહી છે કે પિતાશ્રી મને પણ આરાધના કરી વરદાન માગવાનું કહી રહ્યા હતા. આટલું વિચારી સિંધુર પણ એકાંત વનમાં જઈ ધ્યાન મગ્ન થઈ જાય છે. ઘણાં વરસો સુધી ભગવાન શિવની આરાધના કરે છે. સિંધુરની આરાધનાનો સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડે છે.


માતા પાર્વતીઃ 'સ્વામી ફરી કોનો આ સ્વર કૈલાસ સુધી આવવા માંડ્યો છે, શું અસુર તો નથી ને?'

ભગવાન શિવઃ 'હા પાર્વતી એ અસુર જ છે, પણ બ્રહ્માજીનો પુત્ર છે.'

આટલું કહી ભગવાન શિવ સિંધુર પાસે પહોંચે છે. (ક્રમશઃ)■

# સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત સમાધિ

ચિંતન
હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



એમ જણાય છે કે ભગવદ્ ગીતામાં સમાધિસ્થ વ્યક્તિના લક્ષણમાં 'અનાસક્તિ'ને વધુ મહત્ત્વ અપાયું છે. 'દુઃખમાં ઉદ્વેગ ન પામવો અને સુખમાં આસક્ત ન થવું' તે તેનું લક્ષણ છે. માંડુક્ય ઉપનિષદમાં તુરીય અવસ્થાને સમાધિ તરીકે દર્શાવાઈ છે. અદ્વૈત સિદ્ધાંત પ્રમાણે સૃષ્ટિમાં પ્રવર્તમાન શાશ્વત ઐક્યની અનુભૂતિ એટલે સમાધિ. શિવ પરંપરામાં શિવ અને શક્તિના મિલન સ્વરૂપ ચૈતન્યાવસ્થા એટલે સમાધિ. એકંદરે એમ કહી શકાય કે સમાધિમાં અલિપ્તતા હોય, જાગૃતિ હોય, જ્ઞાન હોય, શાંતિ હોય, પરમ આનંદ હોય, આત્મ સાક્ષાત્કાર હોય, અલૌકિક પ્રકાશ હોય, પવિત્ર પારદર્શિતા હોય અને પૂર્ણતાની અનુભૂતિ હોય. યોગસૂત્ર મુજબ 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ' અર્થાત્ ચિત્તની વૃત્તિઓનો નિરોધ એટલે યોગ, જે અંતે સમાધિ તરફ લઈ જાય. આ ચિત્તની એવી અવસ્થા હોય છે જેમાં મનની વૃત્તિઓ શાંત થઈ જાય અને દ્રષ્ટા પોતાનાં શાશ્વત સ્વરૂપમાં સ્થિર થાય.

પતંજલિ યોગસૂત્રનાં સમાધિ પાદમાં જણાવ્યાં મુજબ સમાધિના બે મુખ્ય પ્રકાર હોય છે; સંપ્રજ્ઞાત સમાધિ અને અસંપ્રજ્ઞાત સમાધિ. સંપ્રજ્ઞાત સમાધિ એ સમાધિનો પ્રાથમિક તબક્કો છે જ્યારે વિકસિત તબક્કામાં અસંપ્રજ્ઞાત સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય. સંપ્રજ્ઞાત સમાધિમાં ઇન્દ્રિયોનો આવેગ વીરમી જાય, મન શાંત થાય, બુદ્ધિ સ્થિરતાને પામે, કલેશ નાશ પામે, ચિત્તની વૃત્તિ શૂન્યવત થાય, એકાગ્રતા સાધી શકાય, વૈરાગ્યનો ભાવ દ્રઢ થાય અને આ બધાંથી અસંપ્રજ્ઞાત સમાધિની ભૂમિકા તૈયાર થાય. અસંપ્રજ્ઞાત સમાધિ એ પરમ જાગૃતિ, પરમ ચેતના, પરમ આંતરિકતા અને પરમ પ્રકાશની સ્થિતિ છે. એમ કહી શકાય છે સંપ્રજ્ઞાત સમાધિ સબીજ છે જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિ નિર્બીજ છે. સંપ્રજ્ઞાત સમાધિ એ પ્રારંભ છે જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિ એ અંતિમ મુકામ છે.

સંપ્રજ્ઞાત એટલે પ્રજ્ઞાને કારણે પ્રાપ્ત થતું બોધ. જ્યારે પ્રજ્ઞા જાગ્રત હોય ત્યારે નિર્વિકલ્પ સ્થિતિ મુશ્કેલ બની રહે. અહીં વિષયનો બોધ જાગ્રત રહે. એમ કહી શકાય કે અહીં ધ્યાન, ધ્યેય અને ધ્યાતાનો ભેદ પરખાય. અહંકાર અને સમાધિ પ્રાપ્ત કરવાની કામના હજુ પણ સૂક્ષ્મ અંશે બાકી રહે.


સંપ્રજ્ઞાત સમાધિને કોઈ સૂક્ષ્મ આધારની આવશ્યકતા રહે છે. અહીં ચિત્ત એક વિષય પર સ્થિર હોય અને તે વિશે સભાનતા પણ હોય. આ પ્રકારની સભાનતા સૂક્ષ્મ અવરોધ પણ બની રહે. યોગસૂત્રમાં ચિત્ત જે પ્રકારના વિષયોમાં સંલગ્ન થાય છે તેનાં વર્ગીકરણને આધારે સંપ્રજ્ઞાત સમાધિનાં ચાર ભેદ દર્શાવાયાં છે. વિતર્કાનુગત સમાધિ, વિચારાનુગત સમાધિ, આનંદાનુગત સમાધિ અને અસ્મિતાનુગત સમાધિ. વિતર્કાનુગત સમાધિમાં મૂર્તિ, મંત્ર, શ્વાસ, હૃદયનાં ધબકાર કે ઈશ્વરના કોઈ સ્વરૂપ પર ધ્યાન કેન્દ્રિત કરાય છે. ધ્યાનના આ વિષયોમાં સ્થૂળ બાબતનો આધાર રહેતો હોય છે તેમ કહી શકાય. વિચારાનુગત સમાધિમાં આવો આધાર તન્માત્રા, પ્રાણ, શરીરનાં ચક્રો તથા વાયુ જેવી સૂક્ષ્મ બાબતો હોય છે. આનંદાનુગત સમાધિમાં અંતઃકરણ અત્યંત શુદ્ધ ભાવથી થતાં આનંદ પર ધ્યાન કેન્દ્રિત રહે છે. એક રીતે આ બ્રહ્માનંદ નહીં પરંતુ સત્ત્વગુણની પરમ સ્થિતિથી અનુભવમાં આવેલો શુદ્ધ આનંદ હોય છે. અસ્મિતાનુગત સમાધિમાં 'હું'નો અત્યંત સૂક્ષ્મ અહંભાવ હજુ જાગ્રત હોય છે. અહીં જ્ઞાન અને જ્ઞેય લુપ્ત થઈ જાય પરંતુ જ્ઞાતા હાજર હોય. વળી અહીં 'હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું' તેનાં પર ધ્યાન રહે. એક વિચારધારા પ્રમાણે વિતર્કાનુગત સમાધિને બે વિભાગમાં વર્ગીકૃત કરાય છે; સવિતર્ક વિષય જેમાં તર્કને આધારે સ્થૂળ બાબત ધ્યાનમાં રહે અને નિર્વિતર્ક વિષય જેમાં તર્ક વિના સ્થૂળ બાબત ધ્યાનમાં રહે. તેવી જ રીતે વિચારાનુગત સમાધિમાં સુવિચાર વિષય જેમાં વિચારને આધારે સૂક્ષ્મ તત્ત્વ ધ્યાનમાં રહે, નિર્વિચાર વિષય જેમાં વિચાર વિના સૂક્ષ્મ તત્ત્વ પર ધ્યાનની ચર્ચા થતી હોય છે. આ બંને પ્રકારનાં તર્ક, બંને પ્રકારનાં વિચાર, આનંદ અને અસ્મિતા સાથે પ્રાપ્ત થયેલી સમાધિને સંપ્રજ્ઞાત સમાધિ કહેવામાં આવે છે. કેટલાંક શાસ્ત્રમાં આને સવિકલ્પ સમાધિ પણ કહેવાય છે.

અસંપ્રજ્ઞાત સમાધિને સમાધિની અંતિમ અને સર્વોચ્ચ અવસ્થા ગણાય છે. અહીં નથી રહેતો કોઈ વિચાર કે વિષય, અહીં નથી હોતો જ્ઞાતા કે તે પ્રમાણેનો અહંકાર, અહીં નથી હોતી જે તે પ્રકારનાં સંધાનની ઈચ્છા કે સંધાનથી મુક્તિની ચાહના; આ એક પૂર્ણ ચૈતન્યના અસ્તિત્વ માત્રની સ્થિતિ છે. આ સમાધિને કેટલાક શાસ્ત્રમાં નિર્વિકલ્પ સમાધિ પણ કહેવામાં આવે છે. સરળતાથી સમજવા માટે આ પ્રકારની સમાધિને કૈવલ્ય, નિર્વાણ, મોક્ષ, તુરીયાતીત, બ્રહ્મ-સાક્ષાત્કાર, અપરોક્ષાનુભૂતિ, મુક્તિ અને બ્રહ્મસ્થ શબ્દો વડે વર્ણવાય છે. અહીં નથી રહેતું સ્થૂળ અસ્તિત્વનું ભાન કે નથી રહેતી સૂક્ષ્મ અસ્તિત્વની ઉપયોગિતા. કારણ સ્વરૂપની અનુભૂતિથી અહીં શુદ્ધ આંતરિક પ્રકાશ, અકલ્પનીય શાંતિ, પ્રત્યેક સાંસારીક બાબતથી અલિપ્તતા, અદભુત જ્ઞાન, સંપૂર્ણ પૂર્ણતા અને વાસ્તવિક નિર્લેપતા અનુભવમાં આવે છે. એમ કહી શકાય જ્યાં તમામ ચિત્તવૃત્તિઓ વિરામ પામે છે અને અસ્તિત્વનો માત્ર સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશ શેષ રહે તે અસંપ્રજ્ઞાત સમાધિ. અહીં પ્રજ્ઞા એટલે કે બુદ્ધિની કોઈ આવશ્યકતા નથી હોતી. અસંપ્રજ્ઞાત સમાધિમાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયનો ભેદ નષ્ટ થતાં ચિત્ત સંપૂર્ણ નિવૃત્ત બને છે અને વ્યક્તિ પોતાનાં સ્વ-સ્વરૂપમાં સ્થિત થાય છે.

યોગસૂત્રમાં અસંપ્રજ્ઞાત સમાધિના બે પ્રકાર વર્ણવાયા છે; ભવપ્રત્યય સમાધિ અને ઉપાયપ્રત્યય સમાધિ. ભવપ્રત્યયમાં પૂર્વજન્મના સંસ્કારોને કારણે સમાધિની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતી હોય છે. ગીતામાં પણ જણાવાયું છે કે જો કોઈ યોગીનું તેની સાધના પૂર્ણ થાય તે પહેલા મૃત્યુ થાય તો, એક સંભાવના તરીકે, તેનો પછીનો જન્મ કોઈ સંસ્કારી આધ્યાત્મિક વૃત્તિવાળા કુટુંબમાં થાય; અને અહીં તેની આગળની સાધના-યાત્રા વધે અને સંપન્નતાને પામે. કહેવાય છે કે કેટલીક દિવ્ય શક્તિ ધરાવનાર વિદેહી-યોગી આ પ્રકારની સમાધિ સહજતાથી પ્રાપ્ત કરી શકે. ઉપાયપ્રત્યય સમાધિમાં વૈરાગ્ય અને અભ્યાસની આવશ્યકતા રહે. શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, ધ્યાન, પ્રજ્ઞા, એકાગ્રતા, નિશ્ચયતા, નિષ્ઠા, સાતત્યતા અને સદગુરુના માર્ગદર્શન જેવી બાબતો અહીં આધારભૂત ગણાય.

સંપ્રજ્ઞાત સમાધિમાં વિષય, વિચાર, અસ્તિત્વ અને તેનું જ્ઞાન હાજર હોય જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં તે લુપ્ત થઈ જાય. સંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્તવૃત્તિ સૂક્ષ્મરૂપે સ્થાપિત રહે જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્તવૃત્તિ શૂન્યતામાં પ્રવેશે. સંપ્રજ્ઞાત સમાધિમાં સૂક્ષ્મ અહંકાર હજુ શેષ હોય જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં જ્ઞાતાની અહંકાર-યુક્ત હાજરી પણ શેષ ન વધે. એમ કહી શકાય કે અવસ્થાની દ્રષ્ટિએ સંપ્રજ્ઞાત સમાધિ આગળનાં પ્રવાસ માટેનું એક સાધન બને જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં પ્રવાસના અંતિમ મુકામની જાણે પરાકાષ્ઠા પ્રાપ્ત થાય. એકંદરે એમ કહી શકાય કે

સંપ્રજ્ઞાત સમાધિમાં દ્વૈત ભાવ સૂક્ષ્મ સ્વરૂપે હજુ હાજર હોય જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં અદ્વૈતની અનુભૂતિ થાય. વેદાંતના અભિપ્રાય પ્રમાણે આ નિર્વિકલ્પ સમાધિ છે. મહર્ષિ વ્યાસના ભાષ્ય પ્રમાણે સંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્ત હજુ પણ પ્રકાશિત રહે છે જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્તના તમામ પ્રવાહો વિરામ પામે છે. એમ કહી શકાય કે સંપ્રજ્ઞાત સમાધિ એટલે સત્યની નજીક પહોંચવું અને અસંપ્રજ્ઞાત સમાધિ એટલે સત્યમાં વિલીન થવું. બ્રહ્મારૂઢ યોગીની સ્થિતિ એટલે અસંપ્રજ્ઞાત સમાધિ. ■




> ચાલો, આપણે એક સોદો કરીએ. મને ખબર છે તમારા માટે સોનલની બેગ અગત્યની છે. બેગમાં જે માલ છે તે હું અડધો કાઢી લઉં છું અને બેગ તમને મોકલી આપું છું...

પોણા કલાક પછી પેલા અધિકારીએ પાણી પીધું અને પોતાનો વિષય પૂરો કરતાં ભાષા બદલી હિન્દીમાં કહ્યું.

'મુઝે આશા હૈ આપ વિક્રાંત પાઈપ્સ કે આનેવાલે પ્રોજેક્ટસ કે બારેમેં સમજ ચૂકે હૈ. આપ અગર કોઈ ક્વેશ્ચન કરના ચાહતે હો તો યુ મે આસ્ક.'

થોડીવાર કોઈ બોલ્યું નહીં. જોકે, કદાચ મોટાભાગના બોરીંગ ભાષણથી કંટાળ્યા હતા. તેમ છતાં એક યુવાન દેખાતા વ્યક્તિએ અંગ્રેજીમાં જ પેલા અધિકારી સાથે ચર્ચા કરી. વધુ દસેક મિનિટ પસાર થઈ. એ અધિકારીના ભાષણ પછી પછી લંચ લઈને છૂટા પડવાનું હતું. જોકે હોટેલ સાંજ સુધી બુક કરવામાં અવેલી હતી એટલે સનત નિશ્ચિંત હતો. પણ કેટલાકને જાણે જવું જ ન્હોતું. ચર્ચાઓ લંબાયે જતી હતી અને સનત મનોમન અકળાતો જતો હતો. તેના માટે હવેની એક એક મિનિટ કિંમતી હતી. તેને જ ખબર હતી આ લોકો જેને પોતાની પત્ની માની રહ્યા છે તે સોનલ થોડીવાર પછી છૂટી પડી જવાની છે. એક સુખદ સ્મૃતિ રૂપે તેની યાદ માત્ર રહી જવાની છે. આવેલ ડેલિગેટસને કંપની તરફથી સર્ટિફિકેટ અને મોમેન્ટો અપાઈ રહ્યા હતા. સનતનું નામ બોલાયું ત્યારે કેટલાક લોકોએ ખાસ તેની સામે જોયું.

સનત પોતાની જગ્યા ઉપર બેસી ગયો. તે વખતે એક યુવાન છોકરો આવ્યો. કદાચ તે હોટેલનો વેઈટર હતો. તેણે સનતના કાન પાસે હોઠ રાખીને એકદમ ધીમેથી કહ્યું.

'સર, મેડમને કહા હૈ કી વો બાહર જા રહી હૈ આપ લંચ લે લેના.'

સનતનું મો લેવાઈ ગયું. રૂમ પર પહોંચી જવાની તેની તાલાવેલી પર ઠંડું પાણી રેડાઈ ગયું. એટલું જ નહીં સોનલ સાથે જમવાની છેલ્લી તક પણ ચાલી ગઈ. થોડીવાર પહેલાનો તેનો ઉત્સાહ ઓસરી ગયો. હવે સોનલ પાછી આવે ત્યાં સુધી એકલા જ બેસી રહેવું અથવા અહીં નિરર્થક વાતો કરવાની.

સનત ઉદાસ ચહેરે બેસી રહ્યો. પ્રોગ્રામ બાકાયદા પૂરો થયાની જાહેરાત થઈ. લંચની જાહેરાત પણ થઈ. કોઈ પોતાને બોલાવે, કશું પૂછે તે પહેલા સનત પોતાના રૂમ પર ચાલ્યો ગયો. બેડ એકદમ વ્યવસ્થિત હતું. સોનલની બેગ અને તેની બેગ જોડાજોડ પડેલી હતી. બાકીની ચીજો પણ વ્યવસ્થિત કરી દેવાઈ હતી. નીકળતી વખતે સનત પોતાના આગલા દિવસના ઉતારેલાં કપડાં એમને એમ છોડી ગયો હતો. એ કપડાં દેખાતાં ન હતા. તેણે પોતાની બેગ ખોલી. ખરેખર તેના મેલાં કપડાં પોલીથીન બેગમાં ઘડી કરીને બેગના તળિયે મુકાયેલાં હતાં. સનતનો જીવ ગળે આવી ગયો. તેને થયું સોનલ કેટલી સુશીલ અને ઘરેલુ છોકરી છે. કરોડોની માલિક હોવા છતાં તેને નાનું કામ કરવામાં જરા પણ સંકોચ નથી. અરે! મારાં કપડાંની ઘડી કરતી વખતે તેણે શું અનુભવ્યું હશે? સનતને એકાએક સોનલને ઓફર કરવાની ઈચ્છા થઈ આવી. તેણે વિચાર્યું સોનલ આવશે તો પોતે જરૂર કહેશે કે હું તારા પ્રેમમાં પડી ગયો છું. ખબર છે કે તે સ્વીકારશે નહીં. પણ છૂટા પડતા પહેલા એકવાર તેને ગળે વળગાડીને ભીંસી લેવી છે. અત્યારે સોનલ આવી ચડે તો તે બેય હાથ લંબાવે. સોનલ આનાકાની કરે તોય તેને પકડીને ભીંસી નાખે. તેની મલાખી આંખોમાં જોઈ રહેતા કહે. મને ખબર છે તું મને પરણે એ શક્ય જ નથી. છતાં તને પૂછું છું બોલ મારી સાથે લગ્ન કરીશ? સોનલ શું કહે? ગુસ્સે થાય, દલીલ કરે કે પછી ઉદાસ થઈ જાય? શું કરે સોનલ?

સનતે આંખો બંધ કરી દીધી. સોનલના દિવાસ્વપ્નમાં ખોવાઈ જવાનું તેને ગમ્યું. આગલી બે રાતના ઉજાગરા અને ભૂખને કારણે તેનું શરીર થાક્યું હતું. તેને ખ્યાલ હતો કે નીચે લંચ શરૂ થઈ ગયું હશે. પોતે જો અત્યારે જમવા નહીં જાય તો પછી બહારથી કે હૉટેલની કેન્ટીનમાંથી મગાવીને ખાવું પડશે. સોનલ કહેતી ગઈ છે કે લંચ લઈ લેજો મતલબ તે આવવાની નથી. એક જવાબદાર વ્યક્તિ તરીકે પોતે અત્યારે બધાની સાથે રહેવું જોઈએ. તેને એક જુદો વિચાર પણ આવી ગયો. હું પાછો જઈશ ત્યાં મારે અહીંની બ્રીફ આપવી પડશે. મેં કોઈ નોંધ પણ નથી રાખી કે કોણ શું બોલ્યું. જો કદાચ એ વાત મારા યુનિટમાં પહોંચે કે સનત તેની પત્ની સાથે આવ્યો હતો. તો? હું કોઈ છોકરીને પત્ની બનાવીને લઈ ગયો હતો તે જાણી મેનેજર સામે મારું કેટલું ખરાબ લાગશે?

સનતને લાગ્યું કે તેણે ક્ષણિક મોહમાં પોતાની કેરિયરને અસર થાય તેવું ન કરવું જોઈએ. તે નીચે ગયો. ત્યાં માહિતિ મળી કે લંચ લીધા પછી એક કીટ લઈ જવાની છે. જેમાં આ સેમિનારની વિગતો છે. સનતની ચિંતા ટળી ગઈ. તેને ભૂખ લાગી હતી અને સ્વાદિષ્ટ ખાણું સામે જ હતું. તેણે ધરાઈને ખાધું. મળી શકાય એવાને મળ્યો. પછી તે પોતાના રૂમ પર આવી કપડાં બદલાવી બેડ પર આડા પડી સિગારેટ સળગાવી. સિગારેટનો કસ લેતાં જ સોનલ યાદ આવી. સોનલનો ભેટો કરવામાં સિગારેટ જ નિમિત બની હતી. આગલી બે રાતોની અધકચરી નિંદરનો ભાર તેની આંખો પર આવી ગયો હતો. શરીર સૂઈ જવા ઉતાવળું થયું હતું. તેને વિચાર આવ્યો કે પોતે સૂઈ જશે અને સોનલ આવશે અને તે મળ્યા વગર ચાલી જશે તો? તેણે જાગવાનો ભરપૂર પ્રયત્ન કર્યો છતાં ઊંઘ સામે તે હારી ગયો. તેને ખબર જ ન રહી કે તે પૂરા ચાર કલાક સુતો રહ્યો હતો. અચાનક આંખ ખૂલી ત્યારે છ વાગતા હતા. તેણે પોતાનો સેલફોન જોયો. ફોનમાં પર કેટલાય અજાણ્યા મિસ્ડ કોલ પડ્યા હતા. જેમાં કેટલાક તો લેન્ડલાઈનના હતા. તેને થયું સોનલ હજુ આવી નથી, ક્યાંક ફસાઈ તો નહીં ગઈ હોય ને? તે જલદીથી બાથરૂમમાં ગયો. પણ જેવો અંદર ગયો કે તરત તેના ફોનની રીંગ વાગી. તે ઝડપથી પાછો ફર્યો. તેણે નંબર જોયા. એ લેન્ડલાઈન નંબર હતા. તેણે હલ્લો કહ્યું. તો સામેથી પુરુષ સ્વર સંભળાયો. પેલાએ સીધું કહી નાખ્યું. 'મિસ્ટર સનત લિસન મી. સોનલ હોટેલ પર આવી શકે તેમ નથી. એક ગાડી આવે છે તમે ડ્રાઈવરને તેની બેગ આપી દેશો.'

સનતને થયું કે આ બોલનાર કોણ છે, તે સોનલનો શું થાય છે તે જાણ્યા વગર તેની બેગ આપવા જવું મૂર્ખાઈ ગણાશે. તેણે સામે પ્રશ્ન કર્યો. 'તમે કોણ છો અને સોનલ પોતે ન કહે ત્યાં સુધી હું કેમ માનું કે બેગ એમને જ મળી છે.'

'જુઓ સવાલ ન કરો. સોનલ ઉપર ખતરો છે. તમે એમની મદદ કરી જ છે તો હજુ થોડી મદદ કરો.'

'સોરી મિસ્ટર હું આવું ન કરી શકું. યા તો સોનલ મને કહે અથવા તે જાતે આવીને લઈ જાય.'

સામેથી ફોન કટ થઈ ગયો.

સનતને નવાઈ લાગી. તેને થયું સોનલે જાતે શા માટે ફોન ન કર્યો. આમ તો સનતે આજે દિલ્હીમાં રોકાઈને આગ્રા જવાનો વિચાર કર્યો હતો. આજે તેને સોનલ સાથે હજુ સમય ગાળવાની ઈચ્છા હતી. પણ જે રીતે ફોન કટ થયો તે જોતાં તેને જરા વિચિત્ર લાગ્યું. ફરી તેના ફોનની રિંગ વાગી. એજ નંબર હતા. તેણે જરા અચકાતા હલ્લો કહ્યું તો સામેથી સોનલનો અવાજ સંભળાયો. તે ગભરાયેલી હોય તેવું લાગતું હતું.

'સનત મારી વાત ધ્યાનથી સાંભળો. જુઓ આ લોકો જેમ કહે છે તેમ કરો પ્લીઝ.'

'આ લોકો એટલે?' સનતના શરીરમાંથી ભયનું લખલખુ પસાર થઈ ગયું.

સોનલને બદલે ફરી એ અવાજ સંભળાયો જેણે આ પહેલા સનત સાથે વાત કરી હતી. તેનો અવાજ આ વખતે સખ્તાઈભર્યો હતો. તેણે હૂકમની ભાષામાં જ વાત કરી. 'મિસ્ટર ભરોસો આવી ગયો ને? હવે ચૂપચાપ બેગ આપી દેવાની છે. હું ગાડી મોકલું છું. સમજી ગયો ને?'

'અને જો ન આપું તો?' સનતે કહ્યું.

થોડીવાર સામે મૌન છવાઈ ગયું. સનતને નવાઈ લાગી કે તેનાથી એવું કેમ બોલાઈ ગયું. તે જવાબની રાહ જોઈ રહ્યો. સામેવાળા પુરુષે કહ્યું, 'એ તો તારે આપવી જ પડશે. સોનલ કહેશે તો આપીશ ને?'

'જો સોનલ કહે તો પણ ન આપું તો તમે શું કરશો?'

'યુ ઈડિયટ મગજ ફરી નથી ગયું ને? મરવું ન હોય તો હું કહું છું તેમ કર સમજ્યો?'

'જુઓ મિસ્ટર મને હવે બધું સમજાઈ રહ્યું છે અને હવે તો સોનલ એકવાર મારી સામે આવે પછી જ બેગ મળશે.'

સનત બરાબર કાન ઉપર સેલ ફોન ધરીને બેઠો હતો. પ્રતિપળે તેનું હૃદય તેજ ગતિથી ધડકતું જતું હતું. એકાએક મન ઉપર આવેશ કબજો જમાવતો હતો. સામેથી કોઈ જવાબ ન મળતા તેણે હલ્લો હલ્લો કર્યા કર્યું. ત્યાં ફરી સોનલનો દબાયેલો અવાજ સંભળાયો, 'સનત પ્લીઝ આ લોકો કહે છે તે પ્રમાણે બેગ આપી દો.'

'નહીં સોનલ, હું બેગ આપવા આવીશ. એમને એમ નહીં આપી દઉં.'

'શા માટે તમારો જીવ જોખમમાં મુકો છો? આ લોકો કહે તે પ્રમાણે કરો પ્લીઝ.'

સોનલ જેણે મારી સાથે વાત કરી છે એને ફોન આપ તરત સામેથી બરછટ અવાજ આવ્યો, 'ઓયે ઈજનેરના બચ્ચા, તું મરવાનો થયો છે? હું ગાડી મોકલું છું તું બેગ આપીએ દેજે.'

'હું બેગ આપીશ નહીં. તમે જ્યાં કહેશો ત્યાં હું ખુદ આવીશ. જો તમે સોનલને કશું કર્યું તો હું પોલીસ પાસે જઈશ.' ફરી સામે મૌન છવાઈ ગયું. થોડીવાર પછી સામેથી અવાજ આવ્યો. 'જો ભાઈ અમને આ છોકરીમાં જરાય રસ નથી. જો તારી પાસે રહેલી સોનલની બેગ અમને મળી જશે તો અમે છોકરીને છોડી દઈશું. જો તેં કોઈએ ચાલાકી કરી તો આ છોરી તો મરશે તું પણ મરીશ.'

સનત સમજ્યો કે એ બેગમાં જરૂર કોઈ એવી ચીજ છે જે એ લોકો માટે સોનલ કરતાં પણ કિમતી છે. તેણે અંધારામાં તીર ચલાવ્યું. જુઓ આ છોકરીએ કોઈ મારી સગી નથી, અગર તમે એને મારી નાખશો તોય પણ મને કોઈ ફરક નહીં પડે. ચાલો, આપણે એક સોદો કરીએ. મને ખબર છે તમારા માટે સોનલની બેગ અગત્યની છે. બેગમાં જે માલ છે તે હું અડધો કાઢી લઉં છું અને બેગ તમને મોકલી આપું છું.'

'અમને મૂરખ સમજી રહ્યો છે તું? ચાલો તો પણ મને મંજૂર છે. પણ એ માટે બેગ લઈને તારે એ ગાડીમાં આવવું પડશે સમજ્યો?'

'ઓકે, મંજૂર હૈ.' સનતે કહી નાખ્યું. જો થોડીવાર પછી એક બોલેરો ગાડી આવશે. તારે એમાં બેસી જવાનું છે. જરા પણ ચાલાકી કરી તો ત્યાં જ ગોળી છૂટશે. ગાડીના નંબર નોટ કર. સનત પેલાએ કહ્યા એ નંબર લખ્યા અને સામેથી ફોન કટ થયો.

અચાનક સનતનું શરીર કંપતું હતું. તેને સમજાતું ન હતું કે પોતે શું કરી રહ્યો છે. તેણે ઝડપથી સોનલની બેગ ખોલી. બેગના તમામ ફોલ્ડર તપાસી લીધા. પણ એવી કોઈ ચીજ ન દેખાઈ કે જેના માટે પેલો સોદો કરવા તૈયાર થઈ ગયો. એ બેગમાં સોનલના કપડાં અને થોડાંક ડોક્યુમેન્ટ્સ સિવાય એવું કંઈ જ ન હતું જે કિંમતી ગણાય. તેને થયું આવું કેમ બને? તેના કપાળમાં સળ પડ્યા. તેણે ગાડીનો નંબર યાદ કર્યો અને ઝડપથી પોતાની અને સોનલની બેગ ઉપાડી નીચે ઊતરવા લાગ્યો. (ક્રમશઃ)■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. **પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તેજ | ચકચકિત |
| તેજસ્વી | તિમિર |
| તેજી | સુસ્ત |
| તેજીલું | મંદી |
| તેજહીન | નિસ્તેજ |

## માતૃભાષાની મહેક

તેજ એટલે પ્રકાશ, તેજસ્વી એટલે દમામદાર અને તેજી એટલે ચડતી. તેજીએ તેજી અને મંદીએ મંદી દેખાય કહેવતમાં મનમાં જેવા વિચારો આંટા મારતા હોય એવી દૃષ્ટિ કેળવાય એ ભાવાર્થ છે. તેજીને ટુંકારો ને ગધેડાને ડફણાં કહેવતમાં સમજુ વ્યક્તિને થોડું કહેવાથી ઘણી અસર થાય છે, પણ ગમારને ગમે તેટલું સખત કહ્યાથી પણ શરમ આવતી નથી એ ભાવાર્થ છે.

## ગુજરાત મોરી મોરી રે

૨૦૦ વર્ષ જૂનું અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્વયંભૂ શિવજીનું ખારેશ્વર મહાદેવ મંદિર કયા શહેર નજીકના ગામમાં સ્થિત છે?

અ) ધોળકા બ) કોડીનાર
ક) રાજપર ડ) ધ્રાંગધ્રા

## ઈર્શાદ

*જીવ, તું ઉચાટ શીદને હૈયે ધરે,*
*મર્યા વિણ નવું જીવન ક્યાંથી મળે?*
*-- લોક રચના*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | | ■ |
| ૮ | ૯ | | | ■ | | ■ | ૧૦ | | ૧૧ |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ | ■ | |
| ■ | | ■ | ■ | ■ | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | | | ■ | ૧૭ | ■ | ■ | ■ | | ■ |
| | ■ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | ૨૧ | | ■ | | ■ | ૨૨ | | | ૨૩ |
| ■ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ | |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | | |

## આડી ચાવી

૧. ચૈત્રસુદ પૂનમ, મરાઠીઓનું નવું વર્ષ (૫)
૪. ગાયનું બરાડવું (૪)
૬. ઢોરને પાણી પીવાનો કુંડ (૩)
૮. જૈન સાધુની પૂંજણી, ઓઘો (૪)
૧૦. બાગ (૩)
૧૨. ગુણ, પાડ (૨)
૧૩. ---માં પ્રવૃત્તિ કરો (૩)
૧૪. યશ, ખ્યાતિ, ટેક (૩)
૧૬. અમીર, જાગીરદાર (૩)
૧૮. ઓછપ, કમી (૩)
૧૯. સોબતની અસર (૨)
૨૦. આનંદ ખાતર કરેલી મશ્કરી (૩)
૨૨. સાથી, બાઈબંધ (૪)
૨૪. ભૂમિ (૩)
૨૬. લવારો (૪)
૨૭. જોખમ ભરેલું, ભયંકર (૫)

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ર | ૩ ધ | ના | ■ | ■ | ૪ આ | ૫ સ | પા | ૬ સ |
| ૭ ખ | ત | મ | ■ | ૮ પ | રં | પ | રા | ■ | ત્વ |
| ર | ■ | શો | ■ | ત્ર | ■ | ■ | ૯ સ | ધ્ધ | ર |
| ■ | ૧૦ ફા | ળ | ■ | ૧૧ કા | મ | ૧૨ સ | ર | ■ | ■ |
| ■ | જ | ■ | ૧૩ શ | ર | ■ | ન્મ | ■ | ૧૪ ધ | જા |
| ૧૫ ઢો | લ | ■ | રી | ■ | ૧૬ ઈ | તિ | ■ | ર | ■ |
| ■ | ■ | ૧૭ ફા | ર | ગ | ત | ■ | ૧૮ અ | મી | ■ |
| ૧૯ શ | ક | ટ | ■ | ■ | રા | ■ | વ | ■ | ૨૦ જ |
| ર | ■ | ૨૧ ફૂ | ૨૨ લ | ણ | જી | ■ | ૨૩ સા | ૨૪ હ | સ |
| ૨૫ ટ | પો | ટ | પ | ■ | ■ | ૨૬ કુ | દ | ર | ત |

## ઊભી ચાવી

૧. ગુજરાતનું (૩)
૨. એકાગ્ર, લીન (૪)
૩. જોરથી વહેતો પ્રવાહ, પાણીનું વહેણ (૨)
૪. ભેદ, ગુપ્ત વાત (૨)
૫. રીત, રિવાજ (૩)
૭. શત્રુવટ, દ્વેષ (૪)
૯. બંદોબસ્ત, વ્યવસ્થા (૪)
૧૧. સત્યાનાશ, વંશનો ઉચ્છેદ (૩)
૧૫. --- આપવી=કામ પરથી કાઢી મૂકવું તે (૪)
૧૬. ઝીણી ધૂળ (૩)
૧૭. નમે નહીં તેવું (૪)
૧૯. પુષ્કળ, અપાર (૪)
૨૧. જગત, વિશ્વ (૩)
૨૩. અન્નજળ, દોણાપાણી (૩)
૨૪. મૂઢ, બેવકૂફ (૨)
૨૫. --- માં છોકરું ને ગામમાં ગોત્યું (૨)

## ઓળખાણ પડી?

રામાયણના પ્રસંગ અનુસાર રાજધર્મ સાટુ શ્રી રામે સીતાત્યાગ કર્યા બાદ મૈયા જે તપેશ્વરી મંદિરમાં રહ્યા હતા એ ક્યાં છે?

અ) અયોધ્યા
બ) ભોપાલ
ક) કાનપુર
ડ) ભુવનેશ્વર



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'મર્કટ ને વળી મદિરા પીએ' પંક્તિમાં મર્કટનો અર્થ શું થાય એ જણાવો.

અ) મારિચ બ) મગર ક) શાહમૃગ ડ) વાનર

## માઈન્ડ ગેમ

સુરખાબ, સારસ તેમજ અન્ય યાયાવર પક્ષીઓ માટે પ્રસિદ્ધ અને સંરક્ષિત થોળ વન્યજીવન અભયારણ્ય કયા રાજ્યમાં છે ?

અ) બિહાર બ) મહારાષ્ટ્ર ક) ગુજરાત ડ) કેરળ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૨ | ૯ | ૩ | |
| ૨ | ૬ | | | ૧ | | | | ૮ |
| ૮ | | | ૯ | | | | ૭ | |
| | ૭ | | ૬ | | | | ૯ | |
| ૬ | | | | | | | | ૪ |
| | ૯ | | | | ૫ | | ૧ | |
| | ૩ | | | | ૪ | | | ૧ |
| ૫ | | | | ૬ | | | ૪ | ૯ |
| | ૪ | ૨ | ૮ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૯ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૧ | ૨ | ૯ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ |
| ૯ | ૬ | ૧ | ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૮ | ૧ | ૭ | ૫ | ૬ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૬ | ૭ | ૪ | ૮ | ૯ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તીણું | બુઠ્ઠું |
| તીવ્ર | મંદ |
| તુચ્છ | મહાન |
| તુમાખી | નમ્ર |
| તુષ્ટ | ક્રોધિત |

**ગુજરાત મોરી મોરી રેઃ**
કચ્છ

**ઓળખાણ પડી?**
મનાલી

**માઈન્ડ ગેમ :**
મધ્ય પ્રદેશ


**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
આગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શ્રદ્ધા આશર (૮) જ્યોતિ ખાંડવાલા (૯) લજિતા ખોના (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) વિપીન શાહ (૧૩) નૂતન વિપીન શાહ (૧૪) મધુલતા ચંદ્રશેખર માંકડ (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) વિણા સંપટ (૨૨) દેવેન્દ્ર સંપટ (૨૩) ધીરેન્દ્ર ઉદેશી (૨૪) પ્રતિમા પમાણી (૨૫) ભામિની સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) કમલ માતલિયા (૨૮) ભાવના કર્વે (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) હિનાબેન દલાલ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) અલકા વાણી (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) અરવિંદ કામદાર (૩૯) નંદુભાઈ અ. ગોઠી (૪૦) નિતીન જયંતીલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) સુભાષ મોમાયા (૪૩) નીતા દેસાઈ (૪૪) પુષ્પા પટેલ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) તાહેર ઔરંગાબાદવલા (૪૮) શીરીન ઔરંગાબાદવાલા

# હોલબાઈ આઈ કથિત દુહા- મરશિયા-કવિતા

દુહાની દુનિયા
ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



હોલબાઈ ઉચ્ચ ચારણ મૂળ તો પાંચાળ પ્રદેશની નિવાસીની વાંકાનેર, થાન આસપાસમાં એનો ઉછેર થયો. ઘેર થોડો ઘણો ઢોર-માલ. રાજદે માંધવ નામના ચારણ સાથે બાળપણમાં લગ્ન થયા. રાજદે સાથે એની ગાયુ-ભેંસુ સાથે ગીર કાંઠાના સાંકરોળા ગામે નેસડામાં ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. હોલબાઈ નાનપણથી જ ભક્તિના રંગે રંગાયેલા. હરિરસ મોઢે-કપાળમાં મોટો લાલ હિંગળાનો ચાંદલો.

માતા ભવાનીનું નિત્ય સ્મરણ-નામ જાપ. ભારે પવિત્ર હોલબાઈ ભક્તિથી આનંદથી જીવન વ્યતિત કરતાં. બે સંતાનો ભાઈ-બહેન ઉછરે. લાડ પામે. ગાયું-ભેસુંના દુજાણાં-સંતાનો અને બે માણસ પોતે ખાઈ-પીને ભક્તિથી દિવસો પસાર કરતા. આખા નેસમાં રાજદે ચારણ અને હોલબાઈ જુવાનીમાં પણ ડહાપણ, કોઠાસૂઝ અને ભક્તિથી બધાનું પૂછયા ઠેકાણું હતાં.

ગીર કાંઠાનું સાંકરોળા ગામ પણ ભારે સમૃદ્ધ સુખી અને આખા પંથકનું હટાણાનું ગામ હતું. ગામધણી સોખડા વાળો કાઠી પણ પ્રજાને પ્રેમથી રાખે. કોઈને પણ રોવાની-રડવાની મનાઈ. રાજાએ રાજમાં ઢંઢેરો પીટીને કાયદો કહેલો કે ગામમાં કોઈએ રોવાનું નહીં. નાના-મોટા મરણટાંણે પણ કોઈ પોક મૂકીને રડી ન શકે.

કોઈનો સમય એક સરખો તો રહેતો જ નથી. સુખ પછી દુઃખ આવે જ એ ન્યાયે રાજદે બીમાર પડ્યો. કંઈ ખાઈ ન શકે. શરીર ગળતું રહ્યું. કાયમી ખાટલો આવ્યો. હોલબાઈ અને છોકરાવની સેવા, ચાકરી, નેસના ભાઈબંધોની બેઠક-ઉઠક કારગત ન નીવડી. ત્રણ-ચાર મહિનાની માંદગીમાં એક મધરાતે રાજદેની તબિયત બહુ બગડી. આજુ બાજુ રહેતા બધાં એકઠા થયા. બે-ચાર કલાક માથુ-પગ દબાવે પણ અંતે પ્રાગડ ટાણાં પહેલાં રાજદેએ પ્રાણ છોડ્યા અને હોલબાઈ માથે આભ ફાટયું.

ચારણબાઈ નાનપણથી હરિરસનું ગાન-એ કવિતો, સ્તુતિઓ અને છંદો પણ મોઢે. દીવો પ્રગટાવીને રાજદેના દેહને ખાટલેથી ઓસરીમાં ગાયનું છાણ લીપીને એમાં સુવડાવીને હૈયાફાદ રૂદન-રોણું રોકી ન શકી. એણે ગાયેલા છ દુહા ચારણી મરશિયા સાહિત્ય પરંપરાનાં બહુમૂલ્ય મોતી છે. એનું રૂદન એનું દુઃખ એ મરશિયામાંથી પ્રગટે છે એ અવલોકીએ.

*ક્યાં જઈ કહેણી કહું, ડુંગર જેવા દુઃખની*
*સગા સંસાર સુખની, રાત્યુ વેરણ થઈ રાજદે...૧*

*આભ ફાટયું ઘર લડથડિયું, કાયાએ જડિયું કડિયું*
*જાય એકેક ઘડિયું, મારું રુદિયું ફાટે રાજદે...૨*
*ઘરબાર વીણા ઘાંઘા થિયાં, ગોઠયું નો ક્યાંય ગોઠે*
*હોલને હરઘડી હોઠે, રટણું તમણું રાજદે...૩*

હે રાજદે ચારણ, મારું દુઃખ ક્યાં જઈને કોને કહું. સંસારના સહુ કોઈ સગા તો સુખના સાથી છે, મારી રાત્રીઓ સુનકાર અને વેરણ થઈ ગઈ છે. હે રાજદે મારું હૈડું ફાટી પડ્યું છે. મારા માથે આભ ફાટી પડ્યું છે. મારી કાયા ઉપર ખીલા, કડીઓ-જડાઈ ગયા છે. તારા વગર મારે એક-એક ક્ષણ વીતાવવી કપરી છે. હે રાજદે મને તમારું જ સતત રટણ છે. ઘરબાર મને હવે ખાવા દોડે છે, અને ક્યાંય ગોઠતું નથી. હોલબાઈને હરઘડી તમારું નામ જ હોઠે આવ્યા કરે છે.

*ડુંગરેથી દીધેલ દોટ, દડદડિયાં અમણાં દુઃખડા*
*સગા હંધાય સુખના, હેમાળે હાલ્યા હોલના...૪*
*સુખિયો સહુ સંસાર, ભર નિંદરે સુતું ભવન*
*અમણેં ઉજાગરો અંગાર, હૈયડું ફાટે હોલનું...૫*
*વહાલું બધું વેરણ થિયું, ઘર મેલ્યું ને મેલી ઘરવખરી*
*કપાળે લખી કાંકરી, હરિની મરજી હોલ કયે...૬*

હોલબાઈ કહે છે કે, હે રાજદે તમારા જવાથી ડુંગરે ઊંચે ચડી ગયેલા અમારા દુઃખડાઓ દડદડતા દોડીને નીચે આવી પહોંચ્યા. બધા સગાવહાલા તો સુખના હોય છે એ બધા હવે હિમાલય જેટલા છેટાં ચાલ્યા ગયા. (ક્રમશઃ)■

# ભુવનેશ્વરી સ્તવન

અલખનો ઓટલો
ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



ભુવનેશ્વરી માતાજીના મંદિર સમગ્ર ભારતમાં બે સ્થળે જ છે. એક પ્રાચીન મંદિર દક્ષિણમાં તુંગભદ્રા નદીના કિનારે આવેલ છે અને બીજું સૌરાષ્ટ્રમાં ગોંડલમાં. ઈ.સ.૧૯૪૬માં બ્રહ્મલીન આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજ દ્વારા આ મંદિરની સ્થાપના તથા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અત્યંત દૈદીપ્યમાન એવી શ્વેત સંગેમરમરની આસનસ્થ ચતુર્ભૂજ મૂર્તિ મંદ મંદ સ્મિતથી સૌ ભક્તોને આવકારે છે. હાલમાં આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજ અને એમના ભારતખ્યાત ચિત્રકાર સુપુત્ર રવિદર્શનજી દ્વારા આ ભુવનેશ્વરી પીઠ સ્થાન મંદિરમાં અનેક ઉત્સવોની ઉજવણી થયા કરે છે અને લાખો દેવીભક્તો અહીં માતાજીના દર્શન કરીને મનવાંછિત ફળ પ્રાપ્ત કરે છે. મારા પિતાજી કવિશ્રી વલ્લભભાઈ રાજ્યગુરુ દ્વારા ભુવનેશ્વરી માતાજીની સ્તુતિ કરતી અનેક પદ્યરચનાઓ-કાવ્યો, ગરબા, દુહા, છંદ, ભજનોનું સર્જન કરેલ છે..

(રાગ : મારી નાડ તમારે હાથ....)

*રીઝે ભક્તિથી ભયહારક મા ભુવનેશ્વરી રે, આતમ ઈશ્વરી રે,*
*- રીઝે ભક્તિથી ભયહારક મા ભુવનેશ્વરી રે..૦*
*આનંદે રહું છું અવિનાશી, ભાવે ખુશ છે ભાવ જ ભીની ,*
*જાન રિઝવે માતંગી, શિવ શામની રે..*
*ગૌરી સાથે ગરબે ઘૂમે, જોમ ભર્યા યુદ્ધે ય ઝઝૂમે,*
*કહું લાલ કુમકુમે, ભારત ભામિની રે..*
*- રીઝે ભક્તિથી ભયહારક મા ભુવનેશ્વરી રે..૦*
*શત્રુનો સંહાર કરીને, મહાકાળીને લઉં નમીને,*
*ખાંતે ખેલ ખમીને, હૈયા હામીની રે..*
*ગોંડળ ગઢ જનનીને પ્યારો, વિશ્વોદ્ધારે પ્રથમ જ વારો,*
*દૈત્યો ને દે માજી ડારો, ધન્ય ધામની રે*
*...*
*રીઝે ભક્તિથી ભયહારક મા ભુવનેશ્વરી રે..૦*
*વલ્લભ વસમી વેળા વળતી, સેવાની તક સૌને મળતી,*
*કાયા કુશળ કરતી, ઉર અંજામની રે...*
*રીઝે ભક્તિથી ભયહારક મા ભુવનેશ્વરી રે..૦*
*ભુવનેશ્વરી માતાના સાત વાર.*
*સોમે શ્રી શક્તિની કરીએ સાધના, અંબે આપે ઉત્તમ અંતર જ્ઞાન જો,*
*પ્રેમ ક્ષેમના પાઠ ભણાવે પ્રાણને, પૂરી કરીએ જનનીની પિછાન જો,*
*ભોમે ભક્તિ કરતાં માત પ્રસન્ન રહે, દર્શન કરતાં દુઃખડાં સર્વે જાય જો,*
*યાત્રામાં અમીરસ સીંચે મા સર્વદા, સુખ શાંતિ સેવકને એથી થાય જો..*
*ભક્તિથી ભુવનેશ્વરી માતા રીઝતાં...*
*બુધ શુધ આપે શક્તિ માતા શારદા, ગરબા ગાવા ગૌરી મન લલચાય જો,*
*મંદિરમાં મલપતાં જઈએ દર્શને, હૈયાં એથી હોંશ ભર્યાં હરખાય જો,*
*વાર ગુરુના વંદન છે માને ઘણાં, ધન્ય ભૂમિ ગોમંડળ શોભે શ્હેર જો,*
*આશ પૂરે અંતરની જનની જોમથી, લઈએ કાયમ લલિતામ્બાથી લ્હેર જો..*
*ભક્તિથી ભુવનેશ્વરી માતા રીઝતાં...*
*શુક્ર તણા કાયમ સમજું છું સ્નેહને, ધરૂં ધ્યાન ધારિણી નિર્મળ નેહ જો,*
*મધરાતે માતાના સ્મરણે રાચીએ, દિવ્ય દર્શને દૂર્બળ મટતો દેહ જો,*
*શનિ તણો સથવારો સ્નેહલ જ્યોતમાં, ઉરમાં આપે અનહદ દિવ્યાનંદ જો,*
*વાયુ અમૃતનાં વાતાં વસુધા મહિં, દવલા મારા દિલના શમતાં જો..*
*ભક્તિથી ભુવનેશ્વરી માતા રીઝતાં...*
*સાતવારી શાંતિથી આ સ્મરણે લખી, માની લ્યો મોંઘેરી માઝમ રાત જો,*
*સવંત છે ચાલીશે ભાદરવો ભલો, આઠમ આ અંજવાળી ઋતુ રળિયાત જો,*
*રવિ કવિને દ્યે છે સાંત્વન સત્યનું, દર્શનથી નહિં દેહ હવે આ દૂર જો,*
*પરમધામ પેખાતું પગડે ઘા સમું, વલ્લભ હૈયે જનની જુઓ હજુર જો..*
*ભક્તિથી ભુવનેશ્વરી માતા રીઝતાં...* ■

# આપણું એક શરીર છે કે ત્રણ શરીર છે?

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી, માનવ શરીરનો ઉદ્દેશ્ય આત્માનો સાક્ષાત્કાર કરવો અને મુક્તિ પ્રાપ્ત કરવાનો છે. આ શરીર માત્ર શારીરિક પ્રવૃત્તિઓ માટે જ નથી, પરંતુ તે આધ્યાત્મિક ઉન્નતિ માટેના માધ્યમ તરીકે પણ કાર્ય કરે છે.

હિન્દુ ધર્મ માનવ અસ્તિત્વને ત્રણ શરીર, પાંચ 'કોશ' (આવરણો) અને ચેતનાની ત્રણ અવસ્થાઓમાં વ્યાખ્યાયિત કરે છે. ત્રણ શરીરનો સિદ્ધાંત એ સમજાવે છે કે મનુષ્ય માત્ર એક ભૌતિક સ્વરૂપ કરતાં વિશેષ કંઈક છે. આપણે જે શરીરને જોઈ અને સ્પર્શી શકીએ છીએ તે અસ્તિત્વનું માત્ર એક સ્તર છે. દરેક શરીરનું વિશિષ્ટ કાર્ય હોય છે, તેમ છતાં તે પરસ્પર ગાઢ રીતે જોડાયેલાં હોય છે અને તેમને અલગ-અલગ રીતે સમજી શકાતા નથી.

આ ત્રણ શરીરો માત્ર ભૌતિક માળખા પૂરતા સીમિત નથી. તેમાં ઊર્જા, મન, સંસ્કારો અને ચેતનાનો સમાવેશ થાય છે. તેમના માધ્યમથી જ આપણે વિચારીએ છીએ, અનુભવીએ છીએ, કાર્ય કરીએ છીએ અને જગતને જાણીએ છીએ.

**સ્થૂળ શરીરઃ** 'સ્થૂળ શરીર' એ તે ભૌતિક સ્વરૂપ છે જેના દ્વારા આપણે આ સંસારમાં જીવીએ છીએ. આ એવું શરીર છે જે શ્વાસ લે છે, ભોજન કરે છે, હલનચલન કરે છે અને વિવિધ ક્રિયાઓ કરે છે શરીર પ્રત્યેની આપણી સભાનતા જાગ્રતાવસ્થામાં સૌથી વધુ પ્રબળ હોય છે; આ અવસ્થામાં આપણે ઇન્દ્રિયો અને



શારીરિક ક્રિયાઓ દ્વારા બાહ્ય જગત સાથે વ્યવહાર કરીએ છીએ.

'સ્થૂળ શરીર' એ પંચમહાભૂતોથી બનેલું ભૌતિક શરીર છે, જે જન્મ, સ્થિતિ, વૃદ્ધિ, પરિપક્વતા, ક્ષય અને મૃત્યુ એમ છ અવસ્થાઓમાંથી પસાર થાય છે. સ્થૂળ શરીર અન્ય તમામ તત્ત્વો (શરીરો) માટે માત્ર એક વાહન તરીકે કાર્ય કરે છે. 'અન્નમય કોશ' અને 'પ્રાણમય કોશ'નું ભૌતિક સ્વરૂપ સ્થૂળ શરીરમાં રહેલું હોય છે. સ્થૂળ શરીરને ભૌતિક ખોરાક, પાણી અને હવા (પ્રાણવાયુ)ની આવશ્યકતા હોય છે, જે તે 'અન્નમય કોશ' અને 'પ્રાણમય કોશ'માંથી મેળવે છે. મૃત્યુ સમયે સ્થૂળ શરીરનો નાશ થાય છે અને તેના પાંચ મૂળભૂત તત્ત્વો વિલીન થઈ જાય છે.

**સૂક્ષ્મ શરીરઃ** ભૌતિક શરીરની પેલે પાર સૂક્ષ્મ શરીર (જેને 'એસ્ટ્રલ બોડી' તરીકે ઓળખવામાં આવે છે) અસ્તિત્વ ધરાવે છે. સૂક્ષ્મ શરીર, જેને લિંગ શરીર તરીકે પણ ઓળખાય છે, એ એવું ક્ષેત્ર છે જ્યાં મન અને બુદ્ધિનો વાસ હોય છે. સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરની જેમ માંસ કે ભૌતિક પદાર્થનું બનેલું હોતું નથી. તે 'નાડીઓ' એટલે કે સૂક્ષ્મ ઊર્જા-માર્ગો દ્વારા કાર્ય કરે છે, જે ભૌતિક શરીર સાથે ગાઢ રીતે સંકળાયેલા હોય છે. આ ગાઢ જોડાણને કારણે, સૂક્ષ્મ શરીરમાં થતા ફેરફારો ઘણીવાર શારીરિક સ્વાસ્થ્ય, લાગણીઓ અને માનસિક સ્થિતિ પર અસર કરે છે.

તે ભૌતિક શરીર અસ્તિત્વમાં આવે તે પહેલાં જ અસ્તિત્વ ધરાવે છે, કારણ કે ભૌતિક શરીરનું નિર્માણ અને ઘડતર તેની ઉપર અને તેની આસપાસ જ થાય છે; અને તેનું અસ્તિત્વ ત્યારે જ સંપૂર્ણપણે સમાપ્ત થાય છે જ્યારે મૃત ભૌતિક શરીરનો અંતિમ કણ પણ વિલુપ્ત થઈને વિખેરાઈ જાય.

જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, ત્યારે તેના સ્થૂળ શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. છતાં કોઈ વાહન કે માધ્યમ વિના આત્મા સ્થૂળ શરીરનો ત્યાગ કરી શકતો નથી. આ વાહન એટલે 'લિંગ-શરીર' અથવા સૂક્ષ્મ શરીર, જેને ક્યારેક 'અંગુષ્ઠ-માત્ર' (અંગૂઠાના કદનું) તરીકે વર્ણવવામાં આવે છે. ઉપનિષદના ગ્રંથોમાં હૃદયની અંદર અંગૂઠાના કદના એક પુરુષ (પ્રાણી)ના અસ્તિત્વનો ઉલ્લેખ છે.

**કારણ શરીર અથવા કરણ શરીરઃ** માનવ અસ્તિત્વના સૌથી ગહન સ્તરે 'કારણ શરીર' રહેલું છે, જેને 'કરણ-શરીર' અથવા 'કર્મ-શરીર' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ત્રણેય શરીરોમાં સૌથી સૂક્ષ્મ છે અને તે મૂળ કારણ તરીકે કાર્ય કરે છે, જેમાંથી સ્થૂળ અને સૂક્ષ્મ શરીર ઉત્પન્ન થાય છે.

'કારણ શરીર' એ સામાન્ય અર્થમાં કોઈ ભૌતિક શરીર નથી. યોગિક ગ્રંથોમાં તેને 'અનિર્વચનીય' (સ્પષ્ટ વર્ણનથી પર) અને 'અનાદિ' (જેની કોઈ શરૂઆત નથી) તરીકે વર્ણવવામાં આવ્યું છે. તે આકાર, સમય અને પ્રત્યક્ષ અનુભૂતિથી પર અસ્તિત્વ ધરાવે છે, જે તેને ત્રણેય શરીરોમાં સૌથી રહસ્યમય બનાવે છે.

આપણાં પૂર્વ જન્મના અનુભવો (સંસ્કારો) 'કારણ શરીર'માં સંગ્રહિત હોય છે; પ્રત્યેક જન્મો દરમિયાન પ્રાપ્ત થયેલી માહિતી અને જ્ઞાનને ધારણ કરે છે. 'માયા'માંથી ઉદ્ભવતા આસક્તિના ભાવો અને સાંસારિક વસ્તુઓ તથા ભોગવિલાસ માટેની તીવ્ર ઈચ્છાઓ જેને 'વાસનાઓ' તરીકે ઓળખવામાં આવે છે, તે પણ કારણ શરીર સાથે જ જોડાયેલી હોય છે. મૃત્યુ સમયે ભૌતિક શરીર પાછળ રહી જાય છે, જ્યારે સૂક્ષ્મ અને કારણ શરીર પોતાની યાત્રા ચાલુ રાખે છે. કારણ શરીર એક જન્મથી બીજા જન્મ સુધી વ્યક્તિગત અસ્તિત્વની રૂપરેખા (બ્લૂપ્રિન્ટ) સાથે લઈ જાય છે અને મુક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પુનર્જન્મ તથા અનુભવોનું માર્ગદર્શન કરે છે.

માત્ર ગહન ધ્યાન, આત્મ-વિચારણા અને આંતરિક સ્થિરતા દ્વારા જ જાગૃતિ આ સ્તરની પેલે પાર જઈ શકે છે. જ્યારે કારણ-શરીરના સ્તરે અજ્ઞાન વિલીન થાય છે, ત્યારે આત્માનું સાચું જ્ઞાન પ્રગટ થાય છે.

યોગ, સાત્ત્વિક ભોજન, પ્રાણાયામ અને ધ્યાનના નિયમિત અભ્યાસથી આપણા ત્રણેય શરીરોનું શુદ્ધિ થાય છે તેમ યોગગ્રંથો કહે છે. ■

# 'અનલ હક'નો અદ્વૈત નાદઃ મન્સૂર અલ-હલ્લાજ

આતમના અજવાળે
ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

ઈ.સ. ૯૨૨, બગદાદનું બજાર અને એક રૂંવાડાં ઊભાં કરી દે તેવું દૃશ્ય... એક ફકીરને ઘસડીને સૂળી તરફ લઈ જવામાં આવી રહ્યો છે. તેના પર પથ્થરોનો વરસાદ થઈ રહ્યો છે, લોહીની ધારાઓ વહી રહી છે, છતાં તેના મુખ પર એક અવર્ણનીય તેજ અને હોઠો પર સ્મિત છે. એ શખ્સ પોતાના જ વહેતા લોહીથી પોતાનો ચહેરો લાલ કરી રહ્યો છે, જેથી દુનિયાને એવું ન લાગે કે મૃત્યુના ડરથી તેનો ચહેરો પીળો પડી ગયો અને પ્રેમનો રંગ ઝાંખો પડી ગયો છે! આ કોઈ સામાન્ય ગુનેગાર નહોતો, આ તો પ્રેમનો એવો પરમ દીવાનો હતો, જેણે ખુદ પરમાત્મા સાથે એકાકાર થઈને 'અનલ હક' (હું જ સત્ય છું) નો શંખનાદ કર્યો હતો. આ મહાન સૂફી સંત હતા હુસૈન બીન મન્સૂર ઉર્ફે મન્સૂર અલ-હલ્લાજ.

આ અકલ્પનીય શહાદતની શરૂઆત ઈ.સ. ૮૫૮ના અરસામાં પર્શિયાના (આજના ઈરાનના) 'તૂર' ગામથી થઈ હતી. પિતાના રૂ પીંજવાના વ્યવસાય પરથી તેઓ 'હલ્લાજ' કહેવાયા, પણ મન્સૂર માત્ર રૂ પીંજનારા નહોતા, તેઓ તો સાધકોના હૃદયને પીંજીને તેમાંથી અહંકારનો કચરો દૂર કરનારા 'હલ્લાજ અલ-અસરાર' (રહસ્યોને પીંજવાવાળા) હતા. બાર વર્ષની કુમળી વયે કુરાન કંઠસ્થ કરી લેનાર આ યુવાનને માત્ર અક્ષરોથી સંતોષ નહોતો, તેની આત્મા તો પરમ અર્થની તલાશમાં તડપતી હતી. બગદાદમાં જુનૈદ બગદાદી જેવા પ્રસિદ્ધ સૂફી સંતના શરણે ગયા પછી, તેમની વાણી માત્ર કવિતા ન રહેતા પરમાત્માના વિરહની ચીસ બની ગઈ.

તેમની આ આધ્યાત્મિક યાત્રાનો સૌથી નિર્ણાયક વળાંક તેમનો ભારત પ્રવાસ બની રહ્યો. ઈ.સ. ૯૦૫ની આસપાસ ગુજરાતના સોમનાથ અને ખંભાતના દરિયાકિનારે ઉતરેલા મન્સૂર સ્થાનિક વેદાંતી પંડિતો અને યોગીઓના સંપર્કમાં આવ્યા. અહીં તેમણે ઉપનિષદના મહાવાક્ય 'અહં બ્રહ્માસ્મિ' (હું જ બ્રહ્મ છું) ના ગહન તત્ત્વને પીધું. ઇસ્લામિક એકેશ્વરવાદ (તૌહીદ) અને ભારતીય અદ્વૈતના આ અદ્ભુત સમન્વયથી તેમને સમજાયું કે જે સત્ય ઋષિઓ 'અહં બ્રહ્માસ્મિ' કહે છે, તે જ તેમના હૃદયમાં 'અનલ હક' બનીને ગુંજી રહ્યું છે. પોતાની આ અનુભૂતિને તેઓ અત્યંત સુંદર રીતે વ્યક્ત કરે છે:

'હું એ જ છું જેને હું પ્રેમ કરું છું અને જેને હું પ્રેમ કરું છું તે હું જ છું; અમે બે આત્માઓ છીએ જે હવે એક જ શરીરમાં વસી રહ્યા છીએ. એટલે જ્યારે તું મને જુએ છે, ત્યારે તું એને (પરમાત્માને) જ જુએ છે અને જ્યારે તું એને જુએ છે, ત્યારે તું અમને બંનેને (એકસાથે) જુએ છે.'

મન્સૂર માટે પ્રેમ એ કોઈ ભૌતિક લાગણી નહોતી, પણ પોતાના અસ્તિત્વને સંપૂર્ણપણે ભૂંસી નાખવાની આકરી સાધના હતી. તેઓ કહેતાઃ

'ઇશ્ક (પ્રેમ)ની શરૂઆત જ કતલ (પોતાના અહંકારનું મૃત્યુ) છે, અને તેનો અંત 'ફના' (પરમાત્મામાં સંપૂર્ણ




વિસર્જન) છે. અને જે આ માર્ગમાં 'કતલ' થયો નથી, તેણે હજી ઇશ્કનો સાચો સ્વાદ ચાખ્યો જ નથી.'

બગદાદના સત્તાધીશો અને કટ્ટરપંથીઓને અદ્વૈતનો આ નાદ ખુદાની નિંદા સમાન લાગ્યો. 'અનલ હક'ના આ જ્વાળામુખીને ઠારવા માટે મન્સૂરને કારાવાસમાં ધકેલી દેવાયા. જોકે, જેલની સાંકળો તો શરીરને બાંધે, જેનો આત્મા આઝાદ થઈ ચૂક્યો હોય તેને કોણ કેદ કરી શકે? જેલના અંધકારમાં જ તેમણે 'કિતાબ અલ-તવાસીન' ની રચના કરી. આ પુસ્તકમાં તેમણે અત્યંત ગૂઢ તર્ક આપ્યો કે ઈબલીસ (શેતાન) એ સૌથી મોટો પ્રેમી છે, કારણ કે તેણે ઈશ્વરના આદેશ કરતા ઈશ્વર પ્રત્યેના પ્રેમને પ્રાધાન્ય આપ્યું અને ઈશ્વર સિવાય અન્ય કોઈને પ્રણામ ન કરવાની પોતાની નિષ્ઠા ખાતર નરકનો સ્વીકાર કરી લીધો!

જ્યારે મૃત્યુદંડની તે ઘડી આવી, ત્યારે ભીડ તેમને પથ્થર મારી રહી હતી અને મન્સૂર હસી રહ્યા હતા. પણ જ્યારે તેમના જિગરી દોસ્ત અને વિદ્વાન શિબલીએ ભીડના ડરથી પથ્થરની જગ્યાએ માત્ર એક 'ફૂલ' ફેંક્યું, ત્યારે આ મહામાનવ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. તેમણે ભીની આંખે કહ્યું,

'આ પથ્થર મારનારા તો અજાણ છે, એટલે મને પીડા નથી થતી. પણ શિબલી, તું તો બધું જ જાણે છે છતાં તેં મૌન રહીને ફૂલ ફેંક્યું, એના પ્રહારથી મારું હૃદય આર-પાર વીંધાઈ ગયું.'

સૂળી પર ચઢતા પહેલાં તેમની આંખોમાં કોઈ રોષ નહોતો, પણ કરુણાનો એક અફાટ સાગર લહેરાતો હતો. ઈસા મસીહની જેમ તેમણે પોતાના જ હત્યારાઓ માટે અંતિમ પ્રાર્થના કરીઃ 'હે મારા માલિક! આ લોકોને માફ કરી દેજે, અને મારા કારણે તેમને સજા ન આપતો. કારણ કે આ લોકો મારું સત્ય જાણતા નથી અને જે તારા પ્રેમનો મને અનુભવ થયો છે, તેનાથી તેઓ અજાણ અને વંચિત છે.'

જ્યારે તેમના શરીરના અંગો નિર્દયતાથી કાપવામાં આવ્યા અને છેવટે ગરદન ધડથી અલગ કરવામાં આવી, ત્યારે વાતાવરણમાં એક ચમત્કાર સર્જાયો. તેમના વહેતા લોહીના દરેક ટીપામાંથી અને હવાની પ્રત્યેક લહેરમાંથી માત્ર એક જ અવાજ પડઘાઈ રહ્યો હતો 'અનલ હક... અનલ હક.'

'ભલે તું તારી આ ધરતીને મારા લોહીથી રંગી દે, પણ યાદ રાખજે કે મારા લોહીના અને શરીરના દરેક કણમાંથી એનું જ નામ ગુંજશે. તું મને મારી નહીં શકે... કારણ કે હું જ 'જીવન' છું અને હું જ 'સત્ય' છું.'

મન્સૂર પોતાના મૃત્યુની રાહ નહોતા જોઈ રહ્યા, તેઓ પોતાના મૃત્યુનો મહોત્સવ મનાવતા ગાઈ રહ્યા હતાઃ

**व लस्त तुक़्तलुनी बि-क़तली व इन.कनल-हयातु,**
**फ-इन्नी अनल-हय्यु व इन्नी अनल-हक्कु।**

'અને તમે મને મારીને પણ નથી મારી શકતા, કારણ કે જો મારું (સાંસારિક) જીવન સમાપ્ત પણ થઈ જાય, તો પણ હું જ અનંત જીવન (હય્યુ) છું અને હું જ પરમ સત્ય (હક્ક) છું.'

ગુજરાતના શાંત દરિયાકિનારે જે અદ્વૈતનું બીજ રોપાયું હતું, તે બગદાદની લોહીયાળ સૂળી પર અમર વટવૃક્ષ બની ગયું. મન્સૂર અલ-હલ્લાજની શહાદત એ માત્ર ઇતિહાસનું કોઈ રક્તરંજિત પાનું નથી, એ તો પરમાત્માના પ્રેમમાં 'ફના' થઈ ગયેલા એક આત્માની એવી દર્દનાક છતાં તેજસ્વી અમરગાથા છે, કહેવાય છે કે મન્સૂરના અચેતન દેહને ઇસ્લામિક કાયદા વિરુદ્ધ બાળી નાખવામાં આવ્યો અને એના શરીરની રાખ ને ટાઈગ્રિસ નદીમાં વહાવી દેવામાં આવી ત્યારે એ નદીના પ્રત્યેક વહેણમાં અનલ હક અનલ હકનો નાદ ગુંજતો હતો. મન્સૂર અલ હલ્લાજ એક એવી દિવ્ય જ્યોત હતા જે શમી ગયા પછી પણ, અનંતકાળ સુધી અસ્તિત્વના અંધકારને રોશન કરતા રહેશે. ■

# અર્જુનની પ્રાર્થના

ગીતા મહિમા
સારંગપ્રીત
feedback@bombaysamachar.com

ગત અંકમાં ભગવાને શ્રદ્ધાની મહત્તા બતાવી. હવે અંતમાં અર્જુન પ્રાર્થના કરે છે.

અર્જુનની પ્રાર્થનાની પૂર્વે આપણે પ્રાર્થનાનું મહત્ત્વ સમજીએ. કોઈ કહે છે, 'પ્રાર્થના એ જડીબુટ્ટી છે'. તો કોઈ કહે છે, 'પ્રાર્થના અમોઘ શસ્ત્ર છે.' કોઈ કહે છે, 'પ્રાર્થના સ્વયં ચમત્કાર છે' તો કોઈ કહે છે, 'પ્રાર્થના એ ચિંતામણિ છે'. પ્રાર્થના માટે ઘણા ઘણું કહે છે પરંતુ પ્રાર્થના એ ફક્ત પ્રાર્થના છે. ભગવાન સાથેના સેતુની રચના પ્રાર્થના કરી આપે છે.



પ્રાર્થના શબ્દ 'પ્ર' + 'અર્થના' પરથી બન્યો છે, જેનો અર્થ થાય છે, 'વિશેષ પ્રકારની નમ્ર માંગણી', પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો પ્રાર્થના એટલે માત્ર માગવું નહીં, પણ પરમાત્મા સાથેનું હૃદયપૂર્વકનું જોડાણ. તે ભક્ત અને ભગવાન વચ્ચેનો એક અતૂટ સેતુ છે, પરંતુ આપણા મનમાં પ્રશ્ન થાય કે શ્રેષ્ઠ પ્રાર્થના કઈ? ગુનો કરીને એમાંથી છુટાય એ માટે કરગરવું એ? ચોરી કરીને એમાં પકડાઈ ન જવાય એ માટે તલપાપડ થવું એ? મહેનત કર્યા વગર આખું વરસ રખડ્યા પછી પરીક્ષામાં પાસ થવા માટે અરજ અને ગરજ દાખવવી એ?

હરગીજ નહીં, આ તો ભગવાને આપણને સોંપેલી જવાબદારીઓમાંથી પલાયન વૃત્તિ છે. 'પ્રાર્થના' એટલે પ્રભુની હામાં હા મેળવી, તાલમાં તાલ ભેળવીને તેઓની આજ્ઞા પાળવી એ ! અને એથી પણ શ્રેષ્ઠ પ્રાર્થના કઈ? બીજાનું ભલું થાય એ પ્રાર્થના. જે પોતાના હિત માટે પ્રાર્થના કરે છે એ સકામ ભક્ત છે. જે બીજાના હિત માટે પ્રાર્થના કરે છે એ નિષ્કામ ભક્ત છે.

શ્રીમદ્ ભાગવતમાં ગજેન્દ્ર નામના હાથીની એક સુંદર કથા છે. ગજેન્દ્ર પોતાની પ્રિય પટરાણીઓ-હાથણીઓ સાથે એક વિશાળ સરોવરમાં સ્નાન કરવા પ્રવેશ્યો. આ સરોવરમાં એક મગર પણ હતો. ઊંડા જળમાં સ્નાન કરી રહેલા હાથીનો એણે પગ પકડી લીધો. બંને વચ્ચે સરોવરમાં જ યુદ્ધ શરૂ થયું. હાથી ખૂબ જ બળવાન હોવા છતાં જળમાં મગર સામે નિઃસહાય હતો. અંતે, હાથીએ ભગવાનને હૃદયપૂર્વક પ્રાર્થના દ્વારા મદદનો પોકાર કર્યો. તે જ ક્ષણે ભગવાન પ્રગટ થયા અને સુદર્શન ચક્રથી મગરનું મસ્તક છેદીને હાથીની રક્ષા કરી!

ગજેન્દ્ર મોક્ષ જેવી અનેક કથાઓ આપણા શાસ્ત્રોમાં જોવા મળશે કે જેનો સૂર એક જ હશે કે પ્રાર્થના એ અમોઘ શક્તિ છે. પ્રાર્થના એ ભગવાન સાથે જોડાવાનો અત્યંત સરળ અને ટૂંકો રસ્તો છે. મહાભારત પણ લખે છે કે પ્રાર્થનાથી આત્મામાં અનંત શક્તિનો સંચાર થાય છે. નાનકડા પાંચ વર્ષના ધ્રુવજીએ વિકટ ને વિકરાળ જંગલમાં ભગવાનને પ્રાપ્ત કરવા તપ શરૂ કર્યું ! એમના શુદ્ધ હૃદયની પ્રાર્થના એ જ એમનું તપ હતું ! ભગવાનને ધ્રુવજીની પ્રાર્થના સાંભળીને પ્રગટ થવું પડ્યું.

ભગવાન સ્વામિનારાયણ પણ વચનામૃતમાં કહે છે કે 'ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ અને વિશ્વાસ પ્રાર્થના રૂપે બહાર પ્રગટ થાય છે. એટલા માટે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરવી જોઈએ.' ભગવાન ઉપરની અતૂટ શ્રદ્ધા જ પ્રાર્થનાના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. પ્રાર્થનાના ગણિત કોઈથી ગણી શકાતા નથી. પ્રાર્થના સમજાવી શકાતી નથી એનો તો ફક્ત અનુભવ જ થઈ શકે. પ્રાર્થના શ્રદ્ધાનો વિષય છે, બુદ્ધિનો નહીં ! પ્રાર્થના એ સંજીવની ઔષધી છે. જેનું પરિણામ જોઈ શકાય છે, પરંતુ બુદ્ધિથી માપી શકાતું જ નથી. એક પ્રખ્યાત વકીલે ગાંધીજીને પ્રાર્થનાસભા પછી કહ્યું 'તમે પ્રાર્થનામાં જેટલો સમય ગાળો છો, તેટલો સમય દેશસેવામાં ગાળો, તો વધારે સેવા ન થાય?' ગાંધીજી તરત બોલ્યા, 'તમે જમવામાં જ કેટલો સમય કાઢો છો' ? 'રોજનો કલાક', વકીલે કહ્યું. 'એટલો સમય તમે વકાલતમાં કાઢો તો કેટલાય વધારાના કેસ લઈ શકો, ને વધારે કમાણી ન થાય?' ગાંધીજીએ પૂછ્યું. 'પણ ભોજન વિના કેમ ચાલે ? તેના વિના કેસ લડવાનું બળ ક્યાંથી આવે? બસ, તે જ રીતે પ્રાર્થના વિના મારામાં દેશ સેવાનું બળ ક્યાંથી આવે? પ્રાર્થનામાંથી જ મને દેશસેવાની શક્તિ મળે છે,' ગાંધીજી સહજ રીતે બોલી ઉઠ્યા.


આમ, પ્રાર્થના એ મનુષ્ય જાતિને ભગવાનને આપેલું મહા મોંઘુ વરદાન છે. પ્રાર્થનાના વડે મહાત્મા ગાંધી દેશને સ્વરાજ્ય આપી શક્યા, પ્રાર્થનાના વડે મીરાબાઈએ પ્રભુ ભક્તિમાં આડા આવતાં વિઘ્નોને હટાવી દીધા. જ્યારે જીવનમાં અંધકાર છવાઈ જાય ત્યારે પ્રાર્થના આશાનું કિરણ બનીને આવે છે. તે આપણને વિપરીત પરિસ્થિતિઓ સામે લડવાની આંતરિક શક્તિ આપે છે. વિદ્યાર્થીઓ અને કર્મયોગીઓ માટે પ્રાર્થના એ એકાગ્રતા વધારવાનું શ્રેષ્ઠ સાધન છે. પ્રાર્થના વડે આપણા જીવનમાં નમ્રતા આવે છે. સાચી પ્રાર્થના શબ્દોની મોહતાજ નથી, કારણ કે ભગવાન શબ્દો નથી જોતા પણ હૃદયનો ભાવ જુએ છે.■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કેદારનાથ

## ૧૨ જ્યોતિર્લિંગમાંથી સૌથી વધુ ઊંચાઇએ વસેલું શિવધામ...



**મહાભારતના** યુદ્ધમાં કૌરવોનો નાશ થયાં પછી પાંડવો ખૂબ વ્યથિત થયા હતા, તેઓ પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા માગતા હતા. મોક્ષ અને દૈવી ક્ષમાની શોધમાં તેઓ ભગવાન શિવને શોધતા હિમાલય પર્વતમાળામાંથી પસાર થયા. ભગવાન શિવ તેમને દર્શન આપવા તૈયાર નહતા. તેઓ કાશીથી ભાગીને કેદાર નજીક એક શહેરમાં બળદરૂપે દેખાયા. પાંડવોને તેની જાણ થઇ. ભગવાન શિવ જ્યાં છુપાયા તા એ આજે ગુપ્ત કાશી તરીકે ઓળખાય છે.

ભગવાન શિવને શોધતા શોધતાં પાંડવો ગૌરીકુંડ પહોંચ્યા, જ્યાં તેમને એક અસામાન્ય બળદ દેખાયો. આ બળદ બીજાં પશુઓની વચ્ચે હતો. જોકે, પાંડવોને આકાશવાણીથી ખબર પડી ગઇ હતી કે પશુના ટોળામાં શંકરજી છે, એટલે ભીમ પોતાના બે પગ ફેલાવીને બે પર્વતો પર ઊભા રહ્યાં. બધાં પ્રાણીઓ ભીમના પગ નીચેથી પસાર થઇ ગયા, પણ બળદના રૂપમાં રહેલા મહાદેવ આ દૃશ્ય જોઇ અંતરધ્યાન થવા લાગ્યા. ત્યારે ભીમે તેમને ઓળખી લીધા. ભીમે તેની પૂંછડી ખેંચતાં બળદે પૃથ્વીની અંદર પોતાનો ચહેરો છુપાવી દીધો. ખેંચતાણ શરૂ થઇ અંતે બળદનું મુખ ડોલેશ્ર્વર મહાદેવ મંદિર (પશુપતિનાથ) નેપાળમાં પડ્યું અને શરીરના બાકી અંગો પંચકેદારમાં પડ્યા.

ભગવાન શિવ બળદની પૂંઠ (પીઠમાં) પ્રગટ થયા અને ભગવાન શિવ કેદારેશ્ર્વરમાં શીલા રૂપે બિરાજમાન થયા. કેદારધામમાં શિવલિંગને સ્થાને આ શીલાની પૂજા થાય છે. પંચ કેદાર એ કેદારનાથની યાત્રાનો એક ભાગ ગણાય છે. ખૂંધ માટે કેદારનાથ, હાથ માટે તુંગનાથ, ચહેરા માટે રુદ્રનાથ, પેટ માટે મધ્યમેશ્ર્વર અને વાળ માટે કલ્પેશ્ર્વર ગણાય છે. ઉત્તરાખંડમાં આવેલું કેદારેશ્ર્વર કેદારનાથ એ છોટા ચાર ધામ યાત્રાનો એક ભાગ છે. આ સિવાય બદરીનાથ, ગંગોત્રી ને યમનોત્રીની યાત્રા કરો તો એ ચારધામ યાત્રા ગણાય છે.

સ્કંદ પુરાણ અનુસાર બદ્રીનાથ અને કેદારનાથ બંનેના દર્શન કરવા ખૂબ જરૂરી છે. ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવ બંનેના દર્શન કરવાથી યાત્રાળુઓને તેમના પાપમાંથી મુક્તિ મળે છે.

કેદારનાથને બાર જ્યોતિર્લિંગમાંનું એક માનવામાં આવે છે. જે ૩,૫૮૧ મીટરની ઊંચાઇએ આવેલું સૌથી ઊંચું જ્યોતિર્લિંગ છે. કેદારનાથ મંદિર પહોંચવા માટે ગૌરીકુંડમાં સ્નાન કરીને આગળ વધવામાં આવે છે. ગૌરીકુંડથી કેદારનાથ મંદિરનો રસ્તો ૧૭ કિ.મી. ચઢાઇનો છે. આશરે ૧૧,૦૦૦ ફૂટની ઉંચાઇએ આવેલું આ મંદિર ઉત્તરાખંડ રાજ્યના ગઢવાલ ડુંગરાઓની વચ્ચે આવેલું છે. અહીં પાંચ નદીઓ મંદાકિની, મધુદંગા, શ્રીંગા, સરસ્વતી અને સ્વર્ણગૌરીનો સંગમ થાય છે. સનાતન ધર્મમાં કેદારનાથને અદ્ભુત ઊર્જાનું કેન્દ્ર માનવામાં આવે છે.

કેદારનાથ મંદિરનું નિર્માણ સર્વપ્રથમ પાંડવ વંશના જન્મેજયે કરાવ્યું હતું. પછી હાલના મંદિરની રચના આઠમી સદીમાં શ્રી આદિ શંકરાચાર્યે કરી હતી. કેદારનાથ નગરનું નિયંત્રણ પ્રાચીન સમયમાં કટયુર ને પંવર ગઢવાલ રાજવંશના હાથમાં હતું. આ પ્રદેશ હિમાલયમાં આવેલો હોય બહારના સમયગાળામાં સન ૨૦૦૦માં કેદારનાથનો ઉત્તરાખંડ રાજ્યમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ૨૦૧૩માં અહીં ભયંકર પૂર આવ્યું હતું અને ભારે તબાહી થઇ હતી. પણ મંદિરને ઉની આંચ આવી નહોતી. મંદિરની પાછળના ભાગમાં એક મોટી શીલા આવી ગઇ હતી, જેને ભીમશીલા કહેવામાં આવે છે, એ શીલાને કારણે પૂરનું ધસમસતું પાણી મંદિરની આજુબાજુમાંથી નીકળી ગયું હતું.

વિષમ આબોહવાને કારણે આ મંદિર માત્ર છ મહિના જ ખુલ્લુ રહે છે. માર્ચ-એપ્રિલમાં આવનારી અખાત્રીજ અક્ષય તૃતિયાના દિવસથી અહીં દર્શનની શરૂઆત થાય છે અને નવેમ્બરમાં કાર્તિક પૂર્ણિમાને દિવસે મંદિર બંધ કરવામાં આવે છે, ત્યારે મંદિરની મૂર્તિને ઉખીમઠ લઇ જવામાં આવે છે તે વસંતઋતુની શરૂઆત સુધી છ મહિના ત્યાં પૂજા કરવામાં આવે છે.

મંદિર એક લંબચોરસ પ્લેટફોર્મ પર મોટા કદના ખડકથી બનેલું છે. મંદિર પ્રાચીન પથ્થરની કળા અને સ્થાપત્ય માટે જાણીતું છે. મંદિરમાં ગર્ભગૃહ અને મંડપ છે. મુખ્ય મંદિરના દ્વારની સામે જ પથ્થરમાંથી બનાવેલી નંદિની મોટી મૂર્તિ છે. મંડપમાં પાંડવો, ભગવાન કૃષ્ણ, દ્રૌપદી અને વીરભદ્રની મૂર્તિઓ છે. મુખ્ય પૂજારી કર્ણાટકના વીરશૈવ સમુદાયના છે. મંદિરના પશ્ચિમ ભાગે આદિ શંકરાચાર્યની સમાધિ છે.

કેદારનાથ મંદિર ૮૫ ફૂટ ઊંચું, ૧૮૭ ફૂટ લાંબું અને ૮૦ ફૂટ પહોળું છે. તેની દિવાલ ૧૨ ફૂટ ઊંચી છે ને તે ખૂબ જ મજબૂત પથ્થરોમાંથી બનાવવામાં આવી છે.

કેદારનાથ મંદિરમાં જૂન મહિનામાં બદરી-કેદાર ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર ઉત્તરાંચલના કલાકારો ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને સમર્પિત તેમની સંગીત પ્રતિભા દર્શાવવા ભેગા થાય છે. આ ઉત્સવ આઠ દિવસ ચાલે છે. અહીં શ્રાવણી અન્નકૂટ મેળો પણ યોજાય છે. રક્ષાબંધનના એક દિવસ પહેલાં ઉજવાય છે તે દિવસે સમગ્ર જ્યોતિર્લિંગને રાંધેલા ભાતથી ઢાંકવામાં આવે છે. ત્યાર બાદ હાજર ભક્તોને તે પ્રસાદરૂપે વહેંચી દેવામાં આવે છે, આ પ્રસાદ ખાસ માનવામાં આવે છે, કારણ કે તે ભગવાન શિવ તરફથી મળેલા આશીર્વાદ માનવામાં આવે છે.

આ સિવાય, છ મહિના પછી મંદિરના દ્વાર ખોલવામાં આવે તે પણ એક મોટો ઉત્સવ હોય છે. ■




feedback@bombaysamachar.com

# ભારતીય પંચાંગઃ એક એવી આકાશી છલાંગ જેને આજનું વિજ્ઞાન પણ આંબી શક્યું નથી

આજે શ્રાવણિયો સોમવાર. હિન્દુ સનાતન પરંપરામાં આ દિવસ ખૂબ પવિત્ર ગણાય છે. આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યો કરવા માટેનો આ શ્રેષ્ઠ મહિનો છે, પરંતુ આ જ મહિનો કેમ શ્રેષ્ઠ છે? લગ્ન તેમ જ અન્ય શુભ પ્રસંગ માટે કયા મહિના અને કયા દિવસો શ્રેષ્ઠ છે? મહિનાના નામ કેવી રીતે પડ્યાં? વારના નામ કેવી રીતે પડ્યાં?

તિથિ એટલે શું? નક્ષત્ર એટલે શું? યોગ એટલે શું? મિત્રો, આ અને આવા બીજા અનેક પ્રશ્ર્નોના ગણતરીપૂર્વક અપાયેલા ઉત્તર આપણને ‘પંચાંગ’ નામના શાસ્ત્રોક્ત પુસ્તકમાંથી મળી રહે છે.

હવે આપણે એ જોઈએ કે આ પંચાંગ અસલમાં છે શું?

પંચાંગ એ એક ભારતનું પ્રાચીન ખગોળશાસ્ત્ર છે જે આધુનિક વિજ્ઞાનને પણ અચંબામાં મૂકી દે તેવું સચોટ છે. તેનો ઉપયોગ હજારો વર્ષોથી સમયકાળની ગણતરી કરવા અને વિવિધ પ્રવૃત્તિઓ માટે શુભ ઘડીઓ (મુહૂર્ત) નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણા લોકો તેને માત્ર ધાર્મિક કે ગૂઢ રહસ્યવાદી શાસ્ત્ર માને છે, પરંતુ હકીકતમાં પંચાંગ વૈજ્ઞાનિક સિદ્ધાંતો, ખગોળશાસ્ત્રીય ગણતરીઓ અને ગાણિતિક ચોકસાઇના ઊંડા મૂળ ધરાવે છે.

પંચાંગ એટલે મૂળ પાંચ અંગો વાર, તિથિ, નક્ષત્રો, યોગ અને કરણ (તિથિનો અડધો અંશ)ના અભ્યાસ પર આધારિત માનવોપયોગી ગ્રંથ છે, જે આકાશી અને બ્રહ્માંડકીય હિલચાલ માટે એક સચોટ માર્ગદર્શક બની રહે છે, જે આપણી રોજિંદી વિધિઓથી લઈને જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને અનેક રીતે પ્રભાવિત કરે છે.

પંચાંગની ઉત્પત્તિ હજારો વર્ષ જૂની છે, જે વૈદિક જ્યોતિષવિદ્યા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે. વિશ્ર્વના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં આકાશી હિલચાલનો અને ગ્રહોની ગતિનો ઉલ્લેખ કરતા સ્તોત્રો છે. વેદના જે છ અંગો છે તેમાનું એક સમયપાલનને સમર્પિત વેદાંગ એટલે જ્યોતિષ કે જેણે હિંદુ ધર્મમાં ખગોળશાસ્ત્રીય ગણતરીઓનો પાયો નાખ્યો હતો.

ભારતખંડના અનેક ઋષિમુનિઓ અને વિદ્વાનોએ પંચાંગને અપટુડેટ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.



ઋષિ લગાધ-વેદાંગ જ્યોતિષના લેખક, જેમાં સૂર્ય, ચંદ્ર અને એક ગ્રહોની હિલચાલની વિગતવાર માહિતી આપવામાં આવી છે તો શૂન્યની શોધ કરનાર પ્રખ્યાત ભારતીય વિદ્વાન આર્યભટ્ટે (ઇ. સ. ૪૭૬)-ચોક્કસ ખગોળશાસ્ત્રીય ઘટનાઓનો અભ્યાસ કરી એવું ગણિત વિકસાવ્યું જેનો ઉપયોગ હજુ પણ પંચાંગની ગણતરીઓમાં થાય છે.

એ જ રીતે પ્રખર ખગોળવિદ અને જ્યોતિષિ વરાહમિહિરે (ઇ. સ. ૫૦૫)-તેમના પુસ્તક બૃહદ સંહિતામાં ગ્રહોની ગતિના સિદ્ધાંતો રજૂ કર્યા.

ભારતમાં નિર્માણ પામેલો ‘સૂર્ય સિદ્ધાંત’ નામનો એક પ્રાચીન ખગોળશાસ્ત્રીય ગ્રંથ ગ્રહોની ગતિ, ગ્રહણ અને ચંદ્રની ગતિ પ્રમાણેનું કેલેન્ડર સમજાવે છે.

આપણા પંચાંગની ગણતરીઓ કેટલી ચોક્કસ હશે કે જેણે આજના જ્ઞાન-વિજ્ઞાનના હજારો વર્ષ પહેલાં ગ્રહણના સ્થાન અને સમયની સચોટ આગાહી કરી હતી.

આજના સમયમાં ઉપયોગમાં લેવાય છે તેવાં ઉપકરણો અને શક્તિશાળી ટેલિસ્કોપ વગર કેવી રીતે અવકાશી માહિતી મેળવી હશે તેની ખરેખર નવાઈ લાગે છે. દર બાર વર્ષે કુંભ મેળો આવે છે, કારણ કે ગુરુ ગ્રહને સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા કરતા બાર વર્ષ લાગે છે. આજના વિજ્ઞાને ગુરુની પ્રદક્ષિણાનો સમય શોધ્યો એના હજારો વર્ષ અગાઉથી આપણને તેની ખબર છે. શનિ સૌથી ધીમો ગ્રહ છે એ માહિતી પણ વૈદિક યુગથી આપણી પાસે છે.

સૂર્ય સિદ્ધાન્તે આધુનિક ખગોળશાસ્ત્રીય માપ (૩૬૫.૨૫૬૩૬ દિવસ) જેવા લગભગ સમાન વર્ષનું વર્ણન અનેક વર્ષો પૂર્વે કર્યું છે.

ચંદ્રનું ગુરુત્વાકર્ષણ માણસના વર્તન અને દરિયાઈ ભરતી ઓટ પર અસર કરે છે એ હકીકત પંચાંગ દ્વારા પહેલેથી જ સમજાવવામાં આવી હતી.

આવી તો અનેક હકીકતો અને ઝીણામાં ઝીણી ગણતરીઓ પંચાંગમાં મોજુદ છે જે અહીં રજૂ કરીએ તો આખું છાપું ભરાઈ જાય. આજનું Gen - Z એને માત્ર ધાર્મિક ગ્રંથ કે પંડિતોનું ટીપણું માત્ર ન માને અને તટસ્થ ભાવથી અભ્યાસ કરે તો એને અનેક ભૌગોલિક, ખગોળ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક માહિતીઓનો ખજાનો મળી શકે એમ છે.

પંચાંગ એ એક એવું કેલેન્ડર છે જેના આધારે પચાસ વર્ષ પહેલા બનેલી અને પચાસ વર્ષ પછી થનારી ભૌગોલિક ઘટનાઓની પણ માહિતી મેળવી શકાય છે.

વૈદિક યુગના વિદ્વાનોએ તમામ આકાશી પિંડોનુ બારીકાઈથી અવલોકન કર્યા બાદ, અનેક વર્ષની તપસ્યા પછી અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ હીલચાલને ગણતરીમાં લઈને જે છપ્પન ભોગ આપણને પીરસ્યો છે એવો સ્વાદ દુનિયાના કોઈ કેલેન્ડરોમાંથી આપણને નથી મળતો. હાલ આપણે જે અંગ્રેજી મહિનાઓ પ્રમાણે કાર્યક્રમો ઘડીએ છીએ એ જુલાઈ,ઓગસ્ટ જેવા નામો એ વખતના રાજાઓ - શાસકોના નામ પરથી પડ્યા છે, પરંતુ આપણા જે હિન્દુ મહિના છે એ કોઈ વ્યક્તિ આધારિત નહીં પણ નક્ષત્રો આધારિત છે. જેમકે કૃતિકા નક્ષત્ર પરથી કારતક તો મૃગશીર્ષ નક્ષત્ર પરથી માગશર મહિનો કહેવાયો.

આમ ભારતીય શાસ્ત્રોનું સમયપત્રક સંપૂર્ણપણે ગ્રહો, તારાઓની ગતિ પર આધારિત સચોટ અને સંપૂર્ણ વૈજ્ઞાનિક છે.

‘મુંબઈ સમાચાર’ અખબારની શરૂઆત થયે ૨૦૫ વર્ષ થયા, પરંતુ તેની પણ આઠ વર્ષ અગાઉ ઈ.સ. ૧૮૧૪થી મુંબઈ સમાચારનું પંચાંગ પ્રસિદ્ધ થાય છે.

આજના છકી ગયેલ યુવાનોએ ભારતના ટૂકડે ટૂકડા કરવામાં રસ લીધા વગર આ પંચાંગ વાંચીને સંપૂર્ણ બ્રહ્માંડના અબજો અવકાશી ટૂકડાઓ ( સૂર્ય, ચંદ્ર તારાઓ, ગ્રહો વગેરે)ની ગતિનો અને તેની માનવ જીવન પર થતી અસરનો ઉપયોગી અભ્યાસ જરૂર કરવો જોઈએ. ■

## સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@bombaysamachar.com

# મોતી કૈસા રંગા?: અનુભવથી આત્મઓળખ કરાવતી અરજણ સાહેબની વાણી

*દેખ્યા હોય સો કહી બતલાવો, મોતી કૈસા રંગા રે જી;*
*ગુરુગમ કરીને ગોતો ગગનમાં, વાં હે ગુપતિ ગંગા. ટેક*
*ઘુવડ ગુરુ ને છીપા ચેલા, જેના દિસત નહિ પગદંડા રે જી;*
*અગમ ભાખે પણ ગમ નહીં નૈણે, આપ વખાણે અંધા. ટેક*
*દીપક ગુરુએ જ્ઞાન બતાવ્યા, નૈણે થયા નવખંડા રે જી;*
*મોતી નીરખ્યા, પિયુને પરખ્યા, અભી ભયા આનંદા. ટેક*
*કહાં સે આયા, કહાં સમાયા, એ હી બડા અચંબા રે જી;*
*પિંડ બ્રહ્માંડ સે ન્યારા ખેલે, નહિ સૂર, નહિ ચંદા. ટેક*
*આતમ ચીન્યા, અનભે પાયા, મિટ ગયા સરવે ફંદા રે જી;*
*દાસ અરજણ સત જીવણ ચરણે, ધ્યાની પુરુષકા ધંધા. ટેક*

કોઈએ મોતી જોયું હોય તો કહો, એનો રંગ કેવો? પ્રશ્ન સાવ સહેલો લાગે છે. પણ સંતવાણીમાં જે સહેલું લાગે એ ઘણી વાર સહેલું હોતું નથી. આ મોતી બજારમાં મળતું મોતી નથી. એને મેળવવા સમુદ્રમાં ડૂબકી મારવાનીય નથી.

અરજણ કહે છે: ‘ગુરુગમ કરીને ગોતો ગગનમાં, વાં હે ગુપતિ ગંગા.’ મોતી ગગનમાં ગોતવાનું છે અને ગંગા પણ ત્યાં વહે છે, પણ ગુપ્ત રીતે!

પહેલી બે પંક્તિમાં જ આપણી બહાર જોતી આંખને સંત અરજણ સાહેબ અંદર વાળી દે છે.

આ ભજનની કૂંચી છે ગુરુગમ. સંતવાણીમાં ગુરુ પાસેથી મળતી સમજ એટલે ગુરુગમ, ભેદ પામવાની દૃષ્ટિ. એ દૃષ્ટિ મળે પછી ગગન એટલે અંતરાકાશમાં પ્રવેશ થાય. ગુપતિ ગંગા પણ ભીતરમાં વહેતા કોઈ સૂક્ષ્મ ચૈતન્યપ્રવાહનું કલ્પન બની શકે. અહીં યોગસાધનાનો સંકેત વાંચી શકાય, જોકે સંત અરજણનું ધ્યાન તો મોતી ઉપર છે. ભીતરમાં ઊતરીને પામવાના કોઈ અમૂલ્ય તત્ત્વ ઉપર. પણ આ મોતી સુધી લઈ જાય એવો કોઈ ગુરુ ખરો?

અરજણ સાહેબ અહીં મજાનો કટાક્ષ કરે છે: ‘ઘુવડ ગુરુ ને છીપા ચેલા... ઘુવડ અને છીપ બંનેની પસંદગી જુઓ. બંનેનો સંબંધ અંધકાર અને આવરણો સાથે. આગળ તો ઘા વધારે ચોટદાર બને છે: અગમ ભાખે પણ ગમ નહીં નૈણે, આપ વખાણે અંધા. ‘અગમ’ અને ‘ગમ’નો શબ્દખેલ આખી સાધનાની કસોટી બની જાય છે. મોઢે અગમની વાતો અને નયનમાં ગમ નહીં! અનુભવ



વિનાનું આધ્યાત્મિક વાચાળપણું આટલા થોડા શબ્દોમાં ખુલ્લું પડી જાય છે.

પછી અંધકારની સામે અરજણ દીપક મૂકે છે: ‘દીપક ગુરુએ જ્ઞાન બતાવ્યા, નૈણે થયા નવખંડા. કેવું સુંદર ગુરુચિત્ર!’

દીપક કોઈને આંખ આપતો નથી; જે આંખ છે એને દેખતી કરે છે. સાચા ગુરુનું કામ પણ અહીં એવું જ છે. દૃષ્ટિ ઊઘડી એટલે નૈણે થયા નવખંડા આંખનો વિસ્તાર જાણે આખા વિશ્વ જેટલો થયો. હવે મોતી પણ નીરખાય છે અને પિયુ પણ પરખાય છે: મોતી નીરખ્યા, પિયુને પરખ્યા, અભી ભયા આનંદા. ‘નીરખવું’ અને ‘પરખવું’ બે સરસ પગથિયાં છે. દેખાયું એટલેથી વાત પૂરી થતી નથી; જે દેખાયું તેની ઓળખ થાય ત્યારે અનુભવ પાકે છે. એ પાકેલા અનુભવનું ફળ છે આનંદ.

આનંદ મળ્યા પછીય સંત પાસે એક અચંબો બચ્યો છે: કહાં સે આયા, કહાં સમાયા? આત્મતત્ત્વ ક્યાંથી આવ્યું અને ક્યાં સમાયું એ રહસ્યનો સીધો જવાબ આપવાને બદલે સંત એને બડા અચંબા તરીકે જ સાચવી રાખે છે. પિંડ બ્રહ્માંડ સે ન્યારા ખેલે કહીને એ વધુ એક ઊંડો સંકેત આપે છે: આ આત્મઅનુભવ ન માત્ર પિંડ, એટલે કે દેહની મર્યાદામાં બંધાયેલો છે, ન બ્રહ્માંડના દૃશ્ય વિસ્તાર સુધી સીમિત છે; એ બંનેથી ન્યારો, સ્વતંત્ર અને અલિપ્ત ચેતનાનો ખેલ છે. અને તેથી જ નહિ સૂર, નહિ ચંદા આ અનુભવને કોઈ બહારના અજવાળાની જરૂર નથી. જ્યાં ભીતર જ ચેતનાનો દીવો પ્રગટ્યો હોય, ત્યાં સૂરજ-ચંદ્રની સાખ શી?

છેલ્લે આવે છે અનુભૂતિની મહોર: આતમ ચીન્યા, અનભે પાયા, મિટ ગયા સરવે ફંદા. અહીં ચીન્યા એટલે

પોતાના આત્મસ્વરૂપને ઓળખવું બહારની ઓળખોથી પર જઈને ‘હું કોણ?’નો જીવંત અનુભવ પામવો. આ ઓળખ ઊગી આવે ત્યારે અનભે, એટલે નિર્ભયતા, સહજ રીતે પ્રગટે છે; કારણ કે ભય તો ત્યાં સુધી જ છે જ્યાં સુધી પોતાને દેહ, નામ અને બંધનોમાં જ ઓળખીએ છીએ. આત્મસ્વરૂપની ઓળખ થતાં એ ભ્રમ ઢીલો પડે છે, અને સાથે જ મનને બાંધતા બધા ફંદા પણ એક પછી એક ઓસરવા લાગે છે..

ત્યારે શરૂઆતમાં પૂછાયેલો પ્રશ્ન મોતી કૈસા રંગા? ફરી એક વાર સંભળાય છે. આખા ભજનમાં અરજણ

સાહેબ મોતીનો કોઈ રંગ કહેતા નથી, કારણ કે આ મોતી કોઈ આંખે જોઈ શકાય એવી વસ્તુ નથી કે તેનો રંગ વર્ણવી શકાય. એ તો આત્મઅનુભવનું પ્રતીક છે. તેને જાણવા માટે માત્ર શબ્દો પૂરતા નથી; ગુરુગમ લઈને, એટલે ગુરુએ બતાવેલા ભેદ અને માર્ગને અનુસરી, સાધકે પોતાના અંતરમાં ઊતરવું પડે ગગનની ગુપ્ત ગંગામાં જાતે ડૂબકી મારવી પડે. જ્યારે આ અનુભવનું મોતી હાથ લાગે છે, ત્યારે એનો રંગ કેવો? એવો પ્રશ્ન જ અર્થ ગુમાવી દે છે. કારણ કે ત્યાં વર્ણન કરતાં અનુભવ મોટો બની જાય છે; અને અંતે બહારનો કોઈ રંગ નહીં, પણ દૃષ્ટિમાં જ એક નવું અજવાળું પ્રગટે છે એવું અજવાળું, જેમાં જાણે નવખંડ દેખાઈ ઊઠે. ■

## આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# જેવો આહાર તેવો ઓડકારઃ જેવી ભાવના તેવું જીવન

ઈર્ષા પણ અદ્ભુત ચીજ છે. તે કોઈ પાપી કે અત્યાચારી વ્યક્તિમાંથી ઉત્પન્ન થતી નથી. તે પ્રતિભાવાન, ગુણવાન અને સમકક્ષમાંથી જ ઉદ્ભવે છે. ભાઈ-ભાઈની, પડોશી-પડોશીઓની ઈર્ષા કરે છે, જે વ્યક્તિ જેની વધારે નજીક હોય છે તેની વધારે ઈર્ષા કરે છે. બીજું સકારાત્મક પાસું એ પણ છે કે, જ્યારે કોઈ નવો ઈર્ષાળુ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે આપણી અંદર ચોક્કસ કોઈ નવો ગુણ આવ્યો હશે. અવગુણીની કોઈ ઈર્ષા કરતું નથી. નીતિકારોએ બે પ્રકારની વૃત્તિ જણાવી છે તે વિષે આગળ પણ વાંચીશું, પણ તે પહેલાં એક પ્રસંગ વાંચો:

- એકવાર એક શેઠને ત્યાં બે જાણીતા વિદ્વાન પધાર્યા. તેમાંથી એક પંડિત હતા અને બીજા પ્રોફેસર! બંનેને ખૂબ માન આપવામાં આવ્યું અને અનેક મિષ્ટાન જમાડવામાં આવ્યાં.

બીજા દિવસે સવારે જ્યારે એક વિદ્વાન સ્નાન માટે ગયા ત્યારે શેઠે બીજા વિદ્વાનની પ્રશંસા કરતાં કહ્યું કે, ‘પ્રોફેસર સાહેબ ઉચ્ચ કક્ષાના વિદ્વાન અને જ્ઞાની હોવાની સાથે સંશોધક પણ છે.’

આટલું સાંભળતાં જ બીજા વિદ્વાનના ચહેરાનો રંગ બદલાઈ ગયો. તે કહેવા લાગ્યા કે શું વાત કરો છો શેઠજી? તે પ્રોફેસરને જ્ઞાન અને વિદ્વત્તા સાથે દૂરનો પણ સંબંધ નથી. બે-ચાર પુસ્તકમાંથી નોંધ બનાવીને વિદ્યાર્થીઓ સમક્ષ સાચું-ખોટું લેક્ચર આપે છે. કૉલેજના સંચાલકો સાથે સાઠગાંઠ કરીને ગમે તે રીતે ટકી રહ્યો છે. તે બળદ છે, બળદ!

પ્રોફેસર જેવા સ્નાન કરીને આવ્યા કે તરત જ પંડિતજી સ્નાન



કરવા ચાલ્યા ગયા. શેઠે નમ્રતાથી પ્રોફેસર સાહેબ સમક્ષ પંડિતજીના ગુણગાન કરતાં કહ્યું કે, ‘આ મારું સૌભાગ્ય છે કે ઉચ્ચ કક્ષાના વિદ્વાન અને પંડિતજી જેવા સંસ્કૃત અને ન્યાયમાં નિષ્ણાત, પ્રતિષ્ઠિત, ધર્મજ્ઞાતા મારે ત્યાં એકસાથે પધાર્યા.’

આ સાંભળીને પ્રોફેસરના ભવાં ચડી ગયા. તેમણે કહ્યું, ‘આ પંડિત વિશે તમે ક્યાંથી સાંભળ્યું? તે ધર્મ અને ભગવાનનો ભય બતાવીને બધાને ઉલ્લુ બનાવે છે. પોતાના શિષ્યોમાં વેરઝેર કરાવે છે. દાનના પૈસા ખાઈ જાય છે. તેને કશું આવડતું નથી. તે ગધેડો છે, નર્યો ગદર્ભ...!’

શેઠ લક્ષ્મીભક્ત હતા. બીજા દિવસે સવારે તેમણે એક ડિશમાં ભૂસું અને એકમાં ઘાસ રાખીને બંનેની સામે રાખી કહ્યું, ‘આનો સ્વીકાર કરો.’

ભૂસું અને ઘાસ જોઈને પ્રોફેસર અને પંડિત બંને સમસમી ઊઠયા અને કહેવા લાગ્યા કે ‘તમે અમારું અપમાન કરો છો.’

- શેઠે વિનમ્રતાથી જવાબ આપ્યો, ‘આમાં મારો કંઈ વાંક નથી. હું તો હંમેશાં પંડિતો અને વિદ્વાનોની વાત માનું છું. આજે પણ મેં તમારી વાત માની છે. પંડિતજી, તમે જ પ્રોફેસરને બળદ અને પ્રોફેસરસાહેબ તમે પંડિતજીને ગધેડો કહ્યો હતો. મેં વિચાર્યું કે બળદ માટે ભૂસું અને ગધેડા માટે ઘાસનો શ્રેષ્ઠ નાસ્તો કયો હોઈ શકે?’

- શેઠની વાત સાંભળીને બંનેના મસ્તક ઝૂકી ગયા.

- આ ઈર્ષાનું પરિણામ હતું.

- લેખના પ્રારંભમાં નીતિકારોને જે બે પ્રકારની વૃત્તિ જણાવી છે તેમાં એક માખીની વૃત્તિ અને બીજી ભમરાની વૃત્તિ છે.

* માખી સમક્ષ મીઠાઈ અને ગંદકીની થાળી રાખવામાં આવે તો તે મીઠાઈની ઉપેક્ષા કરીને ગંદકી પર બેસવાનું વધારે પસંદ કરશે, જ્યારે ભમરો હંમેશાં ફૂલ પર જ બેસશે, તે સુગંધ શોધતો હોય છે. ભૂલથી પણ ગંદકી પર બેસતો નથી.

**બોધઃ** ભારતીય સંસ્કૃતિ પણ કહે છે, ગુણ સંપન્ન બનો.

* જે વ્યક્તિ જેવી ભાવના બનાવે છે તેનું જીવન તે પ્રકારનું બની જાય છે.

* ઇર્ષાળુના ઘરમાંથી લક્ષ્મી ચાલી જાય છે અને ત્યાં પોતાની નાની બહેન દરિદ્રતા છોડતી જાય છે.

**સનાતન સત્યઃ** વ્યક્તિએ જીવનમાં ક્યારેય કોઈની પણ ઈર્ષા કરવી ન જોઈએ.

* ઈર્ષા સુખી જીવનની દુશ્મન.

* જેવો આહાર તેવો તેનો ઓડકાર.

- વહાલા શ્રદ્ધાળુ વાચક બિરાદરો! આ સનાતન સત્ય કદી પણ મિથ્યા થતું નથી.

**ધર્મસંદેશઃ** ના કૂછ તેરા, ના કૂછ મેરા, જોગીવાલા, ફેરા... ■

# અમદાવાદના બિઝનેસમૅન સામે રૅપની ફરિયાદ કરનારી મહિલા વિરુદ્ધ ગોવામાં પણ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આઈટી કંપની ધરાવતા અમદાવાદના ગુજરાતી બિઝનેસમૅન સામે બળાત્કારનો ગુનો નોંધાવનારી મહિલા વિરુદ્ધ ગોવામાં પણ ગુનો નોંધાયેલો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. એક વેપારીને બંધક બનાવી ખંડણી વસૂલવાને ઇરાદે તેને બળાત્કાર અને હત્યા જેવા ગંભીર ગુનામાં સપડાવવાની ધમકી આપવાનો આરોપ ગોવા પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં કરાયો હતો.

બળાત્કારનો કેસ પાછો ખેંચવા માટે ચાર કરોડ રૂપિયાની કથિત ખંડણી માગવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ શુક્રવારે નિવેદિતા શર્મા (૩૧) અને નવી દિલ્હીનો વકીલ હોવાનો દાવો કરનારા યુવાનની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડીમાં રહેતા આરોપીઓની પોલીસ પૂછપરછ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી મહિલા વિરુદ્ધ ગોવાના માપુસા પોલીસ સ્ટેશનમાં પણ આ રીતે નાણાં પડાવવાના આરોપસર ૨૦૨૪માં ગુનો નોંધાયો હતો. વેપારીને બંધક બનાવીને તેની મારપીટ કરવા સહિત ખંડણી વસૂલવાને ઇરાદે બળાત્કાર અને ખૂન જેવા ગંભીર ગુનામાં સપડાવવાની ધમકી આપવાની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

મહિલાએ મુંબઈના ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગયા મહિને અમદાવાદના બિઝનેસમૅન નિલય પટેલ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હૉટેલની રૂમમાં દુષ્કર્મ કરાયું હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. ફરિયાદને ગંભીરતાથી લઈ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

બળાત્કારની ફરિયાદ પાછી ખેંચવા માટે બિઝનેસમૅનના પરિચિત પાસેથી મહિલાએ ચાર કરોડ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન આપે તો બિઝનેસમૅનને જેલમાં સડાવવાની અને જાનથી મારવાની ધમકી પણ અપાઈ હતી. ચર્ચા બાદ અઢી કરોડ રૂપિયા સ્વીકારવાની તૈયારી મહિલાએ દાખવી હતી. ટોકન તરીકે પાંચ લાખ રૂપિયા બીકેસીમાં એક શખસને ચૂકવવામાં આવ્યા હતા. પછી ૪૫ લાખ રૂપિયા સ્વીકારવા જૂહુમાં આવેલી મહિલાને પોલીસે છટકું ગોઠવી પકડી પાડી હતી. તેની પૂછપરછને આધારે વકીલને પણ કસ્ટડીમાં લેવાયો હતો. આરોપીઓના એક સાથી બાસીત ખાનની પોલીસ શોધ ચલાવી રહી છે.

કહેવાય છે કે મહિલા સાથે નાણાંને મુદ્દે થયેલી વાતચીત ફરિયાદીએ મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી લીધી હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરાયો હતો કે મહિલા અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સામે ખોટા ગુના નોંધાવીને નાણાં પડાવતી હોવાની શક્યતા છે, જેને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# નાલાસોપારામાં બર્થ-ડેની ઉજવણી પડી ‘ભારે: કેકમાંથી ગરોળી મળી, ૧૧ લોકો બીમાર

નાલાસોપારા: નાલાસોપારામાં જન્મદિવસની ઉજવણી ૧૧ લોકોને ભારે પડી ગઈ હતી. બર્થડે સેલિબ્રેશન દરમિયાન કેકમાંથી મૃત ગરોળી મળી આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો.

કેક ખાધા બાદ બાળકો સહિત કુલ ૧૧ લોકોની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે વિજયલક્ષ્મી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં તમામ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળે છે. જોકે, દર્દીઓની તબિયત બગડવાનું ચોક્કસ કારણ જાણવા સત્તાવાર મેડિકલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. ઘટનાની માહિતી પ્રમાણે નાલાસોપારાના નીલકંઠેશ્વર બિલ્ડિંગમાં એક બાળકીના જન્મદિવસની ઉજવણી માટે કેક લાવવામાં આવી હતી. પરિવારે જન્મદિવસ માટે બિલ્ડિંગની સામે આવેલી ચામુંડા ડેરીમાંથી કેક ખરીદી હતી. ઉજવણી દરમિયાન મહેમાનો કેક ખાઈ રહ્યા હતા ત્યારે તેમાં મૃત ગરોળી દેખાઈ હોવાનો પરિવારનો આક્ષેપ છે. ગરોળી દેખાતા જ ઉજવણીના રંગમાં ભંગ પડ્યો હતો અને ભયનો માહોલ સર્જાયો હતો.

કેક ખાધા બાદ થોડા સમયની અંદર કેટલાક લોકોને અસ્વસ્થતા અનુભવાઈ હતી. ત્યારબાદ કુલ ૧૧ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. હૉસ્પિટલમાં દાખલ કરાયેલા લોકોમાં ઉર્મિલા વર્મા (૩૨), સલોની ગુપ્તા (૧૬), સુદિક્ષા શાહ (૧૯), અફિયા ઇદ્રિસ (૨૪), રૂબી શાહ (૪૦), શિવ ગુપ્તા (૧૦), પ્રિયાંશ વર્મા (૨), પરી યાદવ (૭), પ્રિયા વર્મા (૮), રુદ્ર શાહ (૧૩) અને પ્રાચી યાદવ (૮)નો સમાવેશ થાય છે. આ મુદ્દે હૉસ્પિટલના પ્રશાસને આપેલી માહિતી પ્રમાણે હાલ તમામ દર્દીઓની હાલત સ્થિર છે અને તેમની સારવાર ચાલી રહી છે. જોકે, કેકમાં મળેલી ગરોળી અને દર્દીઓની તબિયત બગડવા વચ્ચે સીધો સંબંધ છે કે નહીં તે સત્તાવાર તપાસ અને મેડિકલ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. નાલાસોપારાની આ ઘટનામાં હવે મુખ્ય સવાલ એ છે કે કેકમાં મૃત ગરોળી રીતે કેવી રીતે પહોંચી. કેક બનાવતી વખતે સ્વચ્છતાના નિયમોનું પાલન થયું હતું કે નહીં, પેકિંગ પહેલાં તૈયાર કેકની તપાસ કરવામાં આવી હતી કે નહીં અને બેકરીમાં અન્ય ખાદ્ય ઉત્પાદનોની સલામતીની વ્યવસ્થા કેવી છે, તે અંગે તપાસ હવે આવશ્યક બની છે.

પરિવાર દ્વારા કેકમાંથી ગરોળી મળ્યાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, આ દાવાની સત્તાવાર પુષ્ટિ અને કેકના નમૂનાના પરીક્ષણ બાદ જ સમગ્ર ઘટનાની હકીકત સ્પષ્ટ થઈ શકશે. દર્દીઓની તબિયત બગડવાનું ચોક્કસ કારણ જાણવા માટે મેડિકલ રિપોર્ટ પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. એક તરફ એફડીએ ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરાવવા માટે મુંબઈમાં કડક કાર્યવાહી કરી રહ્યું છે અને બીજી તરફ નાલાસોપારામાં બર્થ-ડે કેકમાંથી મૃત ગરોળી મળ્યાની ઘટનાએ ગ્રાહકોને આપવામાં આવતા ખાદ્ય પદાર્થોની સલામતી સામે સવાલ ઊભા કર્યા છે. હવે તપાસ બાદ જ સ્પષ્ટ થશે કે આ ઘટના કેવી રીતે બની અને તેમાં કોઈની બેદરકારી હતી કે નહીં. ■

# અરાવલી એક્સપ્રેસમાં સીટ મુદ્દે એક્ટ્રેસ અંતરાનો હંગામો

## પોલીસ પર બ્લેડથી હુમલો, ધરપકડ કરાઈ

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં અરાવલી એક્સપ્રેસમાં ટિકિટ વગર એસી કોચમાં સવાર થઈને મુસાફરો અને પોલીસ અધિકારીઓ સાથે ગેરવર્તણૂક કરવાના કેસમાં અભિનેત્રી અંતરા બેનરજી સામે એફઆઈઆર નોંધાઈ હતી. છજ્ઞ્ક જવાન પર બ્લેડ વડે હુમલો કરવા અને ટ્રેનની બારીના કાચ તોડવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રોફેશનલ મોડલ કમ વેબ સિરીઝ એક્ટ્રેસ અંતરા બેનરજીની અરાવલી એક્સપ્રેસમાં ધમાલ કરવા મુદ્દે ધરપકડ કરવામાં આવી છે. આ કેસ અંગે પોલીસે જણાવ્યું હતું કે ટ્રેનમાં અંતરા બેનરજીએ રિઝર્વ્ડ સીટને લઈને ઝઘડો કર્યો હતો. ઝઘડો કર્યા બાદ તે પોલીસ સાથે પણ ગુસ્સામાં વાત કરી રહી હતી. એટલું જ નહીં અભદ્ર વ્યવહાર પણ કર્યો હતો.

તેને ઝઘડો કર્યા બાદ તે પોતાના કપડાં ઊતારવા લાગી હતી અને રેલવે પ્રોટેક્શન ફોર્સના કર્મચારી પર રેઝર બ્લેડથી હુમલો કર્યો હતો. અંતરાએ એક શૂટિંગ માટે સુરત જઈ રહી હતી એવા સમયે આ ઘટના ઘટી હતી. એની પાસે સ્લિપર કોચની ટિકિટ હતી છતા તે રિઝર્વ્ડ એસી કોચમાં બેસવા માટે દોડી ગઈ હતી જેનું સૌને આશ્ચર્ય થયું હતું.

આ ઘટના બોરીવલી અને દહાણુ વચ્ચેના બારમી ઓગસ્ટના આશરે ૯.૩૦ વાગ્યાથી ૧૦.૫૦ વાગ્યાની વચ્ચે બની છે. ફરિયાદના રિપોર્ટ અનુસાર એક પ્રવાસીએ અંતરાને રિઝર્વ્ડ સીટ ખાલી કરવા માટે કહ્યું હતું. ના પાડતા એક્ટ્રેસને ગુસ્સો આવી ગયો હતો. આ મુદ્દે પ્રવાસીએ પોતાની ટિકિટ અંગે ટિકિટ કલેક્ટરને જાણ કરી, એના પછી આરપીએફ એકશનમાં આવી હતી. આરપીએફના આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર યામિનીકાંત મિશ્રાએ જણાવ્યું હતું કે, તેમણે અને કોન્સ્ટેબલ રાજેશ કુમારે મામલો સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અંતરા બેનર્જીએ અધિકારીઓ સાથે ગેરવર્તન કર્યું અને મારપીટ કરવા લાગી હતી.

પોલીસે જણાવ્યું હતું કે પછી એક્ટ્રેસે પોતાના કપડાં ઉતાર્યા, બ્લેડથી હુમલો કરવો અને મિશ્રા અને પોતાને બંનેને ઇજા પહોંચાડી. મિશ્રાનો આરોપ મૂક્યો હતો કે એક્ટ્રેસે તેના યુનિફોર્મ અને મોબાઇલ ફોનને પણ નુકસાન પહોંચાડ્યું હતું. પરિસ્થિતિ બગડતા કર્મચારીઓએ અઈ કોચનો દરવાજો જ બંધ કરી દીધો હતો. દહાણુ રેલવે સ્ટેશન પર એને ઊતારી દેવાતા મામલો ગરમાયો હતો. પછી મામલો પોલીસ અધિકારી સુધી પહોંચ્યો હતો. અંતરા બાહર નીકળવા માટે બારીનો કાચ તોડવાનો પણ પ્રયાસ કર્યો હતો.

એક કલાકથી વધુ સમય સુધી ચાલુ રહેલી બબાલમાં અન્ય પ્રવાસીઓના જીવ પણ જોખમમાં મૂકાઈ ગયા હતા. આ કેસમાં બીજા દિવસે સવારે બોરીવલી રેલવે પોલીસે બેનજીર્ને કસ્ટડીમાં લીધી હતી. બોરીવલી જીઆરપી ઇન્સ્પેક્ટર કુંડા ગાવડેએ જણાવ્યું કે, સાક્ષીઓના મતે તે કદાચ એસી કોચ માટે ટિકિટ નહીં મેળવી શકવાને કારણે દુ:ખી થઈ હશે, જ્યારે તેના સંબંધીઓ અથવા વકીલનો સંપર્ક કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે બેનર્જીએ ઇનકાર કર્યો હતો અને પોતાની ધરપકડની માંગ કરી. ગાવડેએ કહ્યું એફઆઈઆર નોંધાયા પછી તે શાંત થઈ ગઈ હતી. ■

# મુલુંડમાં કૉલેજ સ્ટુડન્ટને ઝાડીઝાંખરાંમાં ખેંચીને દુષ્કર્મનો પ્રયાસ કરનારો પકડાયો

## રસ્તે ચાલતી વિદ્યાર્થિનીનો આરોપીએ બાઈક પર પીછો કર્યો હતો: ૨૫૦ કૅમેરાનાં ફૂટેજ પરથી આરોપીને ઓળખી કઢાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં બનેલી આઘાતજનક ઘટનામાં રસ્તે ચાલતી જઈ રહેલી કૉલેજ સ્ટુડન્ટને ઝાડીઝાંખરાંમાં ખેંચીને કથિત દુષ્કર્મનો પ્રયાસ કરાયો હતો. પોલીસે ૨૫૦ જેટલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે બાઈકસવાર યુવાનને ઓળખી કાઢ્યો હતો. અઠવાડિયા પછી એ જ સ્થળે આંટો મારી રહેલા આરોપીને પોલીસે પીછો કરી થાણેમાં પકડી પાડ્યો હતો.

મુલુંડ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અનિલ રામચરણ કરોટિયા (૩૧) તરીકે થઈ હતી. થાણેમાં વાગળે એસ્ટેટ વિસ્તારના સી. પી. તળાવ પરિસરમાં રહેતા કરોટિયાને કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૬ ઑગસ્ટની વહેલી સવારે મુલુંડમાં બની હતી. વિદ્યાર્થિની કૉલેજ જવા ઘરેથી નીકળી હતી. ચાલતી જઈ રહેલી વિદ્યાર્થિનીનો આરોપીએ બાઈક પર પીછો કર્યો હતો. પછી સૂમસામ રસ્તા પર બાઈક રોકી આરોપી વિદ્યાર્થિનીને જબરદસ્તી ઝાડીઝાંખરાંમાં ખેંચીને લઈ ગયો હતો, જ્યાં તેણે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો.

આરોપીની ચુંગાલમાંથી છૂટવા માટે વિદ્યાર્થિનીએ ઘણાં તરફડિયાં માર્યાં હતાં. આ ઝપાઝપીમાં વિદ્યાર્થિનીને ઇજા પણ થઈ હતી. તેની ફરિયાદને આધારે મુલુંડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપીને શોધી કાઢવા માટે અધિકારીઓની છ ટીમ બનાવવામાં આવી હતી.

ઘટનાસ્થળ અને આસપાસના પરિસરમાં લાગેલા ૨૫૦ જેટલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે શકમંદને ઓળખી કાઢ્યો હતો. બાઈક પર ફરતો શકમંદ ૧૪ ઑગસ્ટે ફરી ઘટનાસ્થળ નજીક આંટા મારતો દેખાયો હતો. બાઈકના નંબરને આધારે પોલીસે પીછો કરી તેને પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

પોલીસે અપીલ કરી હતી કે ફૂટેજ અનુસાર આરોપી ઘટનાસ્થળ પાસેના પરિસરમાં વહેલી સવારે વારંવાર આંટા મારતો નજરે પડ્યો હતો. તેણે અન્ય કોઈ યુવતી સાથે પણ આવું હીન કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હોવાની શક્યતા નકારી શકાતી નથી. પરિણામે કોઈ યુવતી-વિદ્યાર્થિની સાથે આવું કૃત્ય થયું હોય તો તેણે પોલીસનો સંપર્ક સાધવો. ફરિયાદીની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે, એવું પોલીસે જણાવ્યું હતું. ■

# ‘લેક લાડકી’ યોજના: લાભાર્થીઓ માટે પ્રક્રિયા સરળ બનાવાઈ, તારીખ લંબાવાઈ

મુંબઈ : લાડકી બહીણ યોજનાની તર્જ પર મહારાષ્ટ્ર સરકારે શરૂ કરેલી ‘લેક લાડકી’ યોજનાને વધુ સરળ બનાવવામાં આવી છે, તેમ રાજ્યના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ રવિવારે જણાવ્યું હતું. આ ફેરફારને કારણે પાત્ર લાભાર્થીઓ હવે ઓનલાઇન અરજી કરી શકશે અને સીધા તેમના લિંક થયેલા બેંક ખાતામાં આર્થિક સહાય મેળવી શકશે.

તટકરેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાત્ર છોકરીઓના માતા-પિતા હવે ‘આપલે સરકાર’ પોર્ટલ દ્વારા સીધી અરજી કરી શકે છે અને અરજી માટે જરૂરી દસ્તાવેજોની સંખ્યા પણ ઘટાડવામાં આવી છે. અગાઉ રહી ગયેલા લાભાર્થીઓને પણ આ યોજનાનો લાભ લેવાની તક મળે તે સુનિશ્ચિત કરવા માટે, ૧ એપ્રિલ, ૨૦૨૩થી પાત્ર બનેલી છોકરીઓ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી અરજી કરી શકશે. નવા કિસ્સાઓમાં, છોકરીના જન્મના એક વર્ષની અંદર અરજી કરવાની રહેશે, તેમ નિવેદનમાં જણાવાયું છે.

સુધારેલી વ્યવસ્થા હેઠળ, આધાર નંબરનો ઉપયોગ કરીને લાભાર્થીની વિગતો આપમેળે મેળવવામાં આવશે અને લાભાર્થી બાળકી, તેની માતા અને પિતાની ઈ-કેવાયસી પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવશે. પ્રધાને જણાવ્યું હતું કે, હવે લાભાર્થીઓએ પછીના તબક્કાઓમાં લાભ મેળવવા માટે અલગથી અરજી કરવાની જરૂર રહેશે નહીં. સહાય ‘ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર’ દ્વારા સીધી લિંક થયેલા બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

પાત્રતા માટે, પરિવારે મહારાષ્ટ્રના રહેવાસી હોવું જોઈએ, તેમની પાસે પીળા અથવા નારંગી રંગનું રેશન કાર્ડ હોવું જોઈએ અને સરકારે નિર્ધારિત કરેલી આવક તથા અન્ય શરતોનું પાલન કરવું આવશ્યક છે. તટકરેએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ‘લેક લાડકી’ યોજના હેઠળ ૨,૯૮,૬૯૫ લાભાર્થીઓને પ્રથમ હપ્તો મળી ચૂક્યો છે. ■

# મિત્રની પત્નીને પામવા મિત્રને જ પતાવી નાખ્યો

નાગપુર: નાગપુર શહેરમાં બનેલી ચોંકાવનારી ઘટનામાં મિત્રની પત્નીને પામવા યુવાને મિત્રને જ પતાવી નાખ્યો હતો. પછી શબને રસ્તા પર ફેંકી અકસ્માતમાં મૃત્યુ પામ્યાનો દેખાવ ઊભો કર્યો, પરંતુ પોસ્ટમોર્ટમના અહેવાલે ચાડી ખાતાં આરોપીએ લૉકઅપભેગા થવું પડ્યું હતું.

એમઆઈડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ગજાનન નગરમાં રહેતા સુધીર મહેન્દ્રપ્રસાદ દ્વિવેદી (૩૩)નો મૃતદેહ ૧૦ ઑગસ્ટની સવારે નજીકના રસ્તા પરથી મળી આવ્યો હતો. દારૂના નશામાં સુધીર અકસ્માતનો ભોગ બન્યો હોવાનું માની પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી.

જોકે પોસ્ટમોર્ટમના અહેવાલમાં સુધીરનું મૃત્યુ અકસ્માતે ન થયું હોવાની નોંધ કરી શંકા વ્યક્ત કરાઈ હતી. પરિણામે આ મામલે પોલીસે તપાસ કરતાં સુધીરની પત્ની પૂજાનું તેના મિત્ર આશિષકુમાર નરેશકુમાર અગ્નિહોત્રી સાથે અફૅર હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસના જણાવ્યા મુજબ સુધીર અને આરોપી આશિષકુમાર ખાનગી કંપનીમાં કામ કરતા હતા અને બન્ને સારા મિત્ર હતા. અનેક વાર આરોપી સુધીરના ઘરે પણ આવતો હતો. આ દરમિયાન સુધીરની પત્ની સાથે તેને અફૅર થઈ ગયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે પત્ની પૂજાને લગ્નબાહ્ય સંબંધ હોવાની શંકા સુધીરને હતી, પરંતુ આ સંબંધ પોતાના મિત્ર આશિષકુમાર સાથે જ હોવાની તેને જાણ નહોતી. નવ ઑગસ્ટની રાતે આરોપીએ સુધીરને સખત દારૂ પીવડાવ્યો હતો. પછી લોખંડનો સળિયો માથા પર ફટકારી અને ઓઢણીથી ગળું દબાવી સુધીરની હત્યા કરવામાં આવી હતી. તેનું શબ રસ્તાને કિનારે ફેંકી બાજુમાં દારૂની બૉટલ પર રાખવામાં આવી હતી, જેથી દારૂના નશામાં તે અકસ્માતનો ભોગ બન્યો હોવાનું સાબિત કરી શકાય. પોલીસે આશિષકુમાર અને પૂજા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આશિષકુમારની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

# મુંબઈ મેટ્રો-વનમાં વોટ્સઍપ પર મળશે ડિજિટલ પાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રો વન દ્વારા ડિજિટલ પાસ રજૂ કરવામાં આવ્યો છે, જે એક સંપૂર્ણપણે ડિજિટલ મેટ્રો પાસ છે. તે મુજબ હવેથી હાથમાં ટિકિટ સાચવી રાખવાની પળોજળથી છૂટકારો મળશે. વર્સોવા-અંધેરી-ઘાટકોપર કોરિડોર પર મુસાફરી કરતા મુસાફરો વોટ્સઍપ દ્વારા સીધા જ તેમના મેટ્રો પાસ ખરીદીને તેમ જ સાચવીને રાખીને ઉપયોગ કરી શકશે. મુંબઈ મેટ્રો વન દ્વારા ડિજિટલ પાસ લોન્ચ કરીને દૈનિક મુસાફરી કરનારા પ્રવાસીઓનો પ્રવાસ વધુ સરળ બનાવવા એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે, જેનાથી મુસાફરોને દૈનિક ટિકિટિંગ માટે તેઓ જે વોટ્સઍપ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે તે જ પ્લેટફોર્મ દ્વારા

મલ્ટિ-ટ્રિપ પાસ અને સ્ટોરેજ-વેલ્યુ મુસાફરીનો ઉપયોગ કરવાની સુવિધા મળશે.

ડિજિટલ પાસ મુસાફરોને તેમના મેટ્રો પાસને સંપૂર્ણપણે ડિજિટલ રીતે ખરીદવા અને લઈ જવા સક્ષમ બનાવે છે, જેનાથી ફિઝિકલ કાર્ડ રાખવાની મગજમારીથી છૂટકારો મળશે. ડિજિટલ પાસને ગૂગલ વોલેટ અથવા એપલ વોલેટમાં પણ ઉમેરી શકાય છે, જેનાથી મુસાફરો તેમના મોબાઇલ ફોનથી સીધા જ તેમના પાસને સરળતાથી ઍક્સેસ કરી શકશે. આ પહેલ સાથે મુસાફરો ટ્રિપ પાસ, જે તેમને ચોક્કસ સંખ્યામાં મુસાફરીઓ પહેલાથી ખરીદવાની મંજૂરી આપે છે અને સ્ટોર વેલ્યુ પાસ, જે તેમને ઇચ્છિત રકમ લોડ કરવાની અને દરેક મુસાફરી માટે લાગુ ભાડું આપમેળે કાપવાની મંજૂરી આપે છે વચ્ચે પસંદગી કરી શકશે. વોટ્સઍપ ઈ-ટિકિટિંગ એ મુસાફરોને ટિકિટ કાઉન્ટર પર અલગ ઍપ્લિકેશન ડાઉનલોડ કર્યા વિના અથવા લાઈનમાં ઊભા રહ્યા વિના સિંગલ-જર્ની ક્યુઆર ટિકિટ ડિજિટલ રીતે બુક કરવાની મંજૂરી આપી છે. ડિજિટલ પાસ સાથે મુંબઈ મેટ્રો વન મુસાફરોને તેમના નિયમિત મેટ્રો મુસાફરી પાસને ડિજિટલ રીતે સાચવવાની સુવિધા ઉપલબ્ધ કરી આપી છે. નોંધનીય છે કે વર્સોવા-અંધેરી-ઘાટકોપર કોરિડોરનું સંચાલન કરતી મુંબઈ મેટ્રો વન, જૂન ૨૦૨૬માં ૧૨ વર્ષ પૂર્ણ કર્યા અને આટલાં વર્ષમાં તેમાં ૧૨૫ કરોડથી વધુ મુસાફરોએ પ્રવાસ કર્યો છે. ■

# જળાશયોમાં ૩૨૫ દિવસ ચાલે એટલું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પુરવઠો કરનારાં સાતે જળાશયો હવે મુંબઈની ૩૨૫ દિવસની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે તેટલું પાણી ધરાવે છે. જળાશયોમાં પાણીના સ્તરમાં થયેલા વધારાને પગલે તાજેતરમાં પાલિકાએ મુંબઈના સ્વિમિંગ પૂલને પાણી પુરવઠો પૂર્વવત્ કરવાની જાહેરાત કરી હતી, તે મુજબ રવિવારથી તેમને પાણી આપવાનું શરૂ થઈ ગયું છે. તેથી હવે મુંબઈગરાનાં માથાં પર રહેલા ૧૦ ટકા પાણીકાપને પણ તહેવારોને ધ્યાનમાં રાખીને પાછો ખેંચવાની માગ થઈ રહી છે. સાતેય જળાશયોમાં લગભગ ત્રણ અઠવાડિયા સુધી પાણીનો જથ્થો ૮૮ ટકાએ સ્થિર રહ્યા બાદ છેલ્લા થોડા દિવસથી પડી રહેલા છૂટાછવાયા વરસાદને પગલે રવિવાર, ૧૬ ઓગસ્ટ સુધીમાં તેમાં વધારો થઈને પાણીનો સ્તર વધીને ૯૨.૨૪ ટકા થઈ ગયો છે. રવિવારના સાત તળાવોમાં કુલ પાણીનો જથ્થો તેમની કુલ સંગ્રહ ક્ષમતા સામે લગભગ ૯૨.૨૪ ટકા એટલે કે ૧૩,૩૪,૯૭૯ મિલ્યન લિટર જેટલો હતો. ગયા વર્ષે આ જ સમયગાળા દરમ્યાન આ જથ્થો ૯૦.૧૬ ટકા એટલે કે ૧૩,૦૪,૯૮૧ મિલ્યન લિટર જેટલું પાણી જળાશયોમાં હતું. જ્યારે ૨૦૨૪માં ૯૩.૨૩ ટકા એટલે કે ૧૩,૪૯,૩૬૪ મિલ્યન લિટર પાણી ધરાવતું હતું. તાજેતરના વરસાદને કારણે ઘણાં તળાવો પણ ઓવરફ્લોના સ્તરે પહોંચી ગયાં છે. થાણે જિલ્લામાં સ્થિત બે મુખ્ય જળસ્રોત, તાનસા અને મોડક સાગર ઓવરફ્લો થઈ ગયાં છે. મુંબઈમાં આવેલાં વિહાર અને તુલસી બંને પ્રમાણમાં નાનાં છે, છતાં તે ઓવરફ્લો થવાની ઘણી રાહત થઈ છે. પાણીના સ્તરમાં સુધારો થયો હોવા છતાં પાણીનો જથ્થો આખા વર્ષનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી સ્તરથી નીચે છે. ■

# મહારાષ્ટ્રની ‘દહીહાંડી’ને યુનેસ્કો સુધી પહોંચાડવાની તૈયારી

મુંબઈ: મહારાષ્ટ્રના પરંપરાગત અને લોકપ્રિય દહીહાંડી ઉત્સવની ઉજવણી હવે સ્પેનમાં પણ ધમાલ મચાવશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દહીહાંડીને વૈશ્વિક ઓળખ અપાવવા તેને યુનેસ્કોની હેરિટેજ યાદીમાં સ્થાન અપાવવાનો પણ પ્રયાસ કરશે, એમ સરકારે જણાવ્યું હતું.

મુંબઈના પરેલ વિસ્તારમાં મહારાષ્ટ્ર સ્ટેટ દહીહાંડી ગોવિંદા એસોસિએશન દ્વારા આયોજિત ‘કૃષ્ણાનંદ સોહળા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલા અને પુરુષ દહીહાંડી ટીમોના પ્રતિનિધિઓ, ગોવિંદાઓ તેમ જ દહીહાંડી સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે મહારાષ્ટ્રના સાંસ્કૃતિક બાબતોના પ્રધાને દહીહાંડીને યુનેસ્કોની હેરિટેજ યાદીમાં સ્થાન અપાવવાના સરકારના પ્રયાસની માહિતી આપી હતી.

દહીહાંડીનો તહેવાર ભગવાન શ્રીકૃષ્ણના જન્મ નિમિત્તે જન્માષ્ટમીના બીજા દિવસે ઉજવવામાં આવે છે. આ દરમિયાન ગોવિંદાઓ એકબીજાના ખભા પર ચઢીને ઊંચો માનવ પિરામિડ બનાવે છે અને ઉપર બાંધવામાં આવેલી માટીની હાંડી ફોડે છે. આ હાંડીમાં દહીં, માખણ અને દૂધ ભરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં દહીહાંડી માત્ર ધાર્મિક તહેવાર જ નહીં, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાનો પણ મહત્વનો ભાગ છે. આ પરંપરાની ખાસિયત માત્ર મહારાષ્ટ્ર પૂરતી મર્યાદિત ન રહે તે માટે સરકાર ગોવિંદાઓને સ્પેન મોકલવા ઈચ્છે છે. મહારાષ્ટ્રની દહીહાંડી અને સ્પેનની ‘કાસ્ટેલ્સ’ પરંપરા વચ્ચે માનવ પિરામિડ અને માનવ ટાવર બનાવવાની સમાનતા છે.

સ્પેનમાં વિવિધ સમુદાયો દ્વારા ‘કાસ્ટેલ્સ’ નામે ઊંચા માનવ ટાવર બનાવવાની પરંપરા છે. આ જ સાંસ્કૃતિક સમાનતાને કારણે સ્પેનની ટીમો પણ દર વર્ષે મુંબઈ અને થાણેમાં યોજાતી દહીહાંડીની ઉજવણીમાં ભાગ લેવા આવતી હોય છે. હવે મહારાષ્ટ્રના ગોવિંદાઓને સ્પેન મોકલીને ત્યાં આ પરંપરાનું પ્રદર્શન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

દહીહાંડીના વિવિધ મંડળોને તહેવાર દરમિયાન સુરક્ષાના નિયમોનું કડક પાલન કરવાની અપીલ પણ કરી હતી. તેમણે ટ્રાફિક નિયમોનું પાલન કરવા તેમજ ગોવિંદાઓ અને દર્શકોની સુરક્ષા માટે જરૂરી તમામ સાવચેતી રાખવા જણાવ્યું હતું. દહીહાંડીના આયોજન દરમિયાન રાહદારીઓ અને સામાન્ય નાગરિકોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તેની જવાબદારી આયોજકો નિભાવે તેવી પણ તેમણે અપીલ કરી હતી. રાજ્ય સરકાર મહારાષ્ટ્રની પરંપરાગત ઉજવણીઓને યોગ્ય મહત્વ સાથે જાળવવા અને તેને નવી પેઢી સુધી પહોંચાડવા માટે પ્રયાસ કરશે, પરંતુ તેની સાથે સુરક્ષા અને જાહેર હિતને પણ પ્રાથમિકતા આપવામાં આવશે, એવી માહિતી આપી હતી. (પીટીઆઈ) ■

# ‘ઇન્ડો અમાઇન્સ’માં બેનાં મોત અને ૩૬ કામદારો અસરગ્રસ્ત

રાયગઢ: મહાડ એમઆઈડીસીમાં એક કંપનીમાં ગેસનું મોટું ગળતર થતાં બે કામદારોનાં મોત થયાં છે અને અન્ય ૩૬ લોકો પ્રભાવિત થયા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થળ પર યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મહાડ ઔદ્યોગિક વસાહતમાં આવેલી 'ઇન્ડો અમાઇન્સ' કંપનીમાં હાઇડ્રોક્લોરિક એસિડમાંથી ગેસ ગળતર થવાને કારણે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ગેસની અસરને કારણે ૩૬ કામદારોને તાત્કાલિક ઔદ્યોગિક વસાહતની એમએમએ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગેસ ગળતરથી કુલ ૩૬ કામદારો પ્રભાવિત થયા હતા; જેમાંથી બે કામદારો, અમિત કુમાર (મૂળ બિહારના વતની) અને કલ્પેશ વાંદ્રે, ના મોત થયા છે. એક કામદારની હાલત ગંભીર છે, જ્યારે અન્ય કામદારો મહાડ અને મુંબઈમાં સારવાર લઈ રહ્યા છે. આ લીકેજની અસર માત્ર કંપનીના કામદારો પર જ નહીં, પરંતુ તે વિસ્તારમાંથી પસાર થતા નાગરિકો પર પણ પડી છે. અહેવાલ મુજબ, ગેસને કારણે ઘણા લોકોને શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરવો પડ્યો હતો. એવું પણ જાણવા મળ્યું છે કે વરસાદને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. ■

# મરાઠા અનામત: રણનીતિ બનાવવા જરાંગેની બેઠક

જાલના: મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં ૨૯ ઓગસ્ટે યોજાનારા મરાઠા અનામત આંદોલન માટેની રણનીતિ ઘડવા કાર્યકર મનોજ જરાંગે પાટીલે રવિવારે નિષ્ણાતો અને સંશોધકો સાથે બેઠક યોજી હતી. જરાંગેના ગામ 'અંતરવાલી સરાતી' ખાતે યોજાયેલી આ બેઠકમાં સરકાર સમક્ષ અગાઉ રજૂ કરવામાં આવેલી માંગણીઓ, તેના કાનૂની પાસાઓ અને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી એસોપી પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા જરાંગેએ જણાવ્યું હતું કે, સરકારે આ મુદ્દે હાલના સરકારી ઠરાવોમાં રહેલી ભૂલો સ્વીકારવી જોઈએ અને તેમાં જરૂરી સુધારા કરવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે બેઠકમાં હૈદરાબાદ ગેઝેટિયર, અન્ય પછાત વર્ગો (ઓબીસી) ને મળતી રાહતો અંગેના સરકારી ઠરાવ (જીઆર) અને મરાઠા સમુદાયને લગતા અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી; સાથે જ તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે તેઓ ૨૯ ઓગસ્ટનું આંદોલન ચાલુ રાખવા માટે મક્કમ છે.

આ મહિનાની શરૂઆતમાં, તેમણે રાજ્ય સરકાર પર અનેક કુણબી પ્રમાણપત્રો રદ કરીને મરાઠા ચળવળને નબળી પાડવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. બેઠક દરમિયાન, નિષ્ણાતોએ વહીવટી સ્તરે રક્ત, કુટુંબ અને વંશના રેકોર્ડ ચકાસવામાં આવતી મુશ્કેલીઓની ચર્ચા કરી હતી. ■

# શ્રીલંકન સ્પિનરોના સુપર-શૉ છતાં ભારત મજબૂત સ્થિતિમાં

## ટીમ ઈન્ડિયાના નવ વિકેટે ૪૬૦ રનઃ હવે ભારતીય બોલર્સની પરીક્ષા

ગૉલઃ શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતે પહેલા દાવમાં રવિવારની બીજા દિવસે શ્રીલંકન સ્પિનરોના ખૂબ જ સારા પર્ફોર્મન્સ છતાં રમતના અંત સુધીમાં નવ વિકેટે ૪૬૦ રન બનાવ્યા હતા. કુલદીપ યાદવ ૧૨ રને અને પ્રસિદ્ધ ક્રિષ્ના એક રને દાવમાં હતા. શ્રીલંકાની સ્પિન જોડી પ્રભાત જયસૂર્યા (૧૦૯ રનમાં ચાર વિકેટ) તથા કેશારા નુવાન્થા (૧૭૫ રનમાં ત્રણ વિકેટ)એ ભેગા મળીને સાત વિકેટ લીધી હતી. સોમવારે મેઘરાજા નહીં નડે તો ભારતીય બોલર્સ યજમાન ટીમના બૅટ્સમેનોને સીમિત રાખીને ફૉલો-ઑન માટે ફરજ પાડી શકશે. હવે ભારતના બોલર્સમાં પ્રસિદ્ધ ક્રિષ્ના, મોહમ્મદ સિરાજ તેમ જ ત્રણ સ્પિનર કુલદીપ યાદવ, રવીન્દ્ર જાડેજા અને માનવ સુથારની પરીક્ષા થશે.

રવિવારના બીજા દિવસે વરસાદ તેમ જ નબળા પ્રકાશને કારણે રમત સાડાચાર કલાક મોડી શરૂ થઈ હતી. ઋષભ પંત (૩૯ રન, ૬૨ બૉલ, એક છગ્ગો, ચાર ચોગ્ગા) ૮૧મી ઓવરમાં કૅચઆઉટ થઈ ગયો હતો અને ત્યારે શનિવારે સ્નાયુઓ ખેંચાવાને લીધે રિટાયર્ડ-હર્ટ થયેલો કે. એલ. રાહુલ ફરી બૅટિંગ કરવા આવ્યો હતો, પણ તે માત્ર પાંચ રન બનાવ્યા બાદ ૮૨ રનના પોતાના સ્કોર પર શૉર્ટ લેગના સ્થાને કૅચ આપી બેઠો હતો. સેન્ચુરિયન દેવદત્ત પડિક્કલ (૧૬૭ રન, ૨૩૦ બૉલ, એક છગ્ગો, પંદર ચોગ્ગા) સાથે ધ્રુવ જુરેલ (૫૧ રન, ૬૮ બૉલ, એક છગ્ગો, ચાર ચોગ્ગા) માંડ સેટલ થયો ત્યાં તો ખુદ પડિક્કલ વિકેટકીપર ડિક્વેલાના હાથે સ્ટમ્પ-આઉટ થઈ ગયો હતો. ધ્રુવ જુરેલની આ ટેસ્ટ-કરીઅરની બીજી હાફ સેન્ચુરી હતી.

રવીન્દ્ર જાડેજા (૧૩ રન) અને માનવ સુથાર (૨૪ રન) સાધારણ યોગદાન આપ્યું હતું, પણ હવે સોમવારે તેમણે સ્પિનના તરખાટથી શ્રીલંકનોને મુશ્કેલીમાં લાવવા પડશે.

રવિવારે રાત્રે તથા સોમવારે સવારે વરસાદ પડવાની આગાહી હોવાથી રમત ફરી એક વખત વિલંબ બાદ શરૂ થશે તો નવાઈ નહીં. ખરેખર તો બુધવાર (મૅચના અંતિમ દિવસ) સુધીની વરસાદની આગાહી હોવાથી આ મૅચ ડ્રૉમાં જશે કે ભારતને જીતવા મળશે એનો અંદાજ કરવો મુશ્કેલ છે. ■



ધ્રુવ જુરેલે કહ્યું, 'છેલ્લી સાત ઈનિંગ્સમાં હું હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો એટલે રવિવારે મારા પર એનું કોઈ જ માનસિક દબાણ નહોતું. મને આત્મવિશ્વાસ અપાવવા બદલ ગિલ અને ગંભીરનો આભારી છું.'

# ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટરના ટીમની જ ખેલાડી સાથે સમલિંગી સંબંધો

## ઑસ્ટ્રેલિયન બોર્ડે સિલેક્શનની પ્રક્રિયા બદલવી પડી!



ઍશ્લેઇ ગાર્ડનર (જમણે) તેની પત્ની મૉનિકા (ડાબે)થી અલગ થઈ ગઈ છે.




ઍશ્લેઇ ગાર્ડનર (જમણે)ના હવે જ્યોર્જિયા વૉલ (ડાબે) સાથેના સંબંધોની ચર્ચા છે.

બ્રિસ્બેનઃ ઑસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમની વાઇસ-કૅપ્ટન અને ભારતની મહિલાઓ માટેની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ગુજરાત જાયન્ટ્સ (જીજી) ટીમ વતી રમી ચૂકેલી ઍશ્લેઇ ગાર્ડનર ક્રિકેટ જગતમાં સમલિંગી સંબંધો માટે જાણીતી છે અને થોડા દિવસથી તેના બીજી મહિલા (તેના દેશની જ ખેલાડી) સાથેના સંબંધો ચર્ચાસ્પદ થયા છે જેને પગલે ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બૉર્ડે ટીમ સિલેક્ટ કરવા વિશેની પ્રક્રિયામાં ફેરફાર કરવો પડ્યો હોવાનું મનાય છે.

૨૯ વર્ષની ગાર્ડનર ઑસ્ટ્રેલિયા વતી ૨૦૭ આંતરરાષ્ટ્રીય મૅચ રમી છે. તે સ્પિન ઑલરાઉન્ડર છે અને ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં તેણે ૩,૫૦૦થી વધુ રન બનાવવા ઉપરાંત ૨૫૦ જેટલી વિકેટ લીધી છે. તેણે એપ્રિલ, ૨૦૨૫માં મૉનિકા રાઇટ નામની છોકરી સાથે લગ્ન કર્યાં હતાં. તેમના વેડિંગના સમારોહમાં એલિસ પેરી, અલીઝા હિલી સહિત ઑસ્ટ્રેલિયાની કેટલીક ખેલાડીઓએ હાજરી આપી હતી.

જોકે ગાર્ડનરના ઑસ્ટ્રેલિયાની જ ક્રિકેટ ટીમની યુવાન ખેલાડી જ્યોર્જિયા વૉલ સાથેના કથિત સંબંધોને પગલે મૉનિકા રાઇટ પોતાની સાથે ચીટિંગ થઈ હોવાના આક્ષેપ સાથે તાજેતરમાં જ ગાર્ડનરથી અલગ થઈ ગઈ હતી. ગાર્ડનરને આપવામાં આવેલી ઑસ્ટ્રેલિયન ટીમની કોઈ પણ પ્રકારની કૅપ્ટન્સી પાછી ખેંચવાને બદલે ક્રિકેટ બૉર્ડે સિલેક્શનની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે.

જ્યોર્જિયા વૉલ ૨૩ વર્ષની છે. તે ઓપનિંગ બૅટર છે અને ઑસ્ટ્રેલિયા વતી ૨૪ મૅચ તેમ જ ડબ્લ્યૂપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ અને યુપી વૉરિયર્ઝ વતી કુલ મળીને નવ મૅચ રમી ચૂકી છે.

ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ દ્વારા હવે ફેરફાર એ કરવામાં આવ્યો છે કે ગાર્ડનરને વાઇસ-કૅપ્ટન તરીકે જાળવી રાખી છે, પરંતુ તે સિનિયર ખેલાડી હોવા છતાં તેને ટીમ સિલેક્ટ કરવા વિશેની મીટિંગમાં નહીં બોલાવવામાં આવે. તેની કથિત નવી પાર્ટનર જ્યોર્જિયા વૉલને કોઈ સિરીઝ માટેની ટીમમાં સિલેક્ટ કરવી કે નહીં એ વિશેની સિલેક્શન કમિટીની બેઠકમાં ગાર્ડનરને હવે પછી નહીં બોલાવવામાં આવે. ક્રિકેટ બોર્ડના ચીફ ટૉડ ગ્રીનબર્ગે કહ્યું હતું કે 'અમને તો ગાર્ડનર-જ્યોર્જિયા વૉલ વચ્ચેના રિલેશનશિપની વાતો જાહેરમાં આવી એ અગાઉથી જ અમને તેમની વચ્ચેના સંબંધોની જાણ થઈ હતી. સિલેક્શનની પ્રક્રિયામાં કોઈ રીતે પર્સનલ રિલેશનશિપનો મુદ્દો ન આવે એ માટે અમે ગાર્ડનરને ટીમ આ પ્રક્રિયાથી દૂર રાખી છે.' ■

# વન-ડે વર્લ્ડ કપ અને ગાંધી બાપુનો જન્મદિન...

## આઈસીસીએ કદાચ કંઈક મોટી યોજના વિચારી છે





દુબઈઃ ૨૦૨૭ના ઑક્ટોબર મહિનામાં વન-ડેનો વર્લ્ડ કપ શરૂ થવાનો છે, પરંતુ એનો આરંભ કયા દિવસે થશે એ જાણીને ઘણાને નવાઈ લાગશે અને એ આશ્ચર્યની સાથે તેઓ ગર્વ પણ અનુભવશે.

વાત એવી છે કે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ૨૦૨૭નો વિશ્વ કપ બીજી ઑક્ટોબરે (મહાત્મા ગાંધીના જન્મદિનના અવસરે) શરૂ કરવા માગે છે. એક અહેવાલ અનુસાર આઇસીસી વિશ્વને એક ખાસ સંદેશ આપવાના ઇરાદાથી એ જ દિવસે પ્રથમ મૅચ રાખવા માગે છે.

૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે, નામિબિયામાં સંયુક્ત રીતે યોજાવાનો છે. ખાસ કરીને સાઉથ આફ્રિકા એ દેશ છે જ્યાં ગાંધીજી આઝાદીની ચળવળ શરૂ કરતા પહેલાં ૨૧ વર્ષ રહ્યા હતા અને ત્યાંથી તેમણે ભારતને સ્વતંત્રતા અપાવવાનો સંકલ્પ કર્યો હતો. સાઉથ આફ્રિકામાં બે દાયકા બાદ આ મોટી ઇવેન્ટ પાછી આવી રહી છે અને સૌ જાણે છે કે એ દેશમાં બાપુની કેટલી બધી લોકપ્રિયતા છે. નેલ્સન મંડેલાએ બાપુનો રાહ અપનાવીને શ્વેત શાસકોના હાથમાં સાઉથ આફ્રિકાને (અશ્વેત પ્રજાને) આઝાદી અપાવી હતી. આઇસીસી એ ક્રિકેટક્રેઝી દેશમાં ગાંધીજીના જન્મદિવસથી વર્લ્ડ કપ શરૂ કરાવીને ગાંધીબાપુના દુનિયાને એકતા અને અહિંસાના સંદેશથી ફરી વાકેફ કરવા માગે છે. કહેવાય છે કે આઇસીસી વૉર્મ-મૅચો બાદ આઠમી ઑક્ટોબરથી વર્લ્ડ કપ શરૂ કરવા વિચારતી હતી, પણ હવે એ વૉર્મ-અપ મૅચો સપ્ટેમ્બરના અંતમાં રાખીને બીજી ઑક્ટોબરથી વિશ્વ કપનો આરંભ કરવા વિચારે છે. ૧૪ દેશ વચ્ચેના વર્લ્ડ કપની ફાઇનલ ૨૧મી નવેમ્બરે રમાશે એવી સંભાવના છે. ■

# ભારતની મહિલા હૉકી ટીમે ઑલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ ચીનને જીતવા ન દીધું

ઍમ્સ્ટલવીનઃ હૉકીના વર્લ્ડ કપમાં શનિવારના પ્રથમ દિવસે પુરુષોના વર્ગમાં ભારતે વેલ્સને ૩-૧થી કચડી નાખ્યું ત્યાર બાદ રવિવારે ભારતની મહિલા ટીમે ચીનની ચડિયાતી ટીમને જબરદસ્ત લડત આપીને ભારે રસાકસી વચ્ચે એને જીતવા નહોતી દીધી. ભારત અને ચીન વચ્ચેની પ્રથમ લીગ મૅચ ૨-૨થી બરાબરીમાં પૂરી થઈ હતી.

ચીનની મહિલા ટીમે ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતી લીધો હતો. વિમેન્સ હૉકીમાં ચીન ચોથા નંબરે અને ભારત નવમા સ્થાને છે. જોકે ભારતીય ટીમે એની સામેની રોમાંચક મૅચ ડ્રૉ કરાવીને એને પોતાની તાકાતનો પરચો કરાવી દીધો છે. જો છેલ્લાં ક્વૉર્ટરમાં ભારતને પેનલ્ટી કૉર્નર આપવામાં આવ્યો હોત તો ભારત જીતી ગયું હોત.ભારત વતી આઠમી મિનિટમાં નવનીતે અને ૨૬મી મિનિટમાં દીપિકાએ ગોલ કર્યો હતો. ચીન વતી ૧૪મી મિનિટમાં ઝાન્ગ યિન્ગે ગોલ કર્યો ત્યાર બાદ ૩૯મી મિનિટમાં મા નિન્ગે પેનલ્ટી કૉર્નરથી ગોલ કરીને સ્કોર લેવલ કર્યો હતો. ■

# વિદેશમાં સૌથી વધુ સિક્સર, ઋષભ પંતે ગિલક્રિસ્ટનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો

ગૉલઃ વિકેટકીપર-બૅટ્સમૅન રવિવારે અહીં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ફક્ત ૩૯ રન બનાવીને નવા ઑફ-સ્પિનર કેશારા નુવાન્થાને વિકેટ આપી દીધી હતી, પરંતુ એ પહેલાં પંતે શનિવારે એક વિશ્વ વિક્રમ પોતાના નામ કર્યો હતો એ ઘણાના ધ્યાન બહાર રહી ગયું હશે. તેણે ઑસ્ટ્રેલિયાના મહાન વિકેટકીપર ઍડમ ગિલક્રિસ્ટનો ૧૮ વર્ષ જૂનો વર્લ્ડ રેકાર્ડ તોડી નાખ્યો હતો.

શનિવારે શ્રીલંકા સામેની ટેસ્ટના પ્રથમ દિવસે ભારતે બે વિકેટે ૨૮૮ રન બનાવ્યા હતા. પંત ૨૭ રને નૉટઆઉટ રહ્યો હતો અને તેના એ ૨૭ રનમાં એક છગ્ગો સામેલ હતો. એ છગ્ગાએ તેને વિશ્વ વિક્રમ અપાવ્યો હતો. પંત હવે ટેસ્ટ-ક્રિકેટમાં વિદેશી ધરતી પર સૌથી વધુ છગ્ગા ફટકારનાર વિકેટકીપર બન્યો છે. વિદેશમાં તેના નામે હવે ટેસ્ટ-ક્રિકેટની ૫૭ સિક્સર છે. તેણે ગિલક્રિસ્ટ (૫૬ સિક્સર)ને પાછળ રાખી દીધો છે.

પંતના નામે ટેસ્ટ ફૉર્મેટમાં કુલ ૯૮ છગ્ગા છે અને બે છગ્ગા ફટકારશે એટલે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ સિક્સર મારનાર ભારતનો પ્રથમ અને વિશ્વનો ચોથો ખેલાડી બની જશે. ટેસ્ટ જગતમાં સૌથી વધુ ૧૩૮ સિક્સર બેન સ્ટૉક્સના નામે છે. ■

**ટેસ્ટમાં વિદેશી ધરતી પર સૌથી વધુ સિક્સર કયા વિકેટકીપરની?**

ઋષભ પંતઃ ૫૭ છગ્ગા
ઍડમ ગિલક્રિસ્ટઃ ૫૬ છગ્ગા
એમએસ ધોનીઃ ૩૭ છગ્ગા
ક્વિન્ટન ડિકૉકઃ ૧૮ છગ્ગા
રૉડની માર્શઃ ૧૬ છગ્ગા

# બાંગ્લાદેશે રચ્યો ઈતિહાસ, નંબર-વન ઑસ્ટ્રેલિયાને પહેલી વખત એની ધરતી પર હરાવ્યું

ડાર્વિનઃ બાંગ્લાદેશે પોતાના ટેસ્ટ ઇતિહાસમાં નવી સિદ્ધિ મેળવી છે. એણે સૌથી મોટી જીત હાંસલ કરી છે. ઑસ્ટ્રેલિયાની ધરતી પર બાંગ્લાદેશે પહેલી જ વખત ટેસ્ટ મૅચ જીતી છે. કાંગારુઓ સામે બાંગ્લાદેશની આ કુલ બીજી ટેસ્ટ-જીત છે.

ઑસ્ટ્રેલિયામાં બાંગ્લાદેશની ફરી છેક ૨૩ વર્ષે ટેસ્ટ રમાઈ જેમાં રવિવારે ચોથા જ દિવસે નજમુલ શૅન્ટોની ટીમે પૅટ કમિન્સની વર્લ્ડ નંબર-વન ટેસ્ટ ટીમને નવ વિકેટે હરાવી દીધી હતી. ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં સ્પિનર મેહદી મિરાઝની પાંચ અને પેસ બોલર હસન મહમૂદની ત્રણ વિકેટને કારણે ૨૮૪ રનમાં ઑલઆઉટ થઈ જતાં બાંગ્લાદેશને જીતવા માત્ર ૫૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે એક વિકેટ ગુમાવીને મેળવી લીધો હતો. કૅમેરન ગ્રીનની સેન્ચુરી (૧૦૪ રન) પાણીમાં ગઈ હતી.

હસન મહમૂદે આખી મૅચમાં નવ વિકેટ લીધી એ બદલ તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૧૯૮ રન બનાવ્યા બાદ બાંગ્લાદેશે તેન્ઝિદ હસનના ૧૦૧ રન, કૅપ્ટન નજમુલ શૅન્ટોના ૮૪ રન અને મેહદી મિરાઝના ૬૫ રનની મદદથી ૪૨૬ રન બનાવીને ૨૨૮ રનની સરસાઈ લીધી હતી. ■



# પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવના અહેવાલો અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર ઈક્વિટી માર્કેટની આગામી ચાલ નિર્ભર

મુંબઈઃ વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોની મોસમ લગભગ પૂરી થઈ ગઈ હોવાથી વર્તમાન સપ્તાહમાં ઈક્વિટી માર્કેટની વધઘટ મુખ્યત્વે દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝને સ્પર્શતા પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવના અહેવાલો અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર અવલંબિત રહેશે. જોકે, રોકાણકારોની નજર વિદેશી રોકાણકારોની લે-વેચ પર પણ મંડાયેલી રહે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સ્ટ્રેટ ઑફ હોર્મુઝને લગતાં અહેવાલો અને ક્રૂડતેલના ભાવની વધઘટ બજારનું મુખ્ય ચાલકબળ રહેશે. હવે પરિણામોની મોસમ પૂરી થવામાં હોવાથી રોકાણકારો વૈશ્વિક નાણાનીતિની અપેક્ષાઓ, ક્રૂડતેલના ભાવની વધઘટ અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય અહેવાલો પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા રેલિગેર બ્રોકિંગ લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ વ્યક્ત કરી હતી. વર્તમાન સપ્તાહે વૈશ્વિક સ્તરે ફેડરલ ઓપન માર્કેટ કમિટીની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે. તેમાં ખાસ કરીને ઊભરતાં અર્થતંત્રો પર અસર કરે તેવાં તંગ કે હળવી નાણાનીતિના સંકેત ફેડરલ રિઝર્વ આપે છે કે નહીં તેના પર રોકાણકારોની નજર રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. તે જ પ્રમાણે ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થ ટૅક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે રોકાણકારોની નજર અમેરિકા અને ઈરાનની સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગની મડાગાંઠનાં ઉકેલ અંગેનાં અહેવાલો પર તેમ જ આગામી ૧૯મી ઑગસ્ટનાં રોજ જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની ગત જુલાઈ મહિનાની નાણાનીતિની બેઠકની મિનિટ્સ પર સ્થિર રહેશે. વધુમાં રોકાણકારોની નજર વિદેશી સંસ્થાકીય રોકાણકારોનાં આંતર અને બાહ્યપ્રવાહ પર રહેશે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૦.૬૨ ટકા અથવા તો ૪૮૯.૯૨ પૉઈન્ટ ઘટીને અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૦.૮૩ ટકા અથવા તો ૨૦૪.૬૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. સતત બે સપ્તાહ દરમિયાન બૅન્ચમાર્ક સુધારા સાથે બંધ રહ્યા બાદ ગત સપ્તાહે ખાસ કરીને ભૂરાજકીય તણાવ વધવાની સાથે ક્રૂડતેલના ભાવ વધી આવવાને કારણે રોકાણકારોનું માનસ ખરડાયું હોવાનું પોન્મુડીએ ઉમેર્યું હતું. વધુમાં બજાજ બ્રોકિંગના રિસર્ચ વિભાગનાં ડેપ્યૂટી વાઈસ પ્રેસિડૅન્ટ પવિત્રો મુખરજીએ પણ જણાવ્યું હતું કે રોકાણકારોની નજર અમેરિકા-ઈરાનના ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવ પર મંડાયેલી રહેશે, જ્યારે જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વર્તમાન સપ્તાહે ભૂરાજકીય તણાવ, ક્રૂડતેલના ભાવ, ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ, ચીનનાં જાહેર થનારા આર્થિક ડેટાઓ અને વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર તમામ પરિબળોની સંભવિત અસરને ધ્યાનમાં લેતા ઈક્વિટી માર્કેટની વધઘટ જોવા મળે તેવી શક્યતા છે.



# ઑગસ્ટના પહેલા પખવાડિયામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ₹ ૧૬,૬૨૧ કરોડનો આંતરપ્રવાહ

નવી દિલ્હીઃ વર્તમાન ઑગસ્ટ મહિનાના પહેલા પખવાડિયામાં ખાસ કરીને ભારતીય કંપનીઓનાં વૅલ્યૂએશનમાં સુધારો, પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને અમેરિકી ફેડરલ રિઝર્વ હળવા વ્યાજદરની નીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ભારતીય ઈક્વિટી માર્કેટમાં લેવાલી રહી હતી અને પખવાડિયા દરમિયાન રૂ. ૧૬,૬૨૧ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે સતત ચાર મહિના સુધી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ ગત જુલાઈ મહિનામાં તેઓની રૂ. ૨૦,૨૦૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. ગત જુલાઈ મહિના પૂર્વે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ માર્ચ મહિનામાં રૂ. ૧.૧૭ લાખ કરોડની, એપ્રિલ મહિનામાં રૂ. ૬૦,૮૪૭ કરોડની, મે મહિનામાં રૂ. ૩૨,૯૬૩ કરોડની અને જૂન મહિનામાં રૂ. ૪૯,૩૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી. જોકે, તે પૂર્વે ફેબ્રુઆરી મહિનામાં તેઓનો રૂ. ૨૨,૬૧૫ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ રહ્યો હોવાનું સીડીએસએલએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

તાજેતરમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની લેવાલી જોવા મળી રહી હોવા છતાં વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં તેઓનો રૂ. ૨.૪ લાખ કરોડનો બાહ્યપ્રવાહ જોવા મળ્યો છે, જે આગલા સમગ્ર વર્ષ ૨૦૨૫નાં રૂ. ૧.૬૬ લાખ કરોડનાં બાહ્ય પ્રવાહની સરખામણીમાં વધુ છે. બજારનાં વિશ્લેષકોના જણાવ્યાનુસાર અન્ય બજારોની સરખામણીમાં ભારતીય ઈક્વિટીનાં આકર્ષક વૅલ્યૂએશન્સ, કોર્પોરેટ પરિણામોમાં સ્થિરતા, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો આશાવાદ, ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલી પીછેહઠ અને ડૉલર સામે રૂપિયામાં સ્થિરતા જોવા મળતાં વિદેશી રોકાણકારો પાછા ફર્યા છે.

સ્થાનિક કંપનીઓનાં વૅલ્યૂએશન્સમાં સુધારો, કોર્પોરેટ પરિણામોમાં સ્થિરતા, અમેરિકી વ્યાજદર હળવા રહેવાનો આશાવાદ, રૂપિયાની ચંચળતામાં ઘટાડો અને વિકેન્દ્રિત થયેલા કોરિયા-તાઈવાનના એઆઈ ટ્રેડરો જેવાં પરિબળોએ મુખ્ય ભાગ ભજવ્યો હોવાનું વેલ્લમ કેપિટલના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અને પોર્ટફોલિયો મેનેજર મનીષ ભંડારીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં વિશ્વભરનાં શહેરોમાં એઆઈ ચુંબકત્વ જેવું થઈ ગયું છે.

જોકે, ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ ટ્રેકના સહ સ્થાપક અને સીઈઓ વેદાંત ગુપ્તેએ જણાવ્યું હતું કે ઑગસ્ટ મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વસસ્ટરોનો આંતરપ્રવાહ દર્શાવે છે કે રોકાણકારો ભારત કરતાં વૈશ્વિક આર્થિક પરિબળોથી વધુ ચિંતિત છે. આ ઉપરાંત ફેડરલ રિઝર્વનાં રેટ કટનો આશાવાદ અને ક્રૂડતેલના ભાવઘટાડાએ વિદેશી રોકાણકારોના આંતરપ્રવાહને ટેકો આપ્યો છે. જોકે, તેમના મતે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ખરીદી વધુ પસંદગીયુક્ત બની છે અને તેઓ સ્થાનિક વપરાશી ક્ષેત્રો તરફ વધુ રસ દાખવી રહ્યા છે. ખાસ કરીને તેઓનું કન્ઝ્યુમર ડ્યૂરેબલ અને હૅલ્થકૅર જેવાં ક્ષેત્રોમાં આકર્ષણ વધ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ટોચની ૧૦ કંપનીઓ પૈકી પાંચ કંપનીઓનાં માર્કેટકેપમાં ₹ એક લાખ કરોડનું ધોવાણ, ટીસીએસ મોખરે

નવી દિલ્હીઃ ગત સપ્તાહે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં ટોચની ૧૦ કંપનીઓ પૈકી પાંચ કંપનીઓનાં માર્કેટકેપમાં રૂ. એક લાખ કરોડ સુધીનું ધોવાણ થયું હતું, જેમાં આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની ટીસીએસમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો.

ગત સપ્તાહે ક્રૂડતેલના ભાવમાં વધારો ભૂરાજકીય અનિશ્ચિતતામાં વધારો અને વૈશ્વિક બજારોમાં મિશ્ર વલણ રહેતાં બજાર પર નકારાત્મક અસર પડતાં સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૦.૬૨ ટકા અથવા તો ૪૮૯.૯૨ પૉઈન્ટ ઘટીને અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૦.૮૩ ટકા અથવા તો ૨૦૪.૬૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

ગત સપ્તાહે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)નાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં ઘટાડો થયો હતો, જ્યારે ભારતી એરટેલ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એલઆઈસી) અને હિન્દુસ્તાન યુનીલિવરનાં માર્કેટકેપમાં સંયુક્તપણે રૂ. ૫૫,૧૪૯ કરોડનો વધારો થયો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહે આઈટી ક્ષેત્રની ટોચની કંપની ટીસીએસનું માર્કેટકેપ સૌથી વધુ રૂ. ૩૪,૨૬૩.૨૮ કરોડના ધોવાણ સાથે રૂ. ૮,૫૩,૫૦૬.૮૫ કરોડની સપાટીએ રહ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટકેપ રૂ. ૩૧,૮૬૯.૧૩ કરોડ ઘટીને રૂ. ૧૭,૭૦,૦૫૬.૦૬ કરોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૨૫,૮૯૧.૮૮ કરોડ ઘટીને રૂ. ૯,૮૫,૮૨૯.૯૬ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૭૧૬૫.૩૭ કરોડ ઘટીને રૂ. ૧૧,૨૦,૮૦૨.૧૦ કરોડ અને આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૨૭૯૨.૬૫ કરોડ ઘટીને રૂ. ૧૦,૧૭,૫૭૭.૯૮ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, સપ્તાહ દરમિયાન એલઆઈસીનું માર્કેટકેપ રૂ. ૨૬,૪૩૮.૪૯ કરોડ ઘટીને રૂ. ૫,૨૩,૩૩૦.૩૧ કરોડ, ભારતી એરટેલનું માર્કેટકેપ રૂ. ૨૦,૫૯૨.૧૩ કરોડ વધીને રૂ. ૧૨,૪૩,૦૧૬.૧૧ કરોડ, બજાજ ફાઈનાન્સનું માર્કેટકેપ રૂ. ૩૫૪૮.૭૯ કરોડ વધીને રૂ. ૬,૭૭,૧૯૭.૩૪ કરોડ, લાર્સન ઍન્ડ ટૂબ્રોનું માર્કેટકેપ રૂ. ૨૪૯૦.૬૬ કરોડ વધીને રૂ. ૫,૫૮,૯૭૩.૧૧ કરોડ અને હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટકેપ રૂ. ૨૦૭૯.૩૮ કરોડની સપાટીએ રહ્યું હતું.

વૅલ્યૂએશન્સની દૃષ્ટિએ સપ્તાહના અંતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે ભારતી એરટેલ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો, એલઆઈસી અને હિન્દુસ્તાન યુનીલિવર રહ્યા હતા. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમેરિકા જવા રવાના, કેનેડાની પણ મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયા હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી.

મુખ્ય પ્રધાન અમેરિકા અને કેનેડાના રોકાણકારો અને ઉદ્યોગ મંડળો સાથે બેઠકો કરીને ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ વધારવા માટે પ્રયાસો કરશે.



મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન,ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્ય પ્રધાનના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્ય પ્રધાનના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ તેમની સાથે આ વિદેશ પ્રવાસમાં સાથે રહેવાનું છે.

મુખ્ય પ્રધાનના નેતૃત્વમાં ગુજરાત ડેલીગેશન અમેરિકામાં વોશિંગટન ડીસી, ન્યુયોર્ક, સાન ફ્રાન્સિસ્કો તેમજ કેનેડામાં ટોરેન્ટોમાં ત્યાંના વિવિધ ઉદ્યોગ રોકાણ કારો, ઇમરજીંગ ટેકનોલોજી સેકટર ના અગ્રણીઓ અને ગુજરાતી સમુદાયો સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ તેમજ વન ટૂ વન બેઠકો યોજીને ગુજરાતની વૈશ્વિક વિકાસ ગાથાની પ્રસ્તુતિ કરશે.

આગામી જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ માં જોડાવા માટેનું નિમંત્રણ પણ પાઠવશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૨માં બાદ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે અમેરિકાની મુલાકાત લેનારા તેઓ પહેલા મુખ્ય પ્રધાન છે. ■

# મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ સ્કૂલની ૧૦૦ મીટર આસપાસ જંકફૂડ પર પ્રતિબંધની માગણી

## શાળાની કેન્ટીનોનું સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા કે કોર્પોરેશનમાં રજિસ્ટ્રેશન ફરજિયાત હોવું જોઈએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા મહારાષ્ટ્ર અને ગુજરાતની સરકારે એકસાથે એનાલોગ પનીર પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. મહારાષ્ટ્રમાં સ્કૂલ આસપાસના ૫૦ મીટરની ત્રિજિયામાં જંકફૂડ અને પેકેડ્? રાજ્ય સરકારને પણ આ સંસ્થાએ જંકફૂડ શાળાના ૧૦૦ મીટર સુધી ના મળે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. શિક્ષણ સંસ્થાઓને આ માટે પરિપત્ર ફાળવવાની પણ માંગ કરવામાં આવી છે. બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે તો દેશના શાળાની તમામ કેન્ટીનોનું સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા કે કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન ફરજિયાત હોવું જોઈએ

ફૂડ પર પ્રતિબંધ મૂકાયો છે ત્યારે આ વાતનો હવાલો આપી, રાજ્ય શાળા સંચાલક મહામંડળે શિક્ષણ પ્રધાનને પત્ર લખી અપીલ કરી છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે બાળકો વધારે પડતા તેલ કે ખાંડવાળા નાસ્તા અને જંકફૂડને લીધે બીમાર પડી રહ્યા છે અને તેમના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થઈ રહ્યું છે.

સ્કૂલમાં સારો આહાર મળી રહે તે માટે મહામંડળ કટિબિદ્ધ હોવાનું તેઓ કહે છે મહામંડળનું કહેવાનું છે કે વિદ્યાર્થીઓ ૩ વર્ષની નાની ઉંમરે શાળામાં પ્રવેશે છે અને ૧૮ વર્ષની વય સુધીનો તેમનો સૌથી મહત્ત્વનો સમય અહીં વિતાવે છે, જ્યાંથી જ તેઓ આહાર અને જીવનશૈલીની કાયમી આદતો શિખે છે. આથી, શારીરિક નુકસાન પહોંચાડતા જંક ફૂડને બદલે કેન્ટીનોમાં પૌષ્ટિક આહાર મળવો જોઈએ. તેમણે શાળાની તમામ કેન્ટીનોનું સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા કે કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન ફરજિયાત હોવું જોઈએ અને તેનું સમયાંતરે ચેકિંગ પણ થવું જોઈએ, તેવી માગણી કરી હતી. ■

## બૉસનો ડીપી રાખી અકાઉન્ટન્ટ પાસેથી રૂ. 30 લાખ પડાવ્યા

# પાર્સલ મોકલ્યા બાદ ડિલિવરી બોયની પજવણીથી કંટાળી યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં પજવણીનો એક વિચિત્ર કેસ નોંધાયો હતો. જ્યારે પાલડીમાં પણ સાયબર ફ્રોડનો એક ગુનો બન્યો હતો.

મળતી વિગતો અનુસાર એક આઈટી એન્જિનિયર યુવતીએ જાણીતી મોબાઈલ એપના ડિલિવરી બોયની કથિત પજવણીની ફરિયાદ પોલીસે નોંધી હતી. ફરિયાદ અનુસાર યુવતીએ પોતાની બહેનપણીને એક પાર્સલ મોકલવા માટે એપ પર બુકિંગ કર્યું હતું અને ડિલિવરી બૉય આવીને પાર્સલ લઈ ગયો હતો અને પાર્સલ બહેનપણીને સમયસર મળી ગયું હતું. આ માટે યુવતીએ રૂ. ૭૭ ડિલિવરી બોયને ગૂગલ પે દ્વારા ચૂકવ્યા હતા. ડિલિવરી બૉયે પૈસા ન મળ્યા હોવાનું કહેતા યુવતીએ પેમેન્ટનો સ્ક્રિનશોટ તેને મોકલ્યો હતો, પરંતુ આરોપી માન્યો નહીં અને યુવતીના ઘરે પૈસા લેવા આવી ગયો હતો.

યુવતીએ આ અંગે એપના મેલ આઈડી પર પણ ફરિયાદ નોંધાવી હતી. આ બાદ યુવતીના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર અશ્લીલ મેસેજ મોકલ્યા હતા તેમ જ તેના નામે ખોટા જીમેલ આઈડી બનાવ્યા હતા. આ સાથે તેના પરિવારને અન્ય કંપનીના ઓટીપી આવ્યા કરતા હતા. યુવતીનાં ફોટાનો પણ ગેરઉપયોગ કર્યો હતો.

અંતે યુવતીએ અન્ય એક આઈડી બનાવી તેનો સંપર્ક કર્યો અને પૂછ્યું કે આવું શા માટે કરે છે અને તારે શું જોઈએ છે ત્યારે યુવકે રૂ. ૭૭,૦૦૦ રોકડા અને એક આઈફોનની માગણી કરી હોવાનું ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે. પોલીસે તપાસ આગળ વધારી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અન્ય એક સાયબર ફ્રોડની ઘટનામાં પાલડીમાં એક એકાઉન્ટન્ટને એક અજાણ્યા નંબરથી વૉટ્સ એપ મેસેજ આવ્યો હતો. નંબરના ડિસ્પ્લે પિક્ચર (ડીપી)માં બૉસનો ફોટો હતો.

આ સાથે પોતે મિટિંગમાં બિઝી હોવાથી ડિસ્ટર્બ ન કરતા રૂ. ૩૦ લાખ જે તે નંબર પર ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. અકાઉન્ટન્ટે રૂ. ૩૦ લાખ ટ્રાન્સફર કર્યા બાદ ફરી રૂ. ૨૦ લાખની માગણી કરવામાં આવી હતી. આથી અકાઉન્ટન્ટને શક જતા તેણે બૉસને ફોન કર્યો ત્યારે જાણમાં આવ્યું હતું કે ફ્રોડ થયો છે. તેમણે સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ફરી અમદાવાદ એરપોર્ટ પરથી સોનું મળ્યું, પ્રથમવાર અમદાવાદ આવેલું દંપતી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર શારજહાથી આવેલા કેરેલમના રહેવાસી કેરિયર દંપતી પાસેથી કસ્ટમ વિભાગએ રૂ. ૨૮.૮૭ લાખના સોનાના દાગીના અને રૂ. ૩.૫૦ લાખના મોબાઈલ ફોન, બે લેપટોપ, કોસ્મેટિક અને રેડીમેડ ગારમેન્ટ મળીને રૂ. ૩૨.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એરપોર્ટ કસ્ટમ્સના સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૬ ઓગસ્ટના રોજ વહેલી સવારે એર અરેબિયાની ફ્લાઈટ નંબર જી૯ ૪૧૮માં અબુધાબીથી અમદાવાદ આવેલા એક દંપતી ઉપર એરપોર્ટ કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનીટના અધિકારીઓને શંકા ગઈ હતી. તેમની પૂછપરછ કરવામાં આવતા પેસેન્જરોએ પોતાની પાસે કશું જ નહીં હોવાનુ જણાવ્યું હતું. ત્યારબાદ મહિલા પેસેન્જરના સામાનનું સ્ક્રિનિંગ કરાયું હતું. સાથે સાથે તેના પર્સનું સ્ક્રિનિંગ કરાતા તેમાંથી ૧૮ કેરેટના સોનાના દાગીના જેવા કે ચેન, પેન્ડલ, બુટ્ટી મળી આવ્યા હતા. એટલું જ નહીં મહિલાએ પહેરેલા કપડાની અંદર પણ દાગીના છુપાવ્યા હતા. મહિલાએ પર્સમાં પ્લાસ્ટિકથી વેક્યુમ પેકિંગ કરેલું હતું અને દાગીના પકડાઈ જશે પણ શરીરની અંદર છુપાવેલા દાગીના



પકડાશે નહીં તેવી ચાલાકી વાપરી હતી, પરંતુ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી મહિલાને પસાર કરવામાં આવતા શરીરની અંદર છુપાવેલા અન્ય દાગીના પણ મળી આવ્યા હતા. આમ ૧૨૮.૮૭ ગ્રામ સોનાના દાગીના મળી આવ્યા હતા, જેની માર્કેટ વેલ્યુ રૂ. ૨૮.૮૭ લાખ થતી હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે આ મહિલાનાં પતિના બેગેજની તપાસ કરવામાં આવતા તેમાંથી ફેસ બ્લીચ ક્રીમ મોટી માત્રામાં તેમજ કોલ્ડ રીલીફ ઓઇલ અને રેડીમેડ ગારમેન્ટ ઉપરાંત બે લેપટોપ અને એક મોબાઇલ ફોન મળીને કુલ રૂ. ૩.૫૦ લાખનો સામાન મળી આવ્યો હતો. આમ બંને કેરિયર દંપતી પાસેથી રૂ. ૩૨.૩૭ લાખના દાગીના અને કોસ્મેટીક અને ઇલેક્ટ્રોનિક સામાન કસ્ટમ વિભાગે જપ્ત કર્યો હતો. કસ્ટમ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે કેરેલમના કસારા ગુડના રહેવાસી બંને પેસેન્જર કેરિયર તરીકે કામ કરે છે અને પોતાનો બિઝનેસ કરવા માટે આ પ્રકારે દાણચોરી કરતા હોય છે. દેશના અન્ય એરપોર્ટ ઉપર પણ આ પ્રકારે દાણચોરી તેઓ કરે છે અને અમદાવાદ એરપોર્ટ પર પ્રથમ વખત આવ્યા હતા. અત્યાર સુધીમાં દુબઈ, મસ્કત, શાહજહા અને અબુધાબીની અસંખ્ય વાર તેઓ ટ્રીપ કરી ચૂક્યા છે, પરંતુ તેઓ દેશના બીજા એરપોર્ટ પરથી બહાર નીકળવામાં સફળ થઈ ગયા હતા. તેમની ટ્રાવેલ હિસ્ટ્રીના આધારે પેસેન્જર પ્રોફાઈલની તપાસ કરવામાં આવતા અવાર-નવાર વિદેશની મુલાકાત લીધા બાદ અમદાવાદ પ્રથમ વખત આવી રહ્યા હોવાથી કસ્ટમને શંકા ગઈ હતી. ■

# આઈપીએલ કે બીજી કોઈ ઈવેન્ટ વિના મેટ્રોમાં એક જ દિવસમાં બે લાખ મુસાફર આવ્યા

## રોજિંદી મુસાફરી માટે મેટ્રો પસંદ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ખૂબ જ વરસાદને કારણે વાહનચાલકો ફસાયા હતા અને ત્યારે મેટ્રો તેમની વ્હારે આવી હતી. અગાઉ મોટેરા સ્ટેડિયમાં ક્રિકેટ મેચ હોય ત્યારે મેટ્રોમાં મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હોય છે, પરંતુ આવા કોઈ જ કારણ વિના પોતાના રાજબરોજના કામ માટે જાહેર પરિવહન તરીકે મેટ્રોનો ઉપયોગ તાજેતરમાં બે લાખ મુસાફરોએ કર્યો હતો. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) એ જણાવ્યું હતું કે ચાલુ મહિના દરમિયાન દૈનિક મુસાફરોની મુસાફરી વધીને લગભગ ૨ લાખ થઈ ગઈ છે.

જીએમઆરસી દ્વારા શેર કરાયેલા મુસાફરોના ડેટા અનુસાર, અમદાવાદ મેટ્રોમાં ૭ ઓગસ્ટના રોજ ૨,૦૦,૪૩૬ મુસાફરોએ મુસાફરી કરી હતી, જે ડેટા દ્વારા આવરી લેવામાં આવેલા સમયગાળામાં પ્રથમ વખત બે લાખનો આંકડો પાર કરી ગયો હતો. ૧૦ ઓગસ્ટના રોજ મુસાફરોની સંખ્યા ૨,૦૩,૨૧૫ સુધી પહોંચી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ પહેલા ૩ ઓગસ્ટના રોજ ૧,૯૯,૭૮૯, ૪ ઓગસ્ટના રોજ ૧,૯૮,૧૩૧, ૫ ઓગસ્ટના રોજ ૧,૯૬,૫૬૧ અને ૬ ઓગસ્ટના રોજ ૧,૯૯,૩૩૯ મુસાફરોએ મુસાફરી કરી હતી. આ આંકડાઓ કોઈ મોટી ઘટનાને કારણે કામચલાઉ વધારો નહીં પણ નિયમિત મેટ્રોના ઉપયોગમાં સતત વધારો દર્શાવે છે. જીએમઆરસીના જણાવ્યા અનુસાર આ સંખ્યા આઈપીએલ અથવા વર્લ્ડ કપ મેચ અથવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે-શૈલીના સંગીત સમારોહ જેવી મેગા ઇવેન્ટ્સ વિના મળી છે.

જુલાઈ મહિનામાં, અમદાવાદ મેટ્રોમાં પણ બે લાખ મુસાફરોની મુસાફરી નોંધાઈ હતી, જેમાં ૨૩ જુલાઈએ ૧,૯૫,૫૨૨, ૨૮ જુલાઈએ ૧,૯૫,૨૧૦, ૨૯ જુલાઈએ ૧,૯૮,૧૬૨ અને ૩૦ જુલાઈએ ૧,૯૪,૯૦૪ મુસાફરોનો સમાવેશ થાય છે. જીએમઆરસીએ મુસાફરોનો તેમના રોજિંદા મુસાફરી માટે મેટ્રો પસંદ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે મુસાફરોનો વધતો વિશ્વાસ અને સતત સહકાર અમદાવાદ મેટ્રો સેવાઓને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. ■

## વિકએન્ડ હોલી ડે ફેરવાયો કરુણાંતિકામાં

# આણંદના રિસોર્ટમાં સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી ટ્વીન્સનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના તાંદલજામાં રહેતા સિદ્દિકી પરિવાર માટે શનિ-રવિની રજા જીવનભરની ગોઝારી યાદોમાં ફેરવાઈ ગઈ હતી. અહીં ઉમેટા ખાતે આવેલા જાણીતા રિસોર્ટમાં પરિવારના છ સભ્ય વિકએન્ડ હોલી ડે એન્જોય કરવા આવ્યા હતા, પરંતુ સાતેક વર્ષીય બે જોડીયા ભાઈના સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી મોત થતા પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો હતો.

ઘટનાની મળતી વિગતો અનુસાર માતા-પિતા અને ચાર ભાઈ-બહેન એમ છ જણનો પરિવાર રિસોર્ટમાં શનિ-રવિની રજાઓ માણવા આવ્યો હતો. શનિવારે તો સાથે તેમણે ઘણો સારો સમય પસાર કર્યો હતો. રવિવારે પરિવાર બ્રેકફાસ્ટ કરી રહ્યો હતો ત્યારે બે ભાઈ હમજા અને નોમાન નજીકમાં જ રમતા હતા. બ્રેકફાસ્ટ પૂરો કરી પરિવારે જોયું તો બન્ને દેખાયા નહીં એટલે તેમણે શોધવાનું શરૂ કર્યું ત્યારે તેમની નજર સ્વિમિંગપુલમાં ઉપરથી દેખાતા કપડા પર ગઈ હતી. પરિવારે જ બન્ને બાળકોને સ્વમિંગ પુલમાંથી બહાર કઢ્યા હતા અને પહેલા સ્થાનિક હૉસ્પિટલ અને પછી આંકલાવ ખાતે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા.

પરિવારે રિસોર્ટના સ્ટાફ સામે ફરિયાદો કરી હતી. તેમના જણાવ્યા અનુસાર બાળકો જ્યારે સ્વિમિંગપુલમાં દેખાયા ત્યારે તેમના બોલાવવા છતાં સ્ટાફ મદદે આવ્યો ન હતો. આ સાથે સ્વિમિંગપુલ પાસે જે સિક્યોરિટીની વ્યવસ્થા હોવી જોઈએ તે ન હતી અને પાણી પણ સાફ ન હતી.

આ મામલે આંકલાવ પોલીસે તપાસ હાથ ધરી હતી અને રિસોર્ટ ખાતે જઈ પૂછપરછ કરી હતી.

બન્ને ભાઈનો ૨૭મી ઓગસ્ટે જન્મદિવસ હતો ત્યારે એકસાથે બે સંતાન ગુમાવતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ■

# વડોદરામાં બે સગા ભાઈબહેન સહિત ત્રણ જણનાં કરંટ લાગવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં વીજ કરંટને લીધે ત્રણ જણના જીવ ગયા હતા. એક કિશોર અને બે યુવાનવયના લોકોના અકાળે મોત સ્થાનિક સ્તરે થતાં યુટિલિટી સંબંધિત કામકાજો અને લોકોની સુરક્ષા સામે સવાલો ઊભા કરી રહ્યા છે.

બે અલગ અલગ ઘટનામાં એક ઘટનામાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ગામે રેલપુરા વિસ્તારમાં રક્ષાબંધન પર્વ પહેલાં જ ઘરના યુવાન દીકરા-દીકરીએ જવી ગુમાવ્યો હતો. ઘરની પાછળ આવેલ મંદિરે દર્શન કરવા જઈ રહેલા જયદીપ પઢિયારને અચાનક વીજળીનો વાયર અડી જતાં જોરદાર કરંટ લાગ્યો હતો. આ દરમિયાન તડપતા ભાઈને બચાવવા માટે દોડેલી તેની બહેન મિત્તલ પઢિયાર પણ તુરંત વીજ પ્રવાહની ઝપેટમાં આવી ગઈ હતી. આ બંને ભાઈ-બહેનના મોત થવાથી પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

બીજી ઘટનામાં ફતેગંજ વિસ્તારમાં આવેલી સ્કૂલના મેદાનમાં ૧૫ વર્ષીય વિદ્યાર્થી ફૂટબોલ રમી રહ્યો હતો. રમતી વખતે તે મેદાનમાં આવેલા લાઈટના થાંભલામાં સંપર્કમાં આવતા કરંટ લાગ્યો અને તે જમીન પર પછડાયો હતો. હાજર લોકો તેને તાત્કાલિક એસએસજી હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. શાળા પરિસરમાં સુરક્ષાના અભાવ સામે વાલીઓ અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ■

# આજે ભારતીય મજદૂર સંઘ શ્રમિકોની માગણીઓ માટે ભરૂચમાં ધરણાં કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ દેશના સૌથી મોટા ટ્રેડ યુનિયન ભારતીય મજદૂર સંઘની કેન્દ્રીય કાર્યકારિણી સમિતિએ શ્રમિકો, કર્મચારીઓ, પેન્શનરો અને અસંગઠિત ક્ષેત્રના કામદારોની લાંબા સમયથી પડતર માંગણીઓને મુદ્દે રાષ્ટ્રવ્યાપી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. જેના અનુસંધાને રવિવારે ભારતીય મજદૂર સંઘ (બીએમએસ) દ્વારા અંકલેશ્વરમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણાં અને રેલી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ આંદોલનમાં કુલ ૧૨ મુખ્ય માંગણી અને મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

બેઠક બાદ સંઘના નેતાઓએ જણાવ્યું હતું કે, સરકારને વારંવાર રજૂઆતો કરવા છતાં શ્રમિકોના હિતમાં નિર્ણયો લેવાયા નથી. શ્રમિકોના અધિકારોનું રક્ષણ અને રાષ્ટ્ર નિર્માણમાં કામદારોની ભાગીદારી સુનિશ્ચિત કરવા જિલ્લામાં પણ શ્રમિકો રસ્તા પર ઉતરશે. આ વિરોધ પ્રદર્શનમાં વિવિધ સેક્ટરના એસોસિએશનો, ટ્રાન્સપોર્ટ યુનિયનો, બેંક સંગઠનો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો ભાગ લઈ આંદોલનને તેમનું સમર્થન જાહેર કરશે. ■

# સુરતમાં એમ્બ્રોડરીના કામદારોએ અઠવાડિયામાં એક રજા માટે ધરણાં કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના અમરોલી વિસ્તારમાં ટેકસટાઈલ્સ સેકટરમાં એમ્બ્રોડરીનું કામ કરતા લગભગ ૫૦૦ કામદારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમને અઠવાડિયામાં એક પણ રજા ન મળતી હોવાથી એક રજા માટે તેમણે આ પ્રદર્શન કર્યું હતું. જોકે આ પ્રદર્શનને પોલીસે વિખેર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર કોઈ પથ્થરમારો કે અન્ય હિંસક ઘટના બની ન હતી. એકાદ બે જણને સામાન્ય ઈજા થઈ હતી. મોટાભાગે અમરોલી અને તેની આસપાસના ભરતકામ એકમોમાં કાર્યરત કામદારો ચોકડી પર એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કરીને માંગ કરી હતી કે તેમને ઓછામાં ઓછી એક સાપ્તાહિક રજા આપવામાં આવે, તેમ ડીસીપી એલ.એ.ઝાલાએ જણાવ્યું હતું. અહીં ચોકડી તરીકે જાણીતા વિસ્તારમાં મજૂરો મોટેભાગે ચા અને નાસ્તા માટે એકઠા થતા હોય છે.

વધુ તણાવ ટાળવા માટે, સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પૂરતા પ્રમાણમાં પોલીસ કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા, અને પરિસ્થિતિ સમજાવ્યા પછી ભીડને વિખેરવામાં આવી હતી. ટીયર ગેસનો ઉપયોગ કરવાની કે લાઠીચાર્જ કરવાની કોઈ જરૂર નહોતી, તેમ ઝાલાએ પત્રકારોને જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે પરિસ્થિતિ હવે સંપૂર્ણપણે સામાન્ય છે. અમે શ્રમ વિભાગને ઘટના વિશે જાણ કરી છે જેથી લાગુ નિયમો અને નીતિ અનુસાર કામદારોની માંગણીઓનો ઉકેલ લાવી શકાય, તેમ ડીસીપીએ જણાવ્યું હતું. આનંદ પાલ નામના એક કામદારે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે (એમ્બ્રોડરી) ભરતકામ એકમોના કર્મચારીઓને આખો અઠવાડિયું કામ કરવા છતાં એક પણ રજા આપવામાં આવી રહી નથી.આ વિસ્તારના બધા કામદારો હડતાળ પર ઉતર્યા છે અને ઓછામાં ઓછી એક રજા તેમને મળે તે માગણી કરી રહ્યા છે. આ કામદારો માટે અઠવાડિયામાં એક રજા હોવી જોઈએ. અમારી માંગણી વાજબી છે, તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે ફક્ત અમરોલી વિસ્તારમાં જ લગભગ ૨,૦૦૦ ભરતકામ એકમોમાં હજારો કામદારો કામ કરે છે. સુરતના ગ્રામીણ અને આસપાસના વિસ્તારોમાં ભરતકામ ક્ષેત્રના કામદારો દ્વારા રવિવારની રજાની માંગણી વચ્ચે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ■

# રાણીપ પોલીસ ચોકી નજીક ૩૭ વર્ષીય યુવકની હત્યા, લોકોના ટોળાએ ૧૫થી વધુ ઘા ઝીંક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાયદાનો કોઈ ડર ના હોય તેમ ક્રાઇમની ઘટનાઓ વધી રહી છે. શનિવારે મોડી રાત્રે રાણીપ પોલીસ ચોકી નજીક ૩૭ વર્ષીય અજય સાલ્વી નામના યુવકની હત્યા થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું હતુ. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે કોઈ જૂની અદાવતે આઠથી ૧૦ લોકોના ટોળાએ એક યુવક પર હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને ૧૫ થી વધુ ઘા વાગ્યાં હોવાથી તેનું મોત થઈ ગયું છે.

ચોંકાવનારી વાત એ છે કે, હત્યાની આ ઘટના રાણીપ પોલીસ ચોકીથી માત્ર થોડી જ દુર જાહેરમાં થઈ હતી. જેથી પોલીસની કામગીરી પર પણ સવાલ થઈ રહ્યો છે. આ મામલે જાણ થતાં પોલીસ કમિશનરે સત્વરે દરેક અધિકારીઓને હાજર રહેવાનું કહીને તપાસ શરૂ કરવા માટે આદેશ આપ્યો હતો. પોલીસ સ્ટેશન પાસેનો જ વિસ્તાર જો સુરક્ષિત ના હોય તો લોકોમાં ભયનો માહોલ સર્જાય તે સ્વાભાવિક છે.

પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે અજય સાલ્વીની હત્યા વિશાલ ચૌહાણ અને તેના સાગરીતો દ્વારા કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ લોકોએ તલવાર અને ધારિયા વડે અજય સાલ્વી પર હુમલો કર્યો હતો.

આવા હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હોવાથી અજય સાલ્વી ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હોવાથી તેને સારવાર માટે સત્વરે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન જ તેનું મોત થઈ ગયું હતું. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કરી દીધા છે. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે આ હત્યા કોઈ જૂની અદાવતમાં કરવામાં આવી હોવાની આશંકા છે.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે મૃતક અને આરોપીઓ વચ્ચે કોઈ જૂની બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. પોલીસ તપાસ પ્રમાણે મદ્રાસી સમાજના લોકો અને આરોપીઓ વચ્ચે ઝઘડો થયો હતો. આ વિવાદ પછી મૃતકે મદ્રાસી સમાજનો પક્ષ લીધો હતો. એટલું જ નહીં પરંતુ આરોપીઓનો વિરોધ પણ કર્યો હતો.

આ અદાવતે હત્યા કરવામાં આવી હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલ પોલીસે વિશાલ અને તેના સાગરીતોની શોધ શરૂ કરી દીધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘે પડતર પ્રશ્નો મુદ્દે આંદોલનનું એલાન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજ્યભરની આંગણવાડી બહેનોના પડતર પ્રશ્નો અને શોષણ સામે અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. અમદાવાદના અડાલજ ખાતે ત્રિમૂર્તિ મંદિર ખાતે દાદા ભગવાન ટાઉનશિપના ડોરમેટ્રી હોલમાં અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના પ્રમુખ કિરણ કવિ અને મહામંત્રી સીતાબેન ચૌહાણની આગેવાનીમાં અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘની રાજ્ય લેવલની કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં છેલ્લા ચાર વર્ષથી બાકી વેતન વધારા, બિનજરૂરી કામના ભારણ તેમજ આંગણવાડી કાર્યકર અને તેડાગરોના થઈ રહેલા શોષણ સામે હક્કોના રક્ષણ માટે ઉગ્ર લડતની રણનીતિ ઘડવામાં આવી હતી. આંગણવાડી બહેનોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, સરકાર સમક્ષ વારંવાર માંગણીઓ કરવા છતાં કોઈ પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં આવી નથી. વળી ગુજરાત હાઈકોર્ટના હુકમનો સમયમર્યાદામાં અમલ કરવાને બદલે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલે છે, તેવા બહાના આગળ ધરીને વેતન વધારા પર પાણી ફેરવી દેવામાં આવ્યું છે. વહીવટી તંત્રની આળસ અને ઉદાસીનતાના કારણે અનુભવી અને લાયકાત ધરાવતી કાર્યકરો તથા તેડાગરોની નિમણુકમાં મોડું કરવામાં આવી રહ્યું છે. છ-છ મહિના સુધી બિલની રકમ ચૂકવવામાં આવતી નથી અને સામે મેનુ પ્રમાણે નાસ્તો ન હોવાની નોટિસો ફટકારવામાં આવે છે. સાથે જ આંગણવાડી કર્મચારી સંઘે સરકારને ગર્ભિત ચિમકી આપી હતી કે, જો સરકાર દ્વારા પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવવામાં આવે તો આગામી સમયમાં આંગણવાડી કેન્દ્રોને તાળાબંધી કરવામાં આવશે. ■